અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 27 જુલાઈ 2026 સોમવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -14 | અંક : 28 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3

હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઈલ ટેન્કર દરિયાઈ માઈન સાથે અથડાયું: જહાજમાં આગ લાગી, યુદ્ધ શરૂ થયા પછી આવો.....

4

અવિચારી, અનિયંત્રિત વિકાસ અધોગતિ તરફ લઈ જઈ રહ્યો છે

6

હવે પંજાબના શિક્ષણ મંત્રી ક્યારે રાજીનામું આપશે? CJP નેતાઓને અભિનેત્રી શ્વેતા તિવારીનો સવાલ

7

IDFC ફર્સ્ટ બેંકનો નફો 132% વધીને ₹1,075 કરોડ: પ્રથમ ક્વાર્ટરમાં નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ 21% વધી.....


### વૈભવના તોફાન બાદ મયંકની રફ્તારનો કહેર

# ત્રીજી ટી20 મેચમાં ભારતની 35 રને જીત, ઝિમ્બાબ્વેનો વ્હાઈટ વોશ

## ટીમ ઈન્ડિયાએ 192 રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 157 રન જ બનાવી શકી હતી

**હરારે, તા.26**

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે હરારેમાં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી૨૦ મેચમાં ભારતે ૩૫ રને જીત મેળવી સીરિઝમાં ઝિમ્બાબ્વેનો વ્હાઈટ વોશ કર્યો છે. ભારતીય ટીમ બે મોટા ફેરફાર સાથે મેદાને ઉતરી હતી. સૂર્યાંશ શેગડે અને અશોક શર્માને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું હતું. ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટના નુકસાને ૧૯૨ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૧૫૭ રન જ બનાવી શકી હતી.



ત્રીજી ટી૨૦ મેચમાં ભારત માટે વૈભવ સૂર્યવંશી અને મયંક યાદવ જીતનો હીરો સાબિત થયા હતા. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્માએ શાનદાર શરૂઆત કરી હતી. પરંતુ દર વખતની જેમ અભિષેક શર્માનું બેટ ચાલ્યું નહીં અને માત્ર ૨ રન બનાવીને આઉટ થઈ ગયો. પરંતુ વૈભવ સૂર્યવંશીએ એક છેડો સંભાળી બેટિંગ ચાલું રાખી. તેણે ૪૯ બોલનો સામનો કરી ૮૧ રન બનાવ્યાં હતા. જેમાં ૮ ચોગ્ગા અને ૪ છગ્ગાનો સામેલ હતા. વૈભવની સાથે ઈશાન કિશને પણ સારી પાર્ટનરશીપ કરી પરંતુ તે પોતાની ઈનિંગ લંબાવી શક્યો નહીં.ઈશાન કિશને ૪ ચોગ્ગાની મદદથી ૨૬ બોલમાં ૨૯ રન બનાવ્યાં હતા, પરંતુ તેને ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાએ બોલ્ડ કરી પેવેલિયન મોકલ્યો હતો. ત્યાર બાદ શ્રેયસ અય્યરે ૧૮ બોલમાં ૨૭ રનની ઝડપી ઈનિંગ રમી. રિંકુ સિંહે ૨૫ રનનું મહત્વનું યોગદાન આપ્યું. તિલક વર્મા ૧૧ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. આમ વૈભવના ૮૧ રનના દમ પર ભારતીય ટીમે ઝિમ્બામ્બેને ૧૯૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો.

૧૯૩ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમની શરૂઆત ખરાબ રહી. ભારતીય ઝડપી બોલર મયંક યાદવે મેચના પહેલા જ બોલ પર બ્રાયન બેનેટને પેવેલિયનનો રસ્તો બતાવી દીધો. ઓફ-સ્ટમ્પની બહાર બાઉન્સર શોર્ટ લેથના બોલને બેનેટ બેકફૂટ પર જઈને ડિફેન્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ બોલ બેટનો બહારનો કિનારો લઈને ઝડપથી ફર્સ્ટ સ્લિપ તરફ ગયો. ત્યાં ઉભેલા વૈભવ સૂર્યવંશીએ ચિત્તા જેવી ચપળતા બતાવતા શાનદાર કેચ ઝપટ્યો. બેનેટ ખાતું પણ ખોલી શક્યા નહોતા.

ઝિમ્બાબ્વે હજુ આ શરૂઆતના ઝટકામાંથી બહાર આવ્યું પણ નહોતું કે ઝડપી બોલર યશ ઠાકુરે એક જ ઓવરમાં મેચનો રંગ બદલી નાખ્યો. ક્રીઝ પર ટકી રહેવાનો પ્રયાસ કરી રહેલા ડિઓન મેયર્સને આઉટ કરીને યશે ભારતને બીજી સફળતા અપાવી. મેયર્સે ૧૫ બોલમાં ૧ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૧૯ રન બનાવ્યા હતા. ત્યારબાદની જ બોલ પર યશ ઠાકુરે ઝિમ્બાબ્વેના સ્ટાર ઓલરાઉન્ડર અને કેપ્ટન સિકંદર રઝાને ખાતું ખોલાવ્યા વગર જ પેવેલિયન મોકલી દીધા.

રવિ બિશ્નોઈએ બેન કરનને ૨૦ રન પર આઉટ કરીને ભારતને ચોથી સફળતા અપાવી. ત્યારબાદ મયંક યાદવે ઝડપી રન બનાવી રહેલા વેસ્લી માધેવેરેને ૨૮ રન પર આઉટ કર્યો. માધેવેરે અને રાયન બર્લ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૬૦ રનની મહત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી. આ ભાગીદારી તૂટ્યા બાદ તરત જ અશોક શર્માએ તાદિવાનાશે મારુમાનીને માત્ર ૧ રન પર આઉટ કરીને ઝિમ્બાબ્વેને છઠ્ઠો ઝટકો આપ્યો.

# 12 વર્ષમાં 116 પેપર લીક, 7.5 કરોડ બાળકો પ્રભાવિત

## 19 રાજ્યોમાં પેપર માફિયા, શિક્ષક-પોલીસ ભરતીઓ નિશાના પર, નીટથી વર્ષોનો ગુસ્સો ફાટ્યો

**નવી દિલ્હી, તા.26**

દેશમાં પેપર લીક હવે કોઈ એક પરીક્ષા કે રાજ્યની સમસ્યા રહી નથી. તે સમગ્ર દેશમાં ફેલાયેલા એક મોટા સંગઠિત નેટવર્કનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. 2014થી જુલાઈ 2026 સુધી મીડિયા રિપોર્ટ્સ અને સરકારી કાર્યવાહીના આધારે ઓછામાં ઓછા 116 પેપર લીકના કેસ સામે આવ્યા છે.



આ કેસોથી લગભગ 7.5 કરોડ ઉમેદવારો પ્રભાવિત થયા અને પેપર માફિયાનું નેટવર્ક 19 રાજ્યો સુધી ફેલાયેલું જોવા મળ્યું. 2014થી 2024ની વચ્ચે 89 કેસ સામે આવ્યા હતા.

તેમાંથી 21 કેન્દ્રીય સંસ્થાઓ અને 68 રાજ્ય સ્તરીય પરીક્ષાઓ સાથે સંકળાયેલા હતા. ત્યારબાદ 2025માં 20 અને 2026માં જુલાઈ સુધી NEET-UG સહિત 7 પેપર લીકના કેસ નોંધવામાં આવ્યા.

દેશભરમાં જાન્યુઆરી 2019થી જૂન 2024 વચ્ચે 19 રાજ્યોમાં 65 પરીક્ષાઓના પ્રશ્નપત્રો લીક થયા. આમાં સરકારી ભરતીઓથી લઈને પ્રવેશ, બોર્ડ અને યુનિવર્સિટીઓની પરીક્ષાઓ સામેલ છે.

આ 65 કેસોમાં 45 સરકારી ભરતી પરીક્ષાઓ સાથે સંકળાયેલા હતા. પેપર લીકના કારણે ઓછામાં ઓછી 27 પરીક્ષાઓ રદ અથવા મુલતવી રાખવી પડી.

આનાથી ત્રણ લાખથી વધુ સરકારી પદો પર ભરતી અટકી ગઈ. સૌથી વધુ નિશાના પર શિક્ષક અને પોલીસ ભરતી પરીક્ષાઓ રહી.

ઉત્તર પ્રદેશ 11 કેસો સાથે સૌથી ઉપર રહ્યું. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં નવ-નવ, મહારાષ્ટ્રમાં છ અને ગુજરાતમાં પાંચ કેસ નોંધાયા.

કેન્દ્રની SSC, કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, UPSC, સેના, ONGC અને કૃષિ વૈજ્ઞાનિક ભરતી બોર્ડ જેવી આઠ ભરતી પરીક્ષાઓ રદ કરવી પડી.

આના કારણે ભરતીઓ બેથી આઠ મહિના સુધી લંબાઈ. 2025-26માં બોર્ડ, ભરતી, પાત્રતા, યુનિવર્સિટી અને મેડિકલ પ્રવેશ પરીક્ષાઓ સુધી પેપર લીક ચાલુ રહ્યા.

નીટ પેપર લીક થયા પછી વિદ્યાર્થીઓ અને યુવાનોમાં ભરાયેલો વર્ષોનો ગુસ્સો ફાટી નીકળ્યો. કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતૃત્વમાં તેના વિરુદ્ધ જંતર-મંતર પર આંદોલન શરૂ થયું. આમાં પેપર લીક થયા પછી 21 બાળકોના આપઘાત અને શિક્ષણ પ્રણાલીમાં વિક્ષેપોને લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગવામાં આવ્યું. 36 દિવસ સુધી ચાલેલા પ્રદર્શન પછી પ્રધાને 25 જુલાઈએ રાજીનામું આપી દીધું.

મિસ્બાહના પિતા શેખ ખલીલ કહે છે- શું શિક્ષણ મંત્રીના રાજીનામાથી મારી દીકરી પાછી આવી જશે? બીજા બાળકો આવું ભયાનક પગલું ન ભરે, તેની જવાબદારી કોણ લેશે? સિસ્ટમની ખામીઓ કેવી રીતે દૂર કરવી, તેના પર વિચાર થવો જોઈએ.

કહાનના પિતા પ્રશાંતે કહ્યું, મારો દીકરો હારીને ગયો નથી, તેને આ વ્યવસ્થાએ છીનવી લીધો. કોઈ બીજા પિતાને દીકરાનું સપનું આમ તૂટતા ન જોવું પડે.

ગુઢાગોડજી (ઝુનઝુનુ) રાજસ્થાનના ઝુનઝુનુ નિવાસી દિવંગત નીટ ઉમેદવાર પ્રદીપ મેઘવાલના માતા-પિતા રાજેશ મેઘવાલ અને સુશીલા દેવીએ શિક્ષણ મંત્રીના રાજીનામાનું સ્વાગત કર્યું.

પિતાએ કહ્યું કે જો આ નિર્ણયથી ભવિષ્યમાં કોઈ અન્ય વિદ્યાર્થીનો જીવ બચે છે, તો આ જ તેમના પુત્ર માટે સૌથી મોટી શ્રદ્ધાંજલિ હશે. માતા સુશીલા દેવીએ કહ્યું, હવે એવી વ્યવસ્થા બને કે કોઈ માતાને પોતાના પુત્રની તસવીર સામે રડવું ન પડે.

# સિદ્ધારમૈયાની જાહેરાત- 2028ની વિધાનસભા ચૂંટણી નહીં લડું: કહ્યું- રાજકારણ ભ્રષ્ટ થઈ ગયું છે

**કોલકાતા, તા.26**

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું છે કે તેઓ 2028ની વિધાનસભા ચૂંટણી નહીં લડે. જોકે, તેઓ રાજકારણમાં સક્રિય રહેશે અને જનતાના મુદ્દા ઉઠાવતા રહેશે. તેમણે શનિવારે મંડ્યા જિલ્લાના કે.આર. પેટમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું- રાજકારણ હવે સંપૂર્ણપણે ભ્રષ્ટ થઈ ગયું છે અને પ્રામાણિક રાજકારણ માટે કોઈ જગ્યા બચી નથી.

સિદ્ધારમૈયાએ કહ્યું- હું હવે 79 વર્ષનો થઈ ગયો છું. અમારી સરકારનો કાર્યકાળ હજુ લગભગ દોઢ વર્ષ બાકી છે. ત્યાં સુધીમાં મારી ઉંમર 81-82 વર્ષ થઈ જશે. મારું સ્વાસ્થ્ય પહેલા જેવું મજબૂત રહ્યું નથી. હવે પહેલાં જેવા ઉત્સાહ સાથે કામ કરવું શક્ય નથી. સિદ્ધારમૈયાનું આ નિવેદન તેમના



CM પદ છોડ્યાના બે મહિના પછી આવ્યું છે. સિદ્ધારમૈયાએ કોંગ્રેસ હાઈકમાન્ડના નિર્દેશ અને કથિત 'રોટેશનલ CM ફોર્મ્યુલા' (અઢી-અઢી વર્ષ માટે CM રહેવાના કરાર) હેઠળ 28 મેના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમના પછી ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. સિદ્ધારમૈયાએ સોશિયલ મીડિયા પોસ્ટ પર કહ્યું- વરુણા વિધાનસભા ક્ષેત્રના લોકો ફરી એકવાર મારા પર ચૂંટણી લડવા દબાણ કરી રહ્યા છે. પરંતુ મેં નિર્ણય લીધો છે કે હવે હું આગળ કોઈ ચૂંટણી નહીં લડું. પહેલાં જ્યારે હું ચૂંટણી લડતો હતો, ત્યારે વિસ્તારના લોકો અમને પૈસા આપતા હતા અને અમારી જીત સુનિશ્ચિત કરતા હતા. પરંતુ હવે એવું રહ્યું નથી. સિદ્ધારમૈયાએ કહ્યું- હવે એવો સમય આવી ગયો છે કે જો ચૂંટણી લડવી હોય તો નેતાઓએ જ લોકોને પૈસા આપવા પડે છે. આ જ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને મેં ભવિષ્યમાં કોઈ ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે. 2028 સુધીમાં હું 82 વર્ષનો થઈ જઈશ. તે સમયે મારા રાજકીય જીવનના 50 વર્ષ પૂરા થઈ જશે. પૂર્વ CM એ કહ્યું- મેં 1978 માં તાલુકા બોર્ડના સભ્ય તરીકે મારી રાજકીય યાત્રા શરૂ કરી હતી. મેં હાર અને જીત, બંને જોઈ છે. પરંતુ મને એ વાતનો સંતોષ છે કે મેં ક્યારેય મારા સિદ્ધાંતો વિરુદ્ધ કામ કર્યું નથી અને ન તો મારી અંતરાત્મા સાથે સમાધાન કર્યું છે.

# વિકસિત વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમના સહભાગીઓ સાથે PM મોદીનો સંવાદ

## ચીન સરહદને અડીને આવેલા 74 ગામો ફરીને પાછા ફરેલા 400 યુવાનોએ ઉત્તરાખંડ-હિમાચલ-લદ્દાખના અનુભવો જણાવ્યા

**નવી દિલ્હી, તા.26**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 26 જુલાઈએ સાંજે 4:30 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમ 2026ના સહભાગીઓ સાથે વાતચીત કરી. આ 400 યુવાનો ભારતનાં સરહદી વિસ્તારોમાં આવેલાં 74 ગામોની મુલાકાત લઈને પાછા ફર્યા છે.



આ ઈવેન્ટનો હેતુ સરહદી વિસ્તારોમાં આવેલાં ગામડાઓને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે, જેથી યુવાનોને ભારતની આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા વિસ્તારોનું સામાજિક, સાંસ્કૃતિક અને વ્યૂહાત્મક મહત્વ સમજાવી શકાય.

આ કાર્યક્રમ માય ભારત દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું હતું કે દેશના સરહદી વિસ્તારોમાં આવેલાં ગામડાઓ છેલ્લા નહીં, પરંતુ પ્રથમ ગામડાં છે.

આ વર્ષનું વિકસિત વાઈબ્રન્ટ વિલેજ ઈવેન્ટ 4 જૂનથી 30 જૂન સુધી બે તબક્કામાં યોજવામાં આવ્યું હતું. આ અંતર્ગત લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના 74 વાઈબ્રન્ટ બોર્ડર ગામોને સામેલ કરવામાં આવ્યા. દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 400થી વધુ યુવાનોની પસંદગી નેશનલ લેવલ પર ઓનલાઈન ક્વિઝ દ્વારા થઈ હતી. તેમાં ત્રણ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

PMએ કહ્યું- તમે અનુભવ કર્યો હશે કે સરહદી ગામડાઓનું જીવન કેટલું કઠિન હોય છે. છતાં તેઓ દેશભક્તિને જીવે છે. કેટલાક વર્ષો સુધી સરહદી ગામડાઓને અંતિમ ગામ કહીને તેમના હાલ પર છોડી દેવામાં આવ્યા હતા. ત્યાં મૂળભૂત સુવિધાઓ નહોતી. શક્ય છે કે તમે ત્યાંના લોકો પાસેથી અનેક વાર્તાઓ સાંભળી હશે. આવી પરિસ્થિતિમાં પણ સરહદી ગામડાઓના લોકોની દેશભક્તિ નબળી પડી નથી. અમારી સરકારે આ ગામડાઓને દેશના પ્રથમ ગામ માન્યા. તે ગામો જ્યાં સૂર્યની પહેલી કિરણ ભારતનું અભિવાદન કરે છે. જ્યાં છેલ્લી કિરણ ગુડ નાઈટ કહે છે. જ્યાંથી દુનિયા ભારતને પહેલીવાર જુએ છે.

વિકસિત ગામ વિકસિત ભારતનો પાયો છે. આ યાત્રા સતત ચાલી રહી છે. તેમાં તમારા યુવા સાથીઓની મોટી ભૂમિકા છે. જ્યારે દેશનો યુવાન જમીન સાથે જોડાય છે, ત્યારે વિકસિત ભારતના વિઝનને વધુ મોટું મન બનાવે છે. આ યુવાનોને દેશ માટે જીવવાની ભાવનાને વધુ મજબૂતી આપે છે.

યાદ કરો કે આ ગામોના ઘરો તમારા માટે કોઈ અલગ ગેસ્ટ હાઉસ નહોતા, હોટલ નહોતી. આખું ગામ એક પ્રકારે મહેમાનગતિ કરી રહ્યું હતું. તમારું ગામમાં રહેવું જ તમારી આ મુલાકાત એક પ્રકારે સંસ્કૃતિની પાઠશાળા બની ગઈ.

જે અનુભવ લીધો તે કોઈ ક્લાસરૂમમાં નહીં મળે, જે તમે અનુભવ કર્યો તેને અન્ય યુવાનો સાથે શેર કરો. વધુને વધુ યુવાનો સરહદી ગામોમાં જાય.જેટલા લોકો જશે તે દેશને જોશે, દેશને સમજશે. લોકોના ગામોમાં જવાથી ત્યાં સુવિધાઓ પણ ઝડપથી પહોંચશે.

મોદીએ યુવાનોને અપીલ કરતા કહ્યું- તમે બધા ઓછામાં ઓછા 100 યુવાનોને તમારા અનુભવો શેર કરો. કોઈ તસવીર કે વીડિયો લીધો હોય તો તેને સોશિયલ મીડિયા પર શેર કરો. ત્યાં કોઈ સ્થાનિક ઉત્પાદન જોયું હોય તો તેને પોતાના વિસ્તારમાં કેવી રીતે પ્રચાર કરવો, તેનો પ્રયાસ કરો.




# રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે 50 કલાક બાદ શરૂ

## નવી સિસ્ટમ સક્રિય થતાં 30 જુલાઈથી ફરી વરસાદ ભુક્કા બોલાવશે, અમીરગઢમાં દોઢ ઈંચ વરસાદ, બે દિવસ યલો એલર્ટ

**અમદાવાદ, તા.26**

રવિવારે રાજ્યના 64 તાલુકામાં સૌથી વધુ અમીરગઢ-કપરાડામાં દોઢ-દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. સવારે 6 વાગ્યા સુધીમાં રાજ્યમાં સિઝનનો કુલ સરેરાશ 53.67% (19.21 ઈંચ) વરસાદ નોંધાઈ ચૂક્યો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 32 જિલ્લાના 204 તાલુકામાં સરેરાશ 14.96 મિમી (0.59 ઈંચ) વરસાદ પડ્યો છે. સૌથી વધુ વલસાડના કપરાડામાં 5.51 ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ, ભારે પૂરને કારણે બંધ કરવામાં આવેલો રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે શરૂ શરૂ થઈ ગયો છે. નોંધનીય છે કે, 24 જુલાઈના બપોરના 1.30 વાગ્યે બાવળા પાસે પૂરના કારણે હાઈવે બંધ કરી ધોળકા એક્સપ્રેસ-વે પર વાહનવ્યવહાર ડાઈવર્ટ કરાયો હતો. 50 કલાક બાદ આજે ફરી નેશનલ હાઈવે પુનઃ કાર્યરત કરી દેવાયો છે. સિઝનમાં ઝોન વાઈઝ રાજ્યમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં 77.42% નોંધાયો છે. પૂર્વ-મધ્ય ગુજરાતમાં 45.22%, સૌરાષ્ટ્રમાં 43.50%, ઉત્તર ગુજરાતમાં 39.53% અને કચ્છમાં સૌથી ઓછો 18.89% વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી (26 જુલાઈ) સીઝનનો કુલ વરસાદ સામાન્ય કરતાં 12 ટકા વધુ નોંધાયો છે, જ્યારે અમદાવાદમાં સામાન્ય કરતાં 45 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાં જોરદાર વરસાદના રાઉન્ડની હવામાન વિભાગે આગાહી કરી છે. બંગાળની ખાડીમાં સર્જાનારી નવી સિસ્ટમના કારણે 30 જુલાઈથી 1 ઓગસ્ટ વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે. આજે અને આવતી કાલે ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. નર્મદા નદીના ઉપરવાસમાં ભારે વરસાદ અને મધ્યપ્રદેશના પાવર હાઉસમાંથી થઈ રહેલી પાણીની આવકને કારણે સરદાર સરોવર ડેમની જળસપાટી ચાલુ ચોમાસામાં પ્રથમ વખત 128 મીટર વટાવી 128.38 મીટરે પહોંચી છે. છેલ્લા 24 કલાકમાં જ સપાટીમાં 11 સેન્ટીમીટરનો વધારો થયો છે. હાલ ડેમમાં 50,263 ક્યુસેક પાણીની આવક સામે 2,404 ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ડેમમાં 6,550.81 મિલિયન ક્યુબિક મીટર (MCM) પાણી ઉપલબ્ધ થતાં કુલ સંગ્રહ ક્ષમતાનો 69.25% સ્ટોરેજ ભરાઈ ચૂક્યો છે.

આ સિવાય રાજ્યના અન્ય 206 જળાશયોમાં કુલ 45.17% પાણીનો સંગ્રહ થયો છે, જેમાંથી 14 ડેમ 100% પૂર્ણ ભરાઈ ચૂક્યા છે અને 25 ડેમ 70%થી 100% સુધી ભરાયા છે. સલામતીના ભાગરૂપે તંત્ર દ્વારા 21 ડેમ માટે હાઈ એલર્ટ, 4 ડેમ માટે એલર્ટ અને 14 ડેમ માટે વોર્નિંગ જારી કરવામાં આવી છે.

ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં કુલ 52,085 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે પૂર કે પાણીમાં ફસાયેલા 7,995 લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. હાલમાં રાહત કામગીરી માટે રાજ્યમાં NDRFની 17 ટીમો, SDRFની 33 પ્લાટૂન અને આર્મીની 5 ટીમો તૈનાત રાખવામાં આવી છે.

ભારે વરસાદના પરિણામે રાજ્યમાં વાહનવ્યવહારને પણ અસર પહોંચી છે, જેમાં કુલ 357 રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. આ બંધ માર્ગોમાં 22 સ્ટેટ હાઈવે, 2 નેશનલ હાઈવે (અમદાવાદ-1, સુરત-1), 35 અન્ય રાજ્ય માર્ગો અને 278 પંચાયત રોડનો સમાવેશ થાય છે. બીજી તરફ, GSRTCની કુલ 1,309 ટ્રીપો રદ કરવી પડી છે, જેનાથી એસ.ટી. નિગમને 36.09 લાખથી વધુની આવકનું નુકસાન થયું છે.



રાજ્યમાં અત્યાર સુધીમાં 50.83 લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થઈ ચૂક્યું છે, જે સામાન્ય વાવેતરના 59.59% છે. જેમાં મગફળી (86.05%), સોયાબીન (88.40%) અને કપાસ (78.71%) મુખ્ય પાક રહ્યા છે.

હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે, જ્યારે આવતીકાલે (27 જુલાઈ) વાવ-થરાદ અને પાટણ ઉપરાંત દક્ષિણ ગુજરાતના સુરત, છોટાઉદેપુર, નર્મદા સહિતના મોટા ભાગના જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર, રાજસ્થાનમાં લો પ્રેશર સિસ્ટમ બનતા ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયો હતો. જોકે, હવે આગામી અઠવાડિયામાં વધુ એક સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં વેલમાર્ક્ડ લો પ્રેશર બનવાની સંભાવના છે, જેના કારણે 30 જુલાઈ આસપાસ ગુજરાતમાં તેની અસર જોવા મળી શકે છે. આ નવી સિસ્ટમની અસર હેઠળ 30 જુલાઈના રોજ છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ, વલસાડ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે 31 જુલાઈ અને 1 ઓગસ્ટના રોજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આ સિસ્ટમની અસર દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરી છે.

આ તરફ, રાજ્યમાં અત્યાર સુધી સીઝનનો કુલ વરસાદ સામાન્ય કરતાં 12 ટકા વધુ નોંધાયો છે. જ્યારે અમદાવાદમાં સામાન્ય કરતાં 45 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદના કારણે પ્રભાવિત થયેલો રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે ફરી શરૂ થઈ ગયો છે. સાણથલ-બગોદરા હાઈવે હવે સંપૂર્ણપણે મોટરેબલ બની ગયો છે અને ત્યાં વાહનવ્યવહાર સામાન્ય રીતે શરૂ કરી દેવાયો છે. પોલીસ તંત્રે નાગરિકોને મુસાફરી દરમિયાન ગતિમર્યાદાનું પાલન કરવા તેમજ સ્થાનિક સૂચનાઓ અનુસરવા વિનંતી કરી છે. ઉપરાંત, કોઈપણ ઈમરજન્સી કે આપત્તિના સમયે '112' નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા 24+7 યુદ્ધના ધોરણે રસ્તાઓના પુનઃસ્થાપનની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લામાં અસરગ્રસ્ત 284 પૈકી 192 રસ્તાઓ વાહનવ્યવહાર માટે પુનઃ શરૂ કરાયા છે, જેનાથી 182 ગામોનું સંપર્ક જોડાણ પુનઃસ્થાપિત થયું છે. પરિસ્થિતિ થાળે પાડવા દક્ષિણ ગુજરાતમાં 145 અને સુરતમાં 107 ટીમો જેસીબી, ડમ્પર અને પેવર મશીનરી સાથે સતત કાર્યરત છે. ગાંધીનગર કંટ્રોલ રૂમ અને સ્થાનિક સ્તરે ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરીને સમગ્ર કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. રાજસ્થાનના પ્રખ્યાત પર્યટન સ્થળ માઉન્ટ આબુમાં ધીમીધારે પડી રહેલા વરસાદને કારણે મનોહર કુદરતી દૃશ્યો સર્જાયા છે.

હવામાન આહલાદક બનતાં જ ગુજરાત અને રાજસ્થાનમાંથી મોટી સંખ્યામાં પર્યટકો મજા માણવા માટે માઉન્ટ આબુ પહોંચી રહ્યા છે. હિલ સ્ટેશન અને અઢાર કિલોમીટરની ઊંચાઈ અને તેમાં પણ વરસાદી છાંટાઆવા મનમોહક વાતાવરણમાં સહેલાણીઓ પ્રફુલ્લિત થઈ રહ્યા છે. સુરતમાં પૂરની સ્થિતિ ઓસર્યા બાદ મહાનગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ અને માર્ગ મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા અગાઉ બંધ કરાયેલા 24માંથી 23 રસ્તા પરથી કાદવ-કીચડ દૂર કરી વાહનવ્યવહાર માટે પુનઃ ખુલ્લા મૂકવામાં આવ્યા છે, જ્યારે કોઝવે સર્કલ નજીકનો રસ્તો પાણી સંપૂર્ણપણે ઓસર્યા બાદ શરૂ કરવામાં આવશે. ભરત કેન્સર હોસ્પિટલ રોડ, સારોલી અને સણીયા ગામે જેસીબી તથા જેટીંગ મશીનની મદદથી માર્ગો પૂર્વવત કરાયા છે. લિંબાયત વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે વિશેષ મેડિકલ કેમ્પોનું આયોજન કરી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત, સુરત મહાનગરપાલિકાની ટીમ દ્વારા પડોશી જિલ્લા નવસારીમાં પણ સહાયરૂપ થઈ 12 મેટ્રિક ટન કચરાનો નિકાલ અને 1,050 કિલોગ્રામ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. હાલ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ વચ્ચે આગામી બે દિવસ માટે રાજ્યમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા મુજબ, બંગાળની ખાડીમાં સર્જાનારી નવી સિસ્ટમના કારણે 30 જુલાઈથી ગુજરાતમાં વરસાદનું જોર વધશે. આ નવી સિસ્ટમની અસર હેઠળ 30 જુલાઈએ છોટાઉદેપુર, ભરૂચ, તાપી અને વલસાડમાં તેમજ 1 ઓગસ્ટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધી સીઝનનો સરેરાશ વરસાદ સામાન્ય કરતાં 12% વધુ અને અમદાવાદમાં 45% વધુ નોંધાઈ ચૂક્યો છે.

# સ્પેસમાં ચમક્યો સુરતી ડાયમંડ, અંતરિક્ષમાંથી આવ્યા અદ્ભુત ફૂટેજ

## લેબગ્રોન કમળ 'વિક્રમ-1' રોકેટ સાથે સ્પેસમાં મોકલાયું, 32 પિયર-કટ ડાયમંડથી બનેલા 'કોસ્મિક બ્લૂમ'ની ગાથા

**સુરત, તા.26**

અનંત બ્રહ્માંડના અંધકાર વચ્ચે જ્યારે સુરતમાં તૈયાર થયેલા લેબગ્રોન ડાયમંડ પર પ્રકાશનું કિરણ પડે છે, ત્યારે તેની દિવ્ય રોશની અને અદભુત સ્પાર્ક આખા સ્પેસને ઝળહળાવી મૂકે છે. ધરતી પર કરોડો લોકોના પ્રસંગો અને ચહેરાઓને ચમકાવ્યા પછી, સુરતના હીરાએ હવે અંતરિક્ષની શૂન્યતામાં પોતાની અદ્વિતીય શાઈનનો જાદુ વિખેર્યો છે. સ્કાયરુટ એરોસ્પેસના 'વિક્રમ-1' રોકેટ સાથે સ્પેસમાં મોકલવામાં આવેલું આ 'કોસ્મિક બ્લૂમ' કમળ માત્ર એક જ્વેલરી નથી, પરંતુ ભારતીય તકનીક અને સુરતના ડાયમંડ ઉદ્યોગની સર્વોચ્ચ ગુણવત્તાનું પ્રતીક છે.



અંતરિક્ષમાંથી પ્રાપ્ત થયેલા આકર્ષક ફૂટેજ અને વીડિયોમાં લેબગ્રોન ડાયમંડની શાઈનિંગ અને ફેસિટ્સની કટિંગ એટલી સુપરબ દેખાઈ રહી છે કે ટેકનોક્રેટ્સ અને વૈજ્ઞાનિકો પણ દંગ રહી ગયા છે. આ કૃતિમાં ઉપયોગમાં લેવાયેલા લેબગ્રોન હીરા સુરતની સંગિની-મૈત્રી લેબ્સમાં વિજ્ઞાન અને કુદરતના સમન્વયથી તૈયાર કરવામાં આવ્યા છે. તેની મજબૂતાઈ, તેજસ્વી સ્પાર્ક અને ક્રાફ્ટિંગ ક્વોલિટી કુદરતી હીરા સમકક્ષ જ છે. સ્પેસમાં ગયા પછી પણ તેની રોશની અને ગુણવત્તામાં સહેજ પણ ઘટાડો થયો નથી, જે સુરતી કારીગરોની નિપુણતાની સાબિતી પૂરી પાડે છે.

આ ઐતિહાસિક 'કોસ્મિક બ્લૂમ' કમળની રચના ખાસ અને જટિલ છે. આ કમળમાં કુલ 32 પિયર-કટ લેબગ્રોન ડાયમંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેનું કુલ વજન 16.95 કેરેટ છે. આ સિવાય તેમાં 4 અલગ-અલગ સાઈઝના ડાયમંડ અને 11 ગ્રામ શુદ્ધ સોનાનો ઉપયોગ કરાયો છે. આ આખી કલાત્મક કૃતિની અંદાજિત કિંમત રૂ. 10 લાખથી વધુ છે. આ અદ્ભુત કમળ બનાવવાનો આઈડિયા અને ઓર્ડર સંજના ત્રિપુરામલ્લુની 'કોસ્મોસ ડાયમંડ' (સાઉથ બે) કંપની દ્વારા આપવામાં આવ્યો હતો.

આ અલૌકિક કૃતિનું નિર્માણ સુરતની નિત્યા જેમ્સ એન્ડ જ્વેલરી લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. કંપનીના રજનીકાંત ચાંચડના માર્ગદર્શન હેઠળ માસ્ટર કારીગરો સહિત 20થી વધુ લોકોની ટીમે સતત 6 મહિનાની અથાક મહેનત પછી આ માસ્ટરપીસ તૈયાર કર્યો હતો. દરેક ડાયમંડને સોનામાં એવી રીતે જડવામાં આવ્યા છે જેથી તે કમળની પાંદડીઓની જેમ ખીલેલા દેખાય અને તેની સુંદરતા અનંત અવકાશમાં પણ ઝળકી ઊઠે.

રોકેટ લોન્ચિંગ દરમિયાન સર્જાતી પરિસ્થિતિઓ સામાન્ય નથી હોતી. સ્પેસમાં મોકલવા માટે આ કમળને ખાસ સુરક્ષા પેરામીટર્સ પર ડિઝાઈન કરવામાં આવ્યું હતું. રોકેટના ટેક-ઓફ સમયે થતા અતિશય ભારે કંપન (Vibrations), વાતાવરણનું અતિશય દબાણ અને વિષમ તાપમાનનો સામનો કરવા માટે તમામ ડાયમંડને સોનામાં મજબૂતીથી જડીને એક વિશેષ એરોસ્પેસ-ગ્રેડ એલ્યુમિનિયમ પ્લેટ પર ફિટ કરવામાં આવ્યા હતા, જેથી તે અંતરિક્ષની સફર દરમિયાન સંપૂર્ણ સુરક્ષિત રહે.

ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મમાં કમળને પવિત્રતા, સતત વિકાસ, આત્મવિશ્વાસ અને સકારાત્મક ઊર્જાનું અજોડ પ્રતીક માનવામાં આવે છે. કમળ એ ભગવાન બ્રહ્માંડના સર્જક બ્રહ્માજીનું આસન છે અને તેમના હસ્તમાં પણ શોભે છે. વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિનો આ જ સકારાત્મક અને પવિત્ર સંદેશો પહોંચાડવાના હેતુથી લોટસ (કમળ) કન્સેપ્ટ પર આ ડિઝાઈન પસંદ કરવામાં આવી હતી. આ કૃતિ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને આધુનિક સ્પેસ ટેકનોલોજીના મિલનનું પ્રતીક બની છે.

વિશ્વના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે કે લેબગ્રોન ડાયમંડથી બનેલી આટલી બારીક અને આર્ટિસ્ટિક કલાત્મક કૃતિ સ્પેસ મિશનનો હિસ્સો બની હોય. રજનીકાંત ચાંચડે જણાવ્યું કે, અત્યાર સુધી સુરતના ડાયમંડ દરેકના પ્રસંગો અને ચહેરા ચમકાવતા હતા, પરંતુ આજે પહેલીવાર આંતરરાષ્ટ્રીય અને અવકાશી સ્તરે ભારતનું નામ રોશન કરી રહ્યા છે. 'કોસ્મોસ' બ્રાન્ડના માધ્યમથી સુરતને આ ઐતિહાસિક તક મળી છે, જેના માટે આખો હીરા ઉદ્યોગ ગૌરવ અનુભવે છે.

# પર્વત ગામમાં પાણી ઓસરતાં જ વાહનવ્યવહાર પૂર્વવત કરવા અધિકારીઓ ખડેપગે, સ્થાનિકોએ બિરદાવી કામગીરી

**સુરત, તા.26**

દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને સુરત શહેરમાં અવિરત વરસાદ બાદ સર્જાયેલી જળબંબાકારની સ્થિતિમાંથી હવે ધીમે-ધીમે રાહત મળી રહી છે. વરસાદી પાણી ઓસરતાં જ શહેરનું જનજીવન ફરી એકવાર પાટે ચડી રહ્યું છે. આવા સમયગાળા દરમિયાન સુરત શહેર ટ્રાફિક પોલીસના રીજયન-1 વિભાગ દ્વારા એક પ્રશંસનીય અને માનવતાભરી કામગીરી સામે આવી છે. સુરતના પર્વત ગામ વિસ્તારમાં ભરાયેલાં પાણી ઉતરવાની સાથે જ ટ્રાફિક પોલીસે તુરંત મોરચો સંભાળીને ખોરવાયેલા વાહનવ્યવહારને સુચારુ બનાવવાની સરાહનીય કામગીરી કરી છે.



મળતી માહિતી મુજબ, પર્વત ગામ અને તેની આસપાસના મુખ્ય રસ્તાઓ પર ભારે વરસાદને કારણે મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાવાના કારણે અનેક નાના-મોટા વાહનો તેમજ ફોર વ્હીલર રસ્તાની વચ્ચે જ બંધ પડી ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે અટકી ગયો હતો. જોકે, જેવા પાણી ઓસરવાના શરૂ થયા કે તુરંત જ ટ્રાફિક પોલીસ રીજન-1 ની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે સમયસૂચકતા વાપરીને રસ્તા પર બંધ પડેલા વાહનોને સુરક્ષિત રીતે સાઈડ પર ખસેડવાનું કામ હાથ ધર્યું હતું. આ કામગીરી દરમિયાન ટ્રાફિક પોલીસના જવાનોએ ક્રેન અને ટોઈંગ વાહનોની મદદથી પાણીમાં ફસાયેલી અને બંધ પડેલી ફોર વ્હીલર કાર તેમજ અન્ય વાહનોને ટોઈંગ કરીને રસ્તો સંપૂર્ણપણે ક્લિયર કરાવ્યો હતો. ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય નહીં અને લોકોને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તે માટે ઉચ્ચ અધિકારીઓથી લઈને પોલીસ જવાનો કાદવ-કીચડ અને કપરી પરિસ્થિતિ વચ્ચે પણ સતત ખડેપગે જોવા મળ્યા હતા. પોલીસની આ ત્વરિત અને સતત મહેનતને કારણે કલાકોથી અટવાયેલો વાહનવ્યવહાર ટૂંક સમયમાં જ પૂર્વવત થઈ શક્યો હતો. ટ્રાફિક પોલીસની આ નિષ્ઠાપૂર્વકની સેવા જોઈને પર્વત ગામના સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે આનંદ અને સંતોષની લાગણી વ્યાપી ગઈ હતી. સ્થાનિકોએ આગળ આવીને ટ્રાફિક પોલીસ અને સ્થળ પર ઉપસ્થિત તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની આ સુચક કામગીરીને બિરદાવી હતી.

# સુરતમાં ખાડીપૂર કેમ આવે છે?: પદ્મશ્રી અને ડાયમંડ કિંગ સવજી ધોળકિયાએ જણાવ્યું મોટું કારણ

**સુરત, તા.26**

સુરત શહેરમાં ચોમાસા દરમિયાન સર્જાતી ખાડીપૂરની સમસ્યા અંગે પદ્મશ્રી અને સુરતના ડાયમંડ કિંગ સવજી ધોળકિયાએ કહેલી વાત હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ છે. તેમણે કુદરતી જળમાર્ગો પર થયેલા અતિક્રમણ અને નદી-ખાડીઓની ભૌગોલિક સ્થિતિ બદલવાને કારણે શહેરમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતી હોવાનો સ્પષ્ટ દાવો કર્યો છે. સવજીભાઈ ધોળકિયાએ ખાડીપૂરના મૂળ કારણ અંગે વાત કરતા જણાવ્યું કે, પહેલાંના સમયમાં નદીઓમાંથી મુક્તપણે પાણી દરિયામાં જતું હતું. પરંતુ સમય જતાં આપણે નદીઓ અને ખાડીઓને નાની કરી નાખી, કેટલીક જગ્યાએ તો ખાડીઓ પૂરી દેવામાં આવી છે અથવા દાટી દેવામાં આવી છે. બારડોલી તરફથી આવતું પાણી જ્યારે સુરત પહોંચે છે, ત્યારે ખાડીઓની વહન ક્ષમતા ઘટી ગઈ હોવાથી અને જળમાર્ગો પૂરાઈ ગયા હોવાથી પાણી સીધું શહેરમાં અને ભોયરાઓ તથા નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી જાય છે. તેમણે પોતાના દ્વારા અમરેલીના દુધાળા ગામમાં કરાયેલા જળસંચય



અને નદી ઊંડી કરવાના ભગીરથ કાર્યનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ત્યાં પણ એટલો જ ભારે વરસાદ પડ્યો હતો. પરંતુ ગામમાં નદીઓને પહોળી, ઊંડી અને સુવ્યવસ્થિત ડીપ કરી પાણીને વહેવા માટે યોગ્ય રસ્તો બનાવી આપવામાં આવ્યો હતો. જેના પરિણામે ગામમાં કે આસપાસના વિસ્તારોમાં સેજ પણ પાણી ભરાયું ન હતું. દુધાળા ગામની સ્થિતિ વણવતા તેમણે ઉમેર્યું કે, જે રાત્રે અતિભારે વરસાદ થયો હતો, તે રાત્રે 3 વાગ્યે નદીમાં ભારે પૂરનું પાણી આવ્યું હતું અને સવારે 6 વાગ્યા સુધીમાં તો બધું પાણી સહજતાથી વહી ગયું હતું. જો નદી પહોળી અને ઊંડી ન કરવામાં આવી હોત તો રાત્રિના સમયે ઊંઘતા લોકોને મોટું નુકસાન થયું હોત, તેમજ અનેક લોકો અને ઢોર-ઢાંખર તાણાઈ ગયા હોત.

# સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ પર કુદરત કોપાઇ

## બે વાર પૂર બાદ મુંબઇ હાઈવે પર 200 ટ્રકો અને 65 હજાર પાર્સલ અટવાયા, નુકસાની ભરપાઈ કરવા રવિવારે પણ માર્કેટો ધમધમી

**સુરત, તા.26**

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ સર્જેલી તારાજી બાદ સામાન્ય જનજીવનની સાથે વેપાર-ધંધા પર માઠી અસર પડી છે. ખાસ કરીને એશિયાના સૌથી મોટા ટેક્સટાઈલ હબ ગણાતા સુરતના કપડાં ઉદ્યોગને આ ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ મુશ્કેલીમાં મુકી દીધો છે. અગાઉ 7 જુલાઈએ આવેલા ખાડી પૂરમાંથી વેપારીઓ માંડ બેઠા થઈ રહ્યા હતા, ત્યાં જ ફરીથી વરસેલા વરસાદે વેપારનું ધનોતપનોત કાઢી નાખ્યું છે.



છેલ્લા 5 દિવસમાં સુરતથી માલ લઈને નીકળેલી અંદાજે 180થી 200 જેટલી ટ્રકો મુંબઈ હાઈવે પર અટવાઈ પડી છે. આ ટ્રકો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને સાઉથના રાજ્યોમાં માલ સપ્લાય કરવા માટે રવાના થઈ હતી. હાઈવે પર પાણી ભરાવાને કારણે સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. હાલ અંદાજે 60થી 65 હજાર જેટલા કાપડના પાર્સલો રસ્તામાં જ અટવાઈ જતાં વેપારીઓને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ખાડી પૂરની બીજી ઈનિંગના કારણે રિંગરોડની ટેક્સટાઈલ માર્કેટમાં એક દિવસ અને સારોલી સાઈડ આવેલી તમામ માર્કેટોમાં સતત ત્રણ દિવસ સુધી વેપાર-રોજગાર સંપૂર્ણપણે ડિસ્ટર્બ રહ્યો હતો. બહારગામથી આવતા ખરીદદારોની આવન-જાવન બંધ થઈ જતાં માર્કેટોમાં સનાટો છવાઈ ગયો હતો. જોકે, આ નુકસાનીમાંથી બહાર આવવા અને કામનો બેકલોગ પૂરો કરવા માટે વેપારીઓએ રવિવારની રજાના દિવસે પણ માર્કેટો ચાલુ રાખીને કામકાજ શરૂ રાખ્યું હતું.

સમગ્ર પરિસ્થિતિ અંગે ફોસ્ટા (FOSTA)ના મહામંત્રી દિનેશ કટારિયાએ જણાવ્યું હતું કે, પહેલું પૂર આવ્યું ત્યારે કોઈના મગજમાં પણ નહોતું કે આવી સ્થિતિ થશે. 20 ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો, જેના કારણે બે દિવસ તો પાણી બહાર કેવી રીતે કાઢવું અને માલ સાચવવો એ સમજવામાં જ નીકળી ગયા. ચાર-પાંચ દિવસમાં માંડ રોજીંદુ કામ શરૂ થઈ રહ્યું હતું ત્યાં જ ફરીથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ.

તેમણે વધુમાં ઉમેર્યું કે, વરસાદના કારણે વેપારમાં મોટો ગેપ પડી ગયો છે. બહારગામથી આવતા વેપારીઓ રોકાઈ ગયા છે અને ડિસ્પેચિંગ સિસ્ટમ ખોવાઈ ગઈ છે. 4 દિવસ પહેલા પેક કરેલો માલ બોમ્બે હાઈવે પર અટવાયો છે. 180 થી 200 ટ્રકો રસ્તામાં રોકાઈ જતાં આખી ચેનલ ડિસ્ટર્બ થઈ છે. પરંતુ આ વખતે એક જ સારી વાત રહી કે યોગ્ય મેન્ટેનન્સના કારણે માર્કેટોની અંદર પાણી નથી ઘૂસ્યા, જેનાથી વેપારીઓને બહુ મોટો ફાયદો થયો છે. વીતેલા છ દિવસના નુકસાનની રિકવરી તો શક્ય નથી, પરંતુ કામની સુવિધા જાળવી રાખવા માટે આજે રવિવારે પણ માર્કેટો ચાલુ રાખવામાં આવી છે.

# પહેલા મગર ને હવે કોબ્રા સાપ: અડાજણમાં રૂ. 3 લાખની સ્પોર્ટ્સ બાઇકમાં છુપાયો કોબ્રા, ભારે ડ્રામા બાદ સ્નેક કેચરે રેસ્ક્યૂ કર્યું

**સુરત, તા.26**

સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂર આવ્યા બાદ હવે ધીમે ધીમે પાણી ઓસરી રહ્યા છે, પરંતુ પાણી ઓસરતાં જ હવે રહેણાંક વિસ્તારોમાં ઝેરી સાપ અને મગર જેવા વન્યજીવો બહાર આવી રહ્યા હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગતરોજ અમરોલી વિસ્તારમાંથી મગરનું એક નાનું બચ્ચું મળી આવ્યા બાદ, આજે અડાજણ સ્થિત ગુજરાત ગેસ સર્કલ પાસે એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં રૂ. 3 લાખની સ્પોર્ટ્સ બાઇકના એન્જિન-હેડલાઇટ પાર્ટમાં કોબ્રા સાપ ઘૂસી ગયો હતો. ગુજરાત ગેસ સર્કલ નજીક પાર્ક કરેલી રૂ. 3 લાખની કિંમતની 'TVS Apache RR 310' સ્પોર્ટ્સ બાઇકના અંદરના ભાગમાં સાપ છૂપાયેલો હોવાની ચાલકને જાણ થતાં જ અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળે-ટોળાં એકઠા થઈ ગયા હતા અને રસ્તા પર ભારે કૂતુહલ સાથે ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને તુરંત જ જાણીતા સ્નેક રેસ્ક્યૂઅર ધવલ ભંડારીને જાણ કરવામાં આવી હતી. ધવલ ભંડારી પોતાની ટીમ



સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બાઇકની પ્લાસ્ટિક બોડી અને હેડલાઇટના પાછળના સાંકડા ભાગમાં સાપ ખૂબ જ જટિલ રીતે ભરાઈ ગયો હતો. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન સાપ બાઇકના અલગ-અલગ ભાગો વચ્ચે સરકી રહ્યો હતો. સ્નેક સ્ટિક અને ટોર્ચની લાઈટની મદદથી ખૂબ જ સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધવલ ભંડારી અને તેમની ટીમે કલાકોની ભારે જહેમત બાદ અંતે આ ઝેરી કોબ્રાને કોઈ પણ ઈજા પહોંચાડ્યા વગર સહીસલામત બહાર કાઢી બરણીમાં કેદ કર્યો હતો. સાપનું સહીસલામત રેસ્ક્યૂ થતાં જ બાઇક માલિક અને ત્યાં એકઠા થયેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. રેસ્ક્યૂ કરાયેલા કોબ્રા સાપને વન વિભાગની માર્ગદર્શિકા મુજબ સુરક્ષિત રીતે તેના નૈસર્ગિક જંગલમાં છોડી દેવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઈલ ટેન્કર દરિયાઈ માઈન સાથે અથડાયું: જહાજમાં આગ લાગી, યુદ્ધ શરૂ થયા પછી આવો પહેલો અકસ્માત

**તહેરાન, તા.26**

હોર્મુઝ સ્ટ્રેટમાં એક ઓઈલ ટેન્કર દરિયાઈ માઈન સાથે અથડાયું, જેના પછી આગ લાગી ગઈ. ઈરાની ન્યૂઝ એજન્સી તસ્નીમ અનુસાર, આ ટેન્કર તેહરાન દ્વારા નિર્ધારિત દરિયાઈ માર્ગથી અલગ રસ્તે જઈ રહ્યું હતું, જેના પછી તે બારુદી સુરંગ સાથે અથડાયું.

ઈરાને પહેલાં પણ ઘણી વાર ચેતવણી આપી છે કે જો કોઈ જહાજ તેના દ્વારા નિર્ધારિત માર્ગથી હટીને ચાલશે, તો તેના પરિણામની જવાબદારી તેની પોતાની રહેશે. હાલમાં આ ઘટના પર ઈરાની અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. નુકસાન કે જાનહાનિ અંગે પણ હજુ કોઈ પુષ્ટિ થઈ નથી.

અમેરિકા અને ઈરાન વચ્ચે ફેબ્રુઆરીથી યુદ્ધ શરૂ થયા પછી આ પહેલી વાર છે કે આ રીતે કોઈ જહાજ દરિયાઈ નેવલ માઈન સાથે અથડાયું હોય. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાને આ દરિયાઈ માઈન બિછાવી હતી, જેને યુદ્ધવિરામ પછી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હટાવવાનો આદેશ આપ્યો હતો.

હુતી બળવાખોરોનો સાઉદી અરબની રિફાઈનરી પર હુમલો: હુતી બળવાખોરોએ દાવો કર્યો છે કે તેમણે શનિવારે સાઉદી અરબના જજાન સ્થિત સાઉદી અરામકો રિફાઈનરી પર 3 બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો છે. જજાન રિફાઈનરીને સાઉદી અરબની પાંચમી સૌથી મોટી તેલ રિફાઈનરી માનવામાં આવે છે.

ઈરાનની ફાયરિંગ બાદ 4 જહાજોએ રસ્તો બદલ્યો: ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેની નૌકાદળે છેલ્લા 24 કલાકમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા ચાર જહાજો પર ચેતવણી તરીકે ફાયરિંગ કર્યું. આ પછી ચારેય જહાજોએ પોતાનો રસ્તો બદલી લીધો.

ઈરાનમાં પેટ્રોલ મોંઘું કરવા પર વિચાર: ઈરાન સરકાર પેટ્રોલના વપરાશને નિયંત્રિત કરવા માટે પેટ્રોલ મોંઘું કરી શકે છે. સરકારના મતે, હાલમાં આ અંગે વિચારણા ચાલી રહી છે કે ફેરફારો કેવી રીતે લાગુ કરવા.

અમેરિકાએ ઈરાન પર હુમલો રોક્યો: અમેરિકાએ શુક્રવારે રાત્રે ઈરાન પર હુમલો કર્યો નહિ. આ પહેલા તે સતત 13 દિવસ સુધી દરરોજ રાત્રે ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કરી રહ્યો હતો.

બહેરીનમાં અમેરિકી ઠેકાણા પર ઈરાની હુમલો: ઈરાને બહેરીનમાં અમેરિકી ફિફ્થ ફ્લીટના નૌસૈનિક ઠેકાણા પર હુમલો કર્યો. અહીં ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરવામાં આવ્યો, જેના પછી ઘણા મોટા વિસ્ફોટ થયા.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને અમેરિકી હુમલાઓમાં ક્ષતિગ્રસ્ત થયેલાં માળખાકીય સુવિધાઓને વહેલી તકે ફરીથી તૈયાર કરવાના નિર્દેશ આપ્યા છે. તેમાં રેલ નેટવર્ક અને આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝિટ કોરિડોર જેવી મહત્વપૂર્ણ પરિયોજનાઓ સામેલ છે.

મહેર ન્યૂઝ એજન્સી અનુસાર, માર્ગ અને શહેરી વિકાસ મંત્રાલયની મુલાકાત દરમિયાન અધિકારીઓએ રાષ્ટ્રપતિને હુમલાઓથી થયેલા નુકસાન વિશે માહિતી આપી. પજશકિયાને કહ્યું કે પડોશી દેશો સાથે જોડાતી માળખાકીય સુવિધાઓ પર સૌથી પહેલા કામ થવું જોઈએ.

તેમણે કહ્યું, 'પડોશી દેશો સાથે રેલ નેટવર્કને જોડવાથી અને તેને પૂર્ણ કરવાથી ઈરાનની અર્થવ્યવસ્થા મજબૂત થશે. તેનાથી આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝિટ કોરિડોરનો વિકાસ થશે અને ઈરાન પોતાની વ્યૂહાત્મક સ્થિતિનો વધુ સારો લાભ ઉઠાવી શકશે.'

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધમાં હવે હૂતી વિદ્રોહીઓની પણ એન્ટ્રી થઈ ગઈ છે. હૂતીઓએ સાઉદી અરબ વિરુદ્ધ દરિયાઈ નાકાબંધીની જાહેરાત કરી દીધી છે.

હૂતી વિદ્રોહી યમનના ઉત્તરીય ભાગમાં રહેતા ઝાયદી શિયા સમુદાયનું એક સશસ્ત્ર સંગઠન છે. તેની શરૂઆત 1990ના દાયકામાં એક ધાર્મિક-સામાજિક આંદોલન તરીકે થઈ હતી. હૂતીઓ સરકાર પર ભેદભાવ કરવાનો આરોપ લગાવતા હતા.

2011માં ટ્યુનિશિયાથી શરૂ થયેલી અરબ ક્રાંતિની લહેર યમન પણ પહોંચી. તે સમયે રાષ્ટ્રપતિ અલી અબ્દુલ્લા સાલેહ લગભગ 33 વર્ષથી સત્તામાં હતા. યુવાનોના પ્રદર્શનને કારણે તેમની ગાદી છીનવાઈ ગઈ. ફેબ્રુઆરી 2012માં



અબ્દરબ્બુ મન્સૂર હાદી રાષ્ટ્રપતિ બન્યા. પરંતુ તેમની સરકાર નબળી હતી.

હૂતી વિદ્રોહીઓએ તેનો ફાયદો ઉઠાવ્યો અને સપ્ટેમ્બર 2014માં રાજધાની સના પર કબજો કરી લીધો. પરિસ્થિતિ એટલી બગડી ગઈ કે 2015માં રાષ્ટ્રપતિ હાદીને દેશ છોડીને સાઉદી અરબમાં શરણ લેવી પડી. હાદીના પદ છોડ્યા પછી યમન પર કોઈ એક સરકારનું નિયંત્રણ નથી.

હાલમાં યમન ઘણા ભાગોમાં વહેંચાયેલું છે. હૂતી વિદ્રોહીઓને ઈરાનનું સમર્થન મળે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારને સાઉદી અરબ અને તેના સહયોગી દેશોનું સમર્થન મળે છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ માઈન સાથે અથડાઈને ઓઈલ ટેન્કરમાં વિસ્ફોટ થયો છે. ઈરાની ન્યૂઝ એજન્સી તસ્નીમ અનુસાર, આ ટેન્કર તેહરાન દ્વારા નિર્ધારિત દરિયાઈ માર્ગથી અલગ રસ્તે જઈ રહ્યું હતું, ત્યારબાદ તે બારુદી સુરંગ સાથે અથડાયું.

ઈરાને અગાઉ પણ ઘણી વખત ચેતવણી આપી હતી કે જો કોઈ જહાજ તેના દ્વારા નિર્ધારિત માર્ગથી ભટકી જશે, તો તેના પરિણામોની જવાબદારી તેની પોતાની રહેશે.

હાલમાં આ ઘટના પર ઈરાની અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. નુકસાન કે જાનહાનિ અંગે પણ હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી.

યમનના હુતી વિદ્રોહીઓએ દાવો કર્યો છે કે તેમણે રવિવારે ઉત્તર-પશ્ચિમી અલ-જૌફ પ્રાંતમાં સાઉદી અરબ સાથે જોડાયેલું એક તુર્કીયે નિર્મિત જાસૂસી ડ્રોન તોડી પાડ્યું.

હુતી સંગઠનના સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ કહ્યું કે તેમના લડવૈયાઓએ સાઉદી દુશ્મનનું ડ્રોન તે સમયે પાડ્યું, જ્યારે તે દુશ્મનીભરી ગતિવિધિઓ કરી રહ્યું હતું.

ઈરાને કહ્યું કે અમેરિકા તરફથી બે રાત સુધી કોઈ હુમલો ન થયા પછી તેણે પણ ખાડી દેશો અને ક્ષેત્રમાં અમેરિકી હિતો પર પોતાની જવાબી કાર્યવાહી રોકી દીધી છે.

AFP અનુસાર, ઈરાની સેનાના પ્રવક્તા મોહમ્મદ અકરામિનિયાએ કહ્યું, 'અમારી રણનીતિ હંમેશા જવાબી કાર્યવાહીની રહી છે. હવે અમે પણ અમારી જવાબી સૈન્ય કાર્યવાહી રોકી દીધી છે.'

ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, અમેરિકી ગુપ્તચર એજન્સીઓનું માનવું છે કે ઈરાનના નવા સુપ્રીમ લીડર આયતુલ્લાહ મુજતબા ખામેની તેમના પિતા અને પૂર્વ સુપ્રીમ લીડરની સરખામણીમાં પરમાણુ હથિયારો બનાવવાના વધુ સમર્થક છે.

અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે હાલમાં એવો કોઈ પુરાવો મળ્યો નથી કે ઈરાને પોતાનો પરમાણુ કાર્યક્રમ ફરીથી શરૂ કરી દીધો છે. જોકે, ગયા વર્ષે થયેલા અમેરિકી હુમલાઓ અને વર્તમાન યુદ્ધ દરમિયાન મળેલા વિરામના સમયે ઈરાને પોતાના પરમાણુ સંસાધનોને સુરક્ષિત રાખવા માટે કેટલાક પગલાં જરૂર લીધા છે.

અમેરિકી અધિકારીઓ અનુસાર, ઈરાને પોતાની કેટલીક સેન્ટ્રીફ્યુજ મશીનો દેશના મધ્ય ભાગમાં આવેલા અત્યંત સુરક્ષિત ભૂગર્ભ સંકુલ 'પિકએક્સ માઉન્ટેન'માં પહોંચાડી દીધી છે. આ મશીનો પરમાણુ સંવર્ધન માટે ઉપયોગમાં લેવાય છે. આ પહેલાં વોલ સ્ટ્રીટ જર્નલે પણ રિપોર્ટ આપ્યો હતો કે ઈઝરાયલની ગુપ્તચર એજન્સીઓએ આ સેન્ટ્રીફ્યુજની અવરજવર પર નજર રાખી હતી.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સોમવારે અમેરિકા જવા રવાના થશે. વડાપ્રધાન કાર્યાલય અનુસાર, તેઓ મંગળવારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. તે જ દિવસે તેઓ દિવંગત અમેરિકી સેનેટર લિન્ડસે ગ્રેહામના અંતિમ સંસ્કારમાં પણ હાજરી આપશે.

નેતન્યાહુ અને ટ્રમ્પની આ મુલાકાત ફેબ્રુઆરી પછીની પ્રથમ રૂબરૂ બેઠક હશે. બંને નેતાઓની છેલ્લી મુલાકાત ઈરાન યુદ્ધ શરૂ થતા પહેલાં થઈ હતી.

આ બેઠક એવા સમયે થઈ રહી છે, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ફરી વધી ગયો છે. ઈઝરાયલને આશંકા છે કે તેહરાન તેના હુમલાઓનો વ્યાપ વધારીને ઈઝરાયલને પણ સીધું નિશાન બનાવી શકે છે. આ જ સંભાવનાને ધ્યાનમાં રાખીને ઈઝરાયલ હાઈ એલર્ટ પર છે.

યમનના ઈરાન સાથે જોડાયેલા હુતી વિદ્રોહીઓ અને સાઉદી અરબ વચ્ચેના તાજેતરના તણાવ બાદ હોર્મુઝની જેમ જ બાબ અલ-મંદેબ બંધ થવાનો ખતરો વધી ગયો છે.

બાબ-અલ-મંદેબ લાલ સાગરને અદનની ખાડી સાથે જોડે છે. તે હિંદ મહાસાગર, મધ્ય પૂર્વ અને સુએઝ નહેર વચ્ચે જહાજોની અવરજવરનો મુખ્ય માર્ગ છે.

જ્યારે, હોર્મુઝ સ્ટ્રેટ ફારસની ખાડીને ઓમાનની ખાડી સાથે જોડે છે. આ જ માર્ગે સાઉદી અરબ, ઈરાક, યુએઈ, કુવૈત અને ઈરાન જેવા મોટા ઓઈલ ઉત્પાદક દેશોનું ઓઈલ દુનિયા સુધી પહોંચે છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ જણાવ્યું છે કે ઈરાન વિરુદ્ધ તેની નૌકાદળની નાકાબંધી સંપૂર્ણપણે લાગુ છે. CENTCOM અનુસાર, 25 જુલાઈ સુધીમાં ઈરાન તરફ આગળ વધી રહેલા 12 વ્યાપારી જહાજોનો માર્ગ બદલવામાં આવ્યો, બે જહાજો પર ચઢીને તપાસ કરવામાં આવી અને આદેશ ન માનનારા બે જહાજો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી.

કેસ્પિયન સાગરમાં તેના એક વેપારી જહાજ પર કથિત ડ્રોન હુમલા બાદ ઈરાને યુક્રેનને વળતો પ્રહાર કરવાની ચેતવણી આપી છે. ઈરાને હુમલાના વિરોધમાં તેહરાનમાં સ્થિત યુક્રેનના રાજદ્વારીને બોલાવ્યા અને કહ્યું કે આ ઘટનાનો જવાબ આપવામાં આવશે.

ઈરાનનો દાવો છે કે હુમલામાં એક નાવિકનું મૃત્યુ થયું, જ્યારે બીજો ઘાયલ થયો. વિદેશ મંત્રાલયે તેને આક્રમક કાર્યવાહી ગણાવતા કહ્યું કે દેશ પોતાની સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે જરૂરી પગલાં લેશે.

## હવે પાકિસ્તાન સાથે વાતચીત થશે તો માત્ર PoK પર જ!: લદ્દાખમાં કારગિલ મેમોરિયલથી રક્ષા મંત્રીની ચીમકી, સેના દુશ્મનોને જડબાતોડ જવાબ આપવા તૈયાર

**નવી દિલ્હી, તા.26**

કારગિલ વિજય દિવસની 27મી વર્ષગાંઠ પર રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારત ઈનોવેશનના રસ્તા શોધી રહ્યું છે તો પાકિસ્તાન ઘૂસણખોરીના રસ્તા શોધી રહ્યું છે. ભારત શિપ ડિઝાઈન કરી રહ્યું છે તો પાકિસ્તાન ટેરર ડિઝાઈનિંગમાં વ્યસ્ત છે. ભારત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભું કરી રહ્યું છે તો પાકિસ્તાન ટેરર ઈકોસિસ્ટમ ઊભું કરી રહ્યું છે. ભારત સેમિકન્ડક્ટર બનાવી રહ્યું છે તો પાકિસ્તાન સુસાઈડ બોમ્બર્સ તૈયાર કરી રહ્યું છે.

ભારત સ્પેસ મિશન માટે જાણીતું છે તો પાકિસ્તાન પ્રોક્સી મિશન ચલાવી રહ્યું છે. ભારત અંતરિક્ષમાં સેટેલાઈટ મોકલી રહ્યું છે તો પાકિસ્તાન આજે પણ આતંકવાદીઓને સરહદ પાર મોકલવાનું કામ કરી રહ્યું છે.

ભારત દુનિયાને સોફ્ટવેર આપી રહ્યું છે તો પાકિસ્તાન દુનિયાને સ્લીપર સેલ આપી રહ્યું છે. ભારત ડેટા સેન્ટર બનાવી રહ્યું છે તો પાકિસ્તાન રેડિકલ સેન્ટર બનાવી રહ્યું છે. ભારત AIથી દુનિયાને જોડી રહ્યું છે તો પાકિસ્તાન હવાલાથી આતંકવાદ જોડી રહ્યું છે.

સ્પષ્ટ છે કે આપણા રસ્તા અલગ-અલગ છે. આવી સ્થિતિમાં, જો પાકિસ્તાન તેના નીચ ઈરાદાઓ સાથે આપણી સમૃદ્ધિના માર્ગમાં અવરોધો ઊભા કરે છે, તો તેને જડબાતોડ જવાબ આપવા માટે આપણી સેનાઓ તૈયાર બેઠી છે. આ પહેલા રક્ષા મંત્રીએ લદ્દાખના દ્રાસ સ્થિત કારગિલ વોર મેમોરિયલમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપી.

ભારતનો ઈરાદો સંપૂર્ણપણે સ્પષ્ટ છે. પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે નહીં. જો વાતચીત થશે પણ, તો તે ફક્ત પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) પર જ થશે, જે ભારતનો અભિન્ન અંગ છે અને જેના પર પાકિસ્તાને ગેરકાયદેસર કબજો જમાવી રાખ્યો છે.

કારગિલ વોર મેમોરિયલમાં આખું ભારત દેખાય છે. અહીં શહીદોમાં હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય, તમિલનાડુ



સહિત દેશના દરેક ભાગના જવાનોના નામ નોંધાયેલા છે.

શહીદોમાં મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ચર્ચ જનારા તમામ ધર્મના લોકો શામેલ છે. જે લોકો દેશને વહેંચવાનું સપનું જુએ છે, તેમણે આ સ્મારકની દીવાલ જોવી જોઈએ. આ દીવાલ જ ભારતને વહેંચવાની તેમની વિચારસરણીનો સૌથી મોટો જવાબ છે.

કારગિલ યુદ્ધ ફક્ત ભારતની સૈન્ય અને રાજદ્વારી જીત નહોતી, પરંતુ તે ઐતિહાસિક ક્ષણ હતી જ્યારે આખી દુનિયાએ ભારતીય સૈનિકોના અદમ્ય સાહસ અને વીરતાને જોઈ.

કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય સૈનિકોએ પોતાની શૌર્યથી એવો ઈતિહાસ રચ્યો, જે દરેક ભારતીય માટે ગર્વનો વિષય છે.

કારગિલ વિજય દિવસની 27મી વર્ષગાંઠ પર રક્ષા મંત્રી રાજનાથ સિંહ શનિવારે દ્રાસ સ્થિત કારગિલ વોર મેમોરિયલમાં આયોજિત શૌર્ય સંધ્યા કાર્યક્રમમાં સામેલ થયા. આ કાર્યક્રમ બે દિવસીય કારગિલ વિજય દિવસ સમારોહનો ભાગ હતો.

સૈનિકોને સંબોધન કરતા રાજનાથ સિંહે કહ્યું કે આજે પણ પડકારો ઓછા થયા નથી. ઘૂસણખોરોની નિયત બદલાઈ નથી અને તેઓ આજે પણ પ્રોક્સી વોર અને ઘૂસણખોરી જેવી યુક્તિઓ અપનાવે છે. તેમણે કહ્યું કે તેમને પૂરો વિશ્વાસ છે કે ભારતીય સેના આવા દરેક પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

સરકાર સશસ્ત્ર દળોના આધુનિકીકરણ પર વિશેષ ભાર આપી રહી છે. સેનાને અત્યાધુનિકસાધનો અને શ્રેષ્ઠ તાલીમ મળે.

આ આપણી સદી છે અને આવનારો સમય આપણો છે. ભારતીય સશસ્ત્ર દળો વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ બનશે.

જ્યાં સુધી ભારતીય સૈનિકોમાં આંતરિક શક્તિ અને રાષ્ટ્રવાદની ભાવના છે, ત્યાં સુધી દુનિયાની કોઈ પણ તાકાત ભારત તરફ ખરાબ નજર નાખવાની હિંમત નહીં કરે.

આ એકમાત્ર અવસર છે જ્યારે જવાન અને અધિકારીઓ એકસાથે બેસીને એકસરખું ભોજન કરે છે, જે ટીમ વર્કની શ્રેષ્ઠ ભાવના દર્શાવે છે.

સમાજની સીમાઓથી ઉપર ઉઠવાની ક્ષમતા જ સૈનિકોની અસલી તાકાત છે અને આ જ તાકાતના દમ પર આપણે કારગિલ જેવા યુદ્ધ જીતીએ છીએ.

કારગિલ વિજય દિવસ પર પીએમ નરેન્દ્ર મોદીએ પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું કે દેશ ભારતના સુરક્ષા માટે વીર જવાનોના અસાધારણ સાહસ, બલિદાન અને કર્તવ્યનિષ્ઠા પ્રત્યે કૃતજ્ઞ છે. તેમણે કહ્યું કે જવાનોની અતૂટ દેશભક્તિ અને કર્તવ્ય પ્રત્યે સમર્પણ આવનારી પેઢીઓને હંમેશા પ્રેરિત કરતું રહેશે.

## પેપર લીક વિરુદ્ધ કાલે નવું બિલ આવી શકે છે: તપાસ માટે 2 મહિના મળશે, 10 વર્ષની જેલ અને ₹5-10 કરોડ સુધીના દંડની જોગવાઈ

**નવી દિલ્હી, તા.26**

કેન્દ્ર સરકાર પેપર લીક રોકવા માટે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024 માં સુધારો કરવા જઈ રહી છે. પીએમ નરેન્દ્ર મોદીના આશ્વાસન બાદ સરકાર સોમવારે લોકસભામાં નવું બિલ રજૂ કરી શકે છે. તેમાં સજા અને દંડની જોગવાઈઓને વધુ કડક કરવામાં આવી છે. પેપર લીક સાથે સંકળાયેલા સંગઠિત અપરાધો માટે ઓછામાં ઓછી 7 વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલની જોગવાઈ છે. તેમાં 10 કરોડ રૂપિયા સુધીનો દંડ પણ લગાવી શકાય છે. કર્મચારી અને તાલીમ વિભાગના કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ સોમવારે આ બિલ લોકસભામાં રજૂ કરશે.

બિલમાં બે નવી કલમો 12A અને 12B ઉમેરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી શકશે. કેન્દ્રીય તપાસ એજન્સી અથવા SITને કેન્દ્ર સરકાર દ્વારા કેસ સોંપવામાં આવ્યાના 2 મહિનાની અંદર તપાસ પૂરી કરવી પડશે. ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા દરરોજ સુનાવણી થશે. રાજ્ય




સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહથી સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ નિયુક્ત કરશે. ચાર્જશીટ દાખલ થયાના 3 મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ કરવું ફરજિયાત રહેશે. બિલમાં અપીલ માટે પણ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટના નિર્ણય વિરુદ્ધ હાઈકોર્ટમાં અપીલ કરી શકાશે. આવી અપીલ પર બે જજોની બેન્ચ સુનાવણી કરશે અને તેને 3 મહિનાની અંદર પતાવવાનો પ્રયાસ કરવામાં આવશે. અપીલ નિર્ણયના 30 દિવસની અંદર કરવી પડશે, જેને વિશેષ સંજોગોમાં 90 દિવસ સુધી લંબાવી શકાય છે. 23 જુલાઈની રાત્રે 12 વાગ્યે X હેન્ડલ પર પોસ્ટ કરાયેલા 2.56 મિનિટના વીડિયો મેસેજમાં મોદી કહી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે- અમે આટલાથી સંતોષ માનનારા નથી. તેથી ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. ખરેખર, આ આખો મામલો 3 મેના રોજ થયેલા NEET UG પેપર લીક સાથે જોડાયેલો છે.

લોક પરીક્ષા (અયોગ્ય સાધન નિવારણ) અધિનિયમ, 2024 દેશનો પ્રથમ સેન્ટ્રલ એન્ટી-પેપર લીક કાયદો છે. તેને 12 ફેબ્રુઆરી 2024 ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. 21 જૂન 2024 થી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. તેનો હેતુ પ્રવેશ પરીક્ષામાં પેપર લીક, નકલ અને પરીક્ષા કૌભાંડો પર રોક લગાવવાનો છે. આ કાયદા હેઠળ પેપર લીક કરનારાઓને 3 થી 5 વર્ષની જેલ અને 10 લાખ સુધીના દંડની જોગવાઈ છે. જો કોઈ ગેંગ સામેલ હોય તો તેના માટે 5 થી 10 વર્ષની જેલ અને એક કરોડ રૂપિયાના દંડની જોગવાઈ રાખવામાં આવી છે. પરીક્ષા કરાવતી એજન્સી જો પેપર લીકમાં દોષિત હોય તો તેના માટે એક કરોડ રૂપિયાનો દંડ, પરીક્ષાનો સંપૂર્ણ ખર્ચ વસૂલ કરવો અને આગામી 4 વર્ષ સુધી કોઈ પરીક્ષા ન કરાવવા જેવી સજાનો સમાવેશ થાય છે.

# PMએ કહ્યું- યુવાનોએ દેશનું ગૌરવ વધાર્યું: તેમણે એ કરી બતાવ્યું જે અશક્ય લાગતું હતું, મન કી બાતમાં કારગિલ શહીદોને શ્રદ્ધાંજલિ આપી

**નવી દિલ્હી, તા.26**

પીએમ મોદીએ રવિવારે 'મન કી બાત'ના 136મા એપિસોડમાં સંબોધન કર્યુ. તેમણે સૌ પ્રથમ કારગિલ વિજય દિવસનો ઉલ્લેખ કરતા વીર જવાનોને નમન કર્યા. તેમણે કહ્યું કે કારગિલ વિજય દિવસ એવી તારીખ છે, જેને યાદ રાખવા માટે દિવસ યાદ રાખવાની જરૂર નથી હોતી.

પીએમએ દેશના યુવાનોની પ્રશંસા કરી. તેમણે કહ્યુ- આપણા યુવાનો ભારતનું નામ રોશન કરી રહ્યા છે. સાયન્સ ઓલિમ્પિયાડ દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાંની એક છે, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ મહિને ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને મેથના ઓલિમ્પિયાડ યોજાયા. આમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું.

મોદીએ કહ્યુ- ગયા રવિવારે વિક્રમ-1નું સફળ પ્રક્ષેપણ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ હતી. આપણે સૌએ ભારતના અવકાશ ક્ષેત્રની આ ઐતિહાસિક ક્ષણને જોઈ. આ પ્રાઈવેટ સેક્ટર દ્વારા વિકસિત ભારતનું પહેલું રોકેટ છે. આપણા યુવા ઈનોવેટર્સે તે કરી બતાવ્યું, જે ક્યારેક લગભગ અશક્ય લાગતું હતું. તેમણે પોતાની અસાધારણ કુશળતા, જુસ્સો અને ધૈર્યનો પરિચય આપ્યો.

મોદીએ સ્વદેશી રક્ષા ટેકનોલોજી, જળ સંરક્ષણ અને કેચ ધ રેન અભિયાનનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ભારત રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભર બની રહ્યું છે. INS મહેન્દ્રગિરી અને પિનાકા મિસાઈલ તેના ઉદાહરણ છે. જ્યારે, જળ સંરક્ષણ માટે દેશભરમાં અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને મધ્ય પ્રદેશમાં 4 હજાર તળાવો બનાવવામાં આવ્યા છે.

PMએ 'મન કી બાત'માં 'એક પેડ માં કે નામ' અભિયાનનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે અમદાવાદમાં એક કલાકની અંદર 3.5 લાખથી વધુ છોડ રોપવામાં આવ્યા, જ્યારે ઉત્તર પ્રદેશમાં 12 જુલાઈએ એક જ દિવસમાં 35 કરોડથી વધુ છોડ રોપવામાં આવ્યા. પીએમએ ગુજરાતના ગીર જંગલમાં હોર્નબિલ પક્ષીની વાપસીનો પણ ઉલ્લેખ કર્યો, જેને પર્યાવરણ સંરક્ષણની સકારાત્મક પહેલ ગણાવવામાં આવી.

કારગિલ વિજય દિવસ: પીએમએ કહ્યું- આ એવી તારીખ છે, જેને દિવસ યાદ રાખ્યા વિના પણ યાદ રાખવામાં આવે છે. કારગિલમાં જવાનોએ દરેક પડકાર છતાં હાર ન માની. દિલ્હીથી દ્રાસ સુધી શૌર્ય વિજય યાત્રા કાઢવામાં આવી રહી છે.

INS મહેન્દ્રગિરિ અને પિનાકા: પીએમએ કહ્યું- ભારત રક્ષા ટેકનોલોજીમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. સ્વદેશી યુદ્ધ જહાજ INS મહેન્દ્રગિરિ નૌકાદળમાં સામેલ થયું અને પિનાકા મિસાઈલનું પણ સફળ લોન્ચિંગ થયું.

કેચ ધ રેન અને જળ સંરક્ષણ: પીએમએ કહ્યું કે જ્યાં પાણી પડે, તેને ત્યાં જ રોકવું જોઈએ. મધ્ય પ્રદેશમાં 4 હજાર તળાવો બન્યા અને ઘણા રાજ્યોએ આ




અભિયાનમાં ભાગ લીધો. આજે બચાવેલ પાણીનું દરેક ટીપું ભવિષ્યની મૂડી છે.

કોમનવેલ્થ ગેમ્સ અને ખેલાડીઓની સિદ્ધિઓ: મોદીએ કહ્યું- ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ વધારવા અપીલ કરી. પીવી સિંધુના જાપાન ઓપન જીતવા અને ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ટેસ્ટ જીતનો ઉલ્લેખ કર્યો.

વિક્રમ-1 અને યુવા ઈનોવેટર્સ: પીએમએ કહ્યું- વિક્રમ-1નું સફળ પ્રક્ષેપણ ભારતના સ્પેસ સેક્ટર માટે ઐતિહાસિક સિદ્ધિ છે. આ ખાનગી ક્ષેત્રનું પ્રથમ રોકેટ છે અને યુવાનોએ તે કરી બતાવ્યું, જે ક્યારેય અશક્ય લાગતું હતું.

સાયન્સ ઓલિમ્પિયાડ: પીએમએ કહ્યું- ભારતીય વિદ્યાર્થીઓએ ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને મેથ્સ ઓલિમ્પિયાડમાં શાનદાર પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું.

એક વૃક્ષ માતાના નામે' અભિયાન: પીએમએ અમદાવાદમાં એક કલાકમાં 3.5 લાખ અને યુપીમાં એક દિવસમાં 35 કરોડથી વધુ છોડ વાવવાનો ઉલ્લેખ કર્યો. લોકોને પ્રકૃતિ સંરક્ષણમાં ભાગીદારી કરવા અપીલ કરી. પ્લાસ્ટિક મુક્ત ભારત: પીએમએ બિહારના સીતામઢીમાં પ્લાસ્ટિક કચરામાંથી બેન્ચ બનાવવાની પહેલનું ઉદાહરણ આપ્યું. ગણેશોત્સવ પર પીઓપી અને પ્લાસ્ટિકને બદલે માટીની ગણેશ પ્રતિમા અપનાવવા અપીલ કરી. સ્થાનિક ઉત્પાદનો, હેન્ડલૂમ અને ખાદી: પીએમએ કાશ્મીરની વાગુ ચટાઈ, બિજનૌરની હર્બલ ચા, નેશનલ હેન્ડલૂમ ડે અને ખાદીના વધતા વેચાણનો ઉલ્લેખ કરતા સ્થાનિક ઉત્પાદનો ખરીદવા અપીલ કરી.

ડૉ. એપીજે અબ્દુલ કલામ અને હર ઘર તિરંગા: પીએમ મોદીએ કલામને યાદ કર્યા, ગુરુ પૂર્ણિમા અને સ્વતંત્રતા દિવસનો ઉલ્લેખ કરતા 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું.

પીએમએ કહ્યું- થોડા દિવસો પછી દેશ નેશનલ હેન્ડલૂમ ડે ઉજવશે. હાથથી બનેલા ઉત્પાદનો દેશના અલગ-અલગ ભાગોની કલા અને મહેનતનું પ્રતીક છે. આજે પોચમપલ્લી, પટના અને કચ્છ જેવા વિસ્તારોના હેન્ડલૂમ ઉત્પાદનોને નવી ઓળખ મળી રહી છે. મોદીએ કહ્યું કે છેલ્લા 12 વર્ષમાં ખાદીની લોકપ્રિયતા ઘણી વધી છે અને તેનું વેચાણ 6 ગણું વધીને 8 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. તેમણે લોકોને ખાદી ખરીદવા અપીલ કરી. સાથે જ ત્રિપુરાના સૂરજ કુમાર દેવ વર્માનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમણે પરંપરાગત ચોંગ પેંગ વાદ્ય યંત્ર અને ત્રિપુરાના અન્ય લોક વાદ્ય યંત્રોને ફરીથી લોકપ્રિય બનાવવાનું કામ કર્યું છે.

કાર્યક્રમના અંતે મોદીએ કહ્યું કે 27 જુલાઈએ ભારત રત્ન ડો. એપીજે અબ્દુલ કલામની પુણ્યતિથિ, આ જ સપ્તાહે ગુરુ પૂર્ણિમા અને થોડા જ સપ્તાહ પછી સ્વતંત્રતા દિવસ છે. તેમણે કહ્યું કે આઝાદી માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરનારા લોકોને યાદ કરવા જોઈએ અને 'હર ઘર તિરંગા' અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લેવો જોઈએ. સાથે જ લોકોને ભવિષ્યના 'મન કી બાત' કાર્યક્રમ માટે સૂચનો મોકલતા રહેવા અપીલ પણ કરી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ગત 'મન કી બાત'માં તેમણે લોકોને માટીમાંથી બનેલી ગણેશ પ્રતિમાઓની પૂજા કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે પીઓપી અને પ્લાસ્ટિકની મૂર્તિઓથી બચવું જોઈએ. માટીમાંથી બનેલી ગણેશ પ્રતિમાની પૂજા કરવી એ પ્રકૃતિની પણ પૂજા છે. મોદીએ મણિપુરના વૈજ્ઞાનિક ડો. રોનાલ્ડો મીનાન્શમનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમણે યુવા આકાશગંગાઓ (યંગ ગેલેક્સીઝ) ની શોધ કરી છે. તેમણે આ નવી આકાશગંગાનું નામ 'લોકટક પ્રોટોક્લસ્ટર' રાખ્યું, જે મણિપુરની પ્રસિદ્ધ લોકટક તળાવના નામ પરથી છે. આનાથી મણિપુરનું નામ દુનિયાભરમાં પહોંચી રહ્યું છે.

## તંત્રી લેખ

# 'ભાજપના હાર્ડકૉર ટેકેદારો પણ...', IBના રિપોર્ટે મોદી સરકારને CJP પ્રોટેસ્ટ સામે ઝૂકવા મજબૂર કરી!

કોકરોચ જનતા પાર્ટીએ જ્યારે જંતર મંતર ખાતે આંદોલનની શરૂઆત કરી હતી ત્યારે મોદી સરકારને એમ હતું કે, થોડા દિવસ દેખાવો કરીને બધા વિખેરાઈ જશે. જોકે એમ થયું નહીં અને ધીરે ધીરે કોકરોચ જનતા પાર્ટીના નેતાઓને દેશભરમાંથી ટેકો વધતો જ ગયો. ફક્ત વિરોધપક્ષો જ નહીં, રમતવીરો, ફિલ્મસ્ટારો, સામાજીક કાર્યકરો, લશ્કરના નિવૃત્ત અધિકારીઓ, તટસ્થ વિવેચકો પણ યુવાનોના ટેકામાં આવ્યા. મોદી સરકારે લોકોની નસ જાણવાનો પ્રયત્ન કર્યો. ફક્ત દિલ્હી નહીં, પરંતુ દેશ આખામાં એમના વિશે શું શું મનાઈ રહ્યું છે એ જાણવાનું કામ સેન્ટ્રલ આઈબીને સોંપવામાં આવ્યું. ઈન્ટેલિજન્સ બ્યુરોના અહેવાલો જાણીને સરકાર ચોંકી ગઈ. આઈબીના રીપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, આ આંદોલનને ટેકો ફક્ત વિરોધ પક્ષો કે સીજેપીના યુવાનોનો જ નથી, પરંતુ ભાજપના હાર્ડકોર ટેકેદારો પણ ભાજપથી વિમુખ થઈ રહ્યા છે. આઈબીના રીપોર્ટ પછી ભાજપના નેતાઓ ઠંડાગાર થઈ ગયા. કેન્દ્રીય મંત્રી મંડળમાંથી કેબિનેટ મંત્રીઓએ પણ આંદોલન બાબતે સોશ્યલ મીડિયા પર લખવાનું બંધ કરી દીધું હતું. સરકારને લાગ્યું કે જો આ આંદોલન લાંબુ ચાલ્યું તો એમના નેતાઓ જ કદાચ બળવો કરી બેસશે. યુવાનોની માંગણી સ્વીકારવામાં સરકારે જે મનમાની કરી છે એનાથી રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના વડા મોહન ભાગવત ખૂબ નારાજ હોવાનું મનાય છે. મોહન ભાગવતે દિલ્હીમાં એવું નિવેદન આપ્યું હતું કે, 'આજની નવી પેઢી ખૂબ સારા સવાલો પૂછે છે. આપણે એમને આદેશો આપવા કરતા એમની સાથે વાતચીત કરવી જોઈએ. એમની દરેક વાત પાછળનો તર્ક સમજવો જોઈએ. એમને સંવાદ દ્વારા જ યોગ્ય રસ્તો બતાવી શકાય છે. આપણે મનમાની કરીને આપણી તાકાતથી માલિક બની જઈશું એવું નહીં થાય.' રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે, મોહન ભાગવતે આ ટોણો વડાપ્રધાન મોદીને માર્યો છે. વડાપ્રધાન મોદીએ જે રીતે જંતર મંતર પર ચાલી રહેલા આંદોલન બાબતે રણનીતિ અપનાવી છે એનાથી આરએસએસના મોટા ભાગના સિનિયર નેતાઓ નારાજ છે. છેલ્લા કેટલાક વર્ષોથી આરએસએસની ભગીની સંસ્થાઓની પણ જે રીતે અવગણના કરવામાં આવી છે એની નોંધ પણ સંઘના નેતાઓ લઈ રહ્યા છે. એક જમાનામાં સંઘની યુવા પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દેશમાં થતા વિવિધ આંદોલનોનું કાઉન્ટર કરતી હતી, એ હવે લગભગ નિષ્ક્રીય થઈ ગઈ છે. એમ મનાય છે કે ભાજપના ટેકેદારોમાં યુવાનો કરતા રીટાયર્ડ લોકોની સંખ્યા વધુ છે.

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ) અને દિલ્હી યુનિવર્સિટી (ડીયુ)એ પોતાના વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફને કહ્યું હતું કે, જંતર મંતર અને એની આસપાસ થઈ રહેલા આંદોલનમાં ભાગ લીધો તો આવી બનશે. એ જ રીતે દિલ્હી યુનિવર્સિટીએ પણ પોતાના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને આંદોલનમાં નહીં જોડાવા માટે સલાહ આપી હતી. જોકે બંને યુનિવર્સિટીના મોટા ભાગના વિદ્યાર્થીઓ આ દબાણથી ડર્યા નહોતા. આ બંને યુનિવર્સિટીઓએ સૂચના આપતી વખતે સુપ્રિમ કોર્ટના ચૂકાદાની વાત પણ કરી હતી. આ બાબતે સુપ્રિમ કોર્ટના જાણીતા વકીલ સંજય હેગડેએ બંને યુનિવર્સિટીઓને આડે હાથ લીધી હતી. એમણે કહ્યું હતું કે મહેરબાની કરીને સુપ્રિમ કોર્ટનો ચુકાદો બતાવો કે જેમાં લોકોને જંતર મંતર પર પ્રદર્શન કરતા રોકવામાં આવ્યા છે. સુપ્રિમ કોર્ટે કદી કહ્યું નથી કે તમે દેખાવ નહીં કરી શકો. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સાથે વાતચીત કરવા ગયેલા કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસ દેશભરમાં જાણીતા થઈ ગયા છે. અભિજીત દિપકે ભલે કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક હોય, પરંતુ સરકાર સાથે વાતચીતની જવાબદારી સૌરવ દાસ સંભાળે છે. સૌરવ દાસ પોતે પત્રકાર છે અને સામાજીક કામ પણ કરે છે. પત્રકારીત્વમાં મુખ્યત્વે તેમણે ન્યાય પાલીકાની બીટસ સંભાળી હતી. જે રીતે આમ આદમી પાર્ટીમાં જોડાતા પહેલાથી જ પત્રકાર મનીષ સિસોદિયા અરવિંદ કેજરીવાલ સાથે રહ્યા હતા એ જ રીતે સૌરવ દાસ પણ અભિજીત દિપકે સાથે રહ્યા છે.

ભારતના મેટ્રો શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ, ચેન્નઈથી લઈને ટાયર-૨ અને ટાયર-૩ શહેરોનો અકલ્પનીય વિસ્તાર થયો છે. અહીંયા ખેતરો, તળાવો, અને ખુલ્લી જમીનો પર આજે સિમેન્ટ- ક્રોંક્રીટની ઊંચી ઈમારતો, ફ્લેટો અને શોપિંગપ્લેક્સ ઊભા થઈ ગયા છે. જમીન જે પહેલા વરસાદી પાણીને શોષી લેતી હતી તે હવે સંપૂર્ણપણે ક્રોંક્રીટથી ઢંકાઈ ગઈ છે : જૂના શહેરોમાં અને નાના શહેરોમાં તેની જરૂરિયાત પ્રમાણે ગટર વ્યવસ્થા કરેલી હતી. શહેરો મોટા થયા અને વિકાસ થયો પણ ડ્રેનેજ સિસ્ટમમાં જોઈએ તેવો વિકાસ થયો નથી

# અવિચારી, અનિયંત્રિત વિકાસ અધોગતિ તરફ લઈ જઈ રહ્યો છે

## છેલ્લાં બે દાયકામાં આધુનિક જરૂરિયાતોના નામે જે વિકાસ થયો છે તેણે કુદરત અને માનવજીવનનું જોડાણ જ કાપી નાખ્યું છે



ભારતના મેટ્રો શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ, ચેન્નઈથી લઈને ટાયર-૨ અને ટાયર-૩ શહેરોનો અકલ્પનીય વિસ્તાર થયો છે. અહીંયા ખેતરો, તળાવો, અને ખુલ્લી જમીનો પર આજે સિમેન્ટ-ક્રોંક્રીટની ઊંચી ઈમારતો, ફ્લેટો અને શોપિંગપ્લેક્સ ઊભા થઈ ગયા છે. જમીન જે પહેલા વરસાદી પાણીને શોષી લેતી હતી તે હવે સંપૂર્ણપણે ક્રોંક્રીટથી ઢંકાઈ ગઈ છે : જૂના શહેરોમાં અને નાના શહેરોમાં તેની જરૂરિયાત પ્રમાણે ગટર વ્યવસ્થા કરેલી હતી. શહેરો મોટા થયા અને વિકાસ થયો પણ ડ્રેનેજ સિસ્ટમમાં જોઈએ તેવો વિકાસ થયો નથી. દાયકાઓ જૂની ગટર વ્યવસ્થા અને ઓછી ક્ષમતાવાળી ગટરલાઈનોના કારણે જળભરાવ વધ્યો છે : આપણે ગાડીઓ, એસી, ઊંચી ઈમારતો અને સિમેન્ટના જંગલોને જ સમૃદ્ધિ માની લીધી છે. આ ભૌતિક સુખોની પાછળ દોડવામાં આપણે એ ભુલી ગયા કે શુદ્ધ હવા, ચોખ્ખું પાણી અને ફળદ્રુપ જમીન વગર આ તમામ ભૌતિક સુખો નકામા છે

આજના યુગમાં 'વિકાસ' એ કોઈપણ દેશ કે સમાજ માટે પ્રગતિનો પર્યાય બની ગયો છે. પરંતુ, ભારતમાં છેલ્લાં બે દાયકામાં (છેલ્લા ૨૦ વર્ષોમાં) શહેરીકરણ અને આધુનિકીકરણની જે આંધળી દોડ શરૂ થઈ છે, તેણે વિકાસની વ્યાખ્યા પર જ એક મોટું પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધું છે. શહેરોનો કૂદકે ને ભૂસકે થયેલો વિસ્તાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નામે કૂદરતી સ્ત્રોતો પર કરાયેલા અતિક્રમણો અને પ્રકૃતિના નિયમોને નેવે મૂકીને કરાયેલા બાંધકામોએ આજે ભારતને એક એવા વળાંકે લાવીને ઊભું કરી દીધું છે, જ્યાં એક તરફ આધુનિકતાની ચમક છે તો બીજી તરફ વિનાશનો અંધકાર. અત્યાર સુધી જે વિકાસ થયો તે કદાચ વધતી જતી વસ્તી અને આથક જરૂરિયાતો માટે જરૂરી હતો, પરંતુ જરૂરિયાતના નામે જે અવિચારી અને અનિયંત્રિત વિકાસ થયો છે, તેણે આજે માનવજાતને પોતાના જ બનાવેલા જાળમાં ફસાવી દીધી છે. હવે આ વિકાસ ઉપર કાબુ નહીં કરવામાં આવે તો તે આગામી પેઢીને અધોગતિ તરફ ચોક્કસ લઈ જશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૦ વર્ષોમાં ભારતના મેટ્રો શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ, ચેન્નઈથી લઈને ટાયર-૨ અને ટાયર-૩ શહેરોનો અકલ્પનીય વિસ્તાર થયો છે. અહીંયા ખેતરો, તળાવો, અને ખુલ્લી જમીનો પર આજે સિમેન્ટ-ક્રોંક્રીટની ઊંચી ઈમારતો, ફ્લેટો અને મલ્ટીપ્લેક્સ ઊભા થઈ ગયા છે. જમીન જે પહેલા વરસાદી પાણીને શોષી લેતી હતી તે હવે સંપૂર્ણપણે ક્રોંક્રીટથી ઢંકાઈ ગઈ છે. જમીનમાં પાણી ઉતરતું નથી અને બીજી તરફ બોરવેલ થકી દરરોજ કરોડો લિટર પાણી ખેંચવામાં આવે છે જેથી ભૂગર્ભજળનું સંતુલન પણ બગડી ગયું છે. નવું પાણી ઉમેરાવામાં ઘટાડો થયો છે અને વપરાશ વધી ગયો છે.

આ સિવાય બિલ્ડિંગ બાયલોઝ અને પર્યાવરણીય નિયમોને નેવે મૂકીને માત્ર નફાખોરી માટે અંધાધૂંધ બાંધકામો કરવામાં આવ્યા છે. રસ્તા પહોળા કરવા અને ઈમારતો બાંધવા માટે લાખો વર્ષો જૂના વૃક્ષોને એક ઝાટકે કાપી નાખવામાં આવ્યા, જેના કારણે શહેરોનું તાપમાન સતત વધી રહ્યું છે અને 'અર્બન હીટ આઈલેન્ડ' ની સમસ્યા સર્જાઈ છે. તે ઉપરાંત પર્વતીય રાજ્યોમાં જમીન નબળી પડી છે અને સતત ભૂસ્ખલન અને જમીન ધોવાઈ જવાની ઘટનાઓ સતત વધી રહી છે. વરસાદ અનિયમિત થઈ ગયો છે અને ઋતુચક્ર ખોરવાયું છે.

ઉલ્લેખનીય છે કે, ઈતિહાસ જણાવે છે કે, માનવ સભ્યતાનો વિકાસ નદીઓના કિનારે થયો હતો. નદીઓને ભારતીય સંસ્કૃતિમાં 'લોકમાતા' કહેવામાં આવી છે, પરંતુ આધુનિક ક્રાંતિના નામે આપણે નદીઓ સાથે સૌથી મોટો અન્યાય કર્યો છે. વિકાસ કરવામાં હજારો નાના-મોટા બંધ બાંધવામાં આવ્યા અને પોતાના સ્વાર્થ માટે નદીઓના કુદરતી પ્રવાહને બદલી નાખવામાં આવ્યા. આ ઉપરાંત નદીઓના પૂરના મેદાનોમાં ગામડાઓ, નગરો, રિસોર્ટ્સ અને ઈન્ડસ્ટ્રીઝ ઊભી કરી દેવામાં આવી. નદીના કુદરતી રસ્તાને સાંકડા કરીને ત્યાં રસ્તા અને રીવરફ્રન્ટ બનાવી દેવાયા. તેનું પરિણામ એ આવ્યું છે કે, જ્યારે ચોમાસામાં અતિવૃષ્ટિ થાય છે ત્યારે નદીઓને વહેવા માટે જગ્યા મળતી નથી. પરિણામે નદીનું પાણી શહેરો અને ગામડાઓમાં ઘૂસી જાય છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આવતી પૂરની હોનારતો તથા કેરળનું પૂર એ માનવસર્જિત ભૂલોનું જ પ્રત્યક્ષ ઉદાહરણ છે.

આજે ભારતના મોટાભાગના શહેરો ચોમાસાની શરૂઆતમાં જ 'સ્વિમિંગ પૂલ' બની જાય છે. થોડાક કલાકના વરસાદમાં જ જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. હકિકત એવી છે કે, જૂના શહેરોમાં અને નાના શહેરોમાં તેની જરૂરિયાત પ્રમાણે ગટર વ્યવસ્થા કરેલી હતી. શહેરો મોટા થયા અને વિકાસ થયો પણ ડ્રેનેજ સિસ્ટમમાં જોઈએ તેવો વિકાસ થયો નથી. દાયકાઓ જૂની ગટર વ્યવસ્થા અને ઓછી ક્ષમતાવાળી ગટરલાઈનોના કારણે જળભરાવ વધ્યો છે. અમદાવાદની જ વાત કરીએ તો ત્યાં કોટવિસ્તારમાં દાયકાઓ પહેલાં નગરવ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાં આજે પણ ગમે તેટલા વરસાદમાં પાણી ભરાતા નથી.

બીજી તરફ કોર્પોરેશને વિકાસવેલા સ્માર્ટ સિટીમાં બે-ચાર ઈંચ વરસાદમાં રસ્તા ઉપર નદીઓ વહેતી થઈ જાય છે. ગેરવ્યવસ્થા અને અવિચારી વિકાસનું આ મોટું ઉદાહરણ છે.

બીજી તરફ જૂના નગરો અને શહેરોમાં બહારની તરફ કુદરતી નાળા અને કાંસ બનેલા હતા જેના દ્વારા વરસાદી પાણી અને ગંદા પાણીનો નિકાલ થતો હતો. હવે આ નાળાઓ અને ખાડીઓ મોટાભાગે કચરાઓ અને ગંદકીથી ખદબદતા હોય છે. તેના કારણે વરસાદી પાણી આવે ત્યારે બહાર જઈ શકતું નથી. તેથી શહેરની ગટરો ચોકઅપ થવા લાગે છે અને ચારેતરફ જળબંબાકાર થઈ જાય છે. આ ઉપરાંત પ્લાસ્ટિક અને કચરાનો પણ અવિચારી નિકાલ કરવામાં આવી રહ્યો છે. તેના કારણે પણ ડ્રેનેજ લાઈન અને ગટરો વારંવાર બ્લોક થઈ જાય છે. તેના કારણે જે શહેરોને આપણે 'સ્માર્ટ સિટી' કહીએ છીએ, તે માત્ર ૨ ઈંચ વરસાદમાં પાણીમાં ડૂબી જાય છે, જે આપણા આયોજન વિનાના વિકાસની પોકળતા છતી કરે છે.

આ ઉપરાંત માનવીના અવિચારી વિકાસના કારણે પર્યાવરણને જે નુકસાન થયું છે, તેનું પરિણામ આજે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ તરીકે આપણી સામે છે. પહેલાં જ્યાં ચોમાસાના ૪ મહિનામાં ધીમો અને સતત વરસાદ પડતો હતો, ત્યાં હવે ઘસારો વધી ગયો છે. જે વિસ્તારમાં આખા ચોમાસામાં ૪ ઈંચ વરસાદ પડતો હતો, ત્યાં હવે એક જ દિવસમાં કે કલાકમાં ૧૦ ઈંચ કે તેથી વધુ વરસાદ પડી જાય છે. પર્વતીય શહેરોમાં વારંવાર વાદળ ફાટવાની ઘટનાઓ વધી રહી છે. આવા વાદળફાટવા કે અતિશય ભારે વરસાદને ઝીલવાની ક્ષમતા આપણા આધુનિક શહેરો પાસે નથી. આ ઉપરાંત ઋતુચક્ર ખોરવાઈ ગયું છે; શિયાળામાં અચાનક ગરમી, નાની ચોમાસાની મુદત અને ઉનાળામાં અસહ્ય લૂ - આ બધું પ્રકૃતિના સંતુલનને છીનવી લેવાનું પરિણામ છે.

જો આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો આપણી આવનારી પેઢીને આપણે કેવું ભવિષ્ય આપીને જઈશું? તે એક અત્યંત ગંભીર પ્રશ્ન છે. સૌથી પહેલાં તો પીવાના પાણીનું સંકટ સર્જાશે. વરસાદનું પાણી જમીનમાં ઉતરતું નથી અને નદીઓ પ્રદૂષિત થઈ ગઈ છે, જેના કારણે ભૂગર્ભ જળના સ્તર ખૂબ ઊંડા ઉતરી ગયા છે. ભવિષ્યમાં ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થાય તો નવાઈ નહીં. આ ઉપરાંત વૃક્ષોના વિનાશ અને વાહનોના પ્રદૂષણને કારણે શહેરોની હવા શ્વાસ લેવા યોગ્ય રહી નથી. બાળપણથી જ બાળકો શ્વાસની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. તે ઉપરાંત ખાદ્ય સુરક્ષા સામે જોખમ ઊભું થશે તેને પણ ભુલી શકીએ તેમ નથી. અનિયમિત વરસાદ અને ક્લાઈમેટ ચેન્જના કારણે ખેતી નાશ પામી રહી છે.

રાસાયણિક ખાતરોના અવિચારી અને અતિશય ઉપયોગને પગલે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, જેનાથી ભવિષ્યમાં અન્નનું સંકટ ઊભું થઈ શકે છે. એક સમય એવો પણ આવશે કે વારંવાર કુદરતી આપત્તિઓનો સામનો કરવાનો આવશે. ભૂસ્ખલન, દરિયાની સપાટી વધવી, વાવાઝોડા અને પૂર જેવી હોનારતો રોજિંદી બની જશે. તેમાંય ગરમીમાં જે વધારો થશે તે અસહ્ય સાબિત થશે.

સમય હજુ પણ વિતી ગયો નથી, પણ જો આપણે હવે નહીં જાગીએ તો ખૂબ મોડું થઈ જશે. વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન સાધવું એ જ એકમાત્ર રસ્તો છે. આપણે સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ વિશે વિચાર કરવો પડશે. એવો વિકાસ જે આજની જરૂરિયાતો પૂરી કરે પરંતુ આવનારી પેઢીના હિતોનો ભોગ પણ ન લે.

ખાસ કરીને સ્માર્ટ ડ્રેનેજ અને રેઈન વોટર હાર્વેસ્ટિંગ ઉપર ભાર મુકવો પડશે. દરેક ઈમારત અને શહેરમાં વરસાદી પાણીના સંગ્રહ અને યોગ્ય નિકાલ માટે કડક કાયદા હોવા જોઈએ. તે સિવાય નદીઓના પૂરના મેદાનોમાંથી અતિક્રમણ દૂર કરવું અને તળાવો-નાળાઓને ઊંડા કરી તેમનો કુદરતી પ્રવાહ ચાલુ કરવો. આ સિવાય સૌથી વધારે જરૂર વધુમાં વધુ વૃક્ષો વાવવાની છે.

વૃક્ષારોપણ અને અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટમાં વ્યાપક કામગીરી કરવી પડશે. શહેરોમાં 'મિયાવાકી' પદ્ધતિ કે અન્ય રીતે વૃક્ષોનું પ્રમાણ વધારવું. સિમેન્ટની જગ્યાએ પાણી શોષી શકે તેવા પેવર બ્લોક નાખવા કે કુદરતી જમીન રાખવી. પર્યાવરણની જાળવણી એ માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની ફરજ છે. પ્લાસ્ટિકનો ત્યાગ, કચરાનું યોગ્ય વર્ગીકરણ અને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ અનિવાર્ય છે.

જાણકારોના મતે આ સમસ્યાનું મોટું કારણ માણસ પોતે છે. આપણે એ ભૂલી ગયા છીએ કે માનવ પ્રકૃતિનો એક ભાગ છે, પ્રકૃતિનો માલિક નથી. પ્રાચીન સમયમાં વૃક્ષ વાવવું, તળાવ ખોદવું કે નદીની પૂજા કરવી એ ધર્મ અને સંસ્કૃતિનો ભાગ હતો. આજે આપણે કુદરતને માત્ર એક સંસાધન તરીકે જોઈએ છીએ જેને ગમે તેમ વાપરી શકાય. આપણે કુદરતી સંપદાઓ પ્રત્યેની સંવેદના ગુમાવી દીધી છે. તે ઉપરાંત ભૌતિકવાદની આંધળી દોટ મુકેલી છે. આપણે ગાડીઓ, એસી, ઊંચી ઈમારતો અને સિમેન્ટના જંગલોને જ સમૃદ્ધિ માની લીધી છે.

આ ભૌતિક સુખોની પાછળ દોડવામાં આપણે એ ભુલી ગયા કે શુદ્ધ હવા, ચોખ્ખું પાણી અને ફળદ્રુપ જમીન વગર આ તમામ ભૌતિક સુખો નકામા છે. ભારતમાં છેલ્લા બે દાયકામાં થયેલો વિકાસ એક ચમકતો સિક્કો છે, જેની બીજી બાજુ પર્યાવરણીય વિનાશ છે. આપણે એ સત્ય સમજવું પડશે કે પ્રકૃતિ માનવી વિના જીવી શકે છે, પરંતુ માનવી પ્રકૃતિ વિના એક ક્ષણ પણ જીવી શકતો નથી.

# વર્તમાન સમયનું આધ્યાત્મિક ત્રિવેણી સંગમ મૌન, સંયમ અને જાગરણ:



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજનો સમય અવાજોનો સમય છે. મોબાઈલની નોટિફિકેશન, સોશિયલ મીડિયાની ચર્ચા,ચોવીસ કલાક ચાલતા સમાચાર. આપણે બહારથી તો ખૂબ જાગૃત છીએ, પણ અંદરથી ક્યાંક સૂતા જઈ રહ્યા છીએ.આવી ભાગદોડ વચ્ચે આપણા શાસ્ત્રો અને લોકપરંપરા ઓ દર વર્ષે ત્રણ બારીઓ ખોલી આપે છે. એક બારી વ્રતની, બીજી બારી મૌનની,અને ત્રીજી બારી ચાતુર્માસની.

આ વર્ષે અષાઢ સુદ તેરસ એટલે કે ૨૭ મી જુલાઈ સોમવારથી શરૂ થતા જયા પાર્વતી વ્રત,એક કોયલ ના બચ્ચાની વાર્તામાં છુપાયેલો મૌન નો પાઠ, અને અષાઢ એકાદશીથી કારતક એકાદશી સુધીનો ચાતુર્માસ, આ ત્રણેય મળીને આપણને એક જ વાત કહે છે.બહારની દુનિયાને થોડી ધીમી કરો,અને અંદરની દુનિયાને જગાડો. જયા પાર્વતી વ્રત:સંકલ્પ અને સમર્પણની પાંચ દિવસની સાધના જયા પાર્વતી વ્રત એ ફક્ત એક વિધિ નથી, તે એક પ્રયોગશાળા છે. અષાઢ સુદ તેરસથી શરૂ થઈને પાંચ દિવસ સુધી ચાલતું આ વ્રત શિવ અને પાર્વતીની ઉપાસનાનું વ્રત છે. આ વખતે તેની શરૂઆત આજે ૨૭ મી જુલાઈ સોમવારથી થઈ રહી છે.

આ વ્રતની સૌથી મોટી વિશેષતા તેનો સંયમ છે. વ્રત દરમિયાન ભોજનમાં મીઠું વર્જિત છે. મીઠું આપણા જીવનમાં સ્વાદ ઉમેરે છે, પણ જ્યારે થોડા દિવસ માટે તેનો ત્યાગ કરીએ ત્યારે ખબર પડે છે કે સાદું ભોજન પણ કેટલું તૃપ્તિ આપે છે. અંતિમ રાતે આખી રાતનું જાગરણ કરવામાં આવે છે. નવી કુમારિકાઓ આ વ્રતનું સમાપન કરે છે. કુમારિકાઓ અને સૌભાગ્યવતી સ્ત્રીઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ અને વધુમાં વધુ વીસ વર્ષ સુધી આ વ્રત કરે છે. તેને ગણગૌર, મંગલા ગૌરી અને સૌભાગ્ય સુંદર વ્રતના નામે પણ ઓળખવામાં આવે છે.

પૌરાણિક માન્યતા મુજબ આ વ્રતથી અખંડ સૌભાગ્યનું વરદાન મળે છે અને બાળકોના આરોગ્યમાં વૃદ્ધિ થાય છે. સૌ પ્રથમ માતા પાર્વતીએ પોતે શિવજીને પ્રાપ્ત કરવા માટે આ વ્રત કર્યું હતું.ત્યાર બાદ માતા સીતાએ પણ 'જય જય ગિરિબર રાજ કિશોરી'ની પ્રાર્થના સાથે પાર્વતી માતાની આરાધના કરીને મનગમતા વરનું વરદાન મેળવ્યું હતું. વિધિ પણ ખૂબ સરળ અને અર્થ પૂર્ણ છે. અષાઢ સુદ તેરસના દિવસે સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્ર ધારણ કરવા. સંકલ્પ કરીને શિવ પાર્વતીની મૂર્તિ કે ફોટો સ્થાપિત કરવા. પહેલા ગણેશ પૂજા, પછી શિવ પાર્વતીને કુમકુમ, કસ્તુરી અને ફૂલ અર્પણ કરવા. જવારાની પૂજા, ઋતુફળ કે નારિયેળનું સમર્પણ, ષોડશોપચાર પૂજન, સીતા સ્તુતિ, આરતી અને છેલ્લે બ્રાહ્મણ ભોજન તથા દાન.

વર્તમાન સમયમાં આ વ્રત આપણને શું શીખવે છે? તે શીખવે છે ધીરજ. પાંચ દિવસ સુધી નાનામાં નાની ટેવો પર ધ્યાન આપવું, જીભ પર કાબૂ રાખવો, રાતે જાગીને પ્રાર્થના કરવી. આ બધું આપણા મનને ટ્રેનિંગ આપે છે. જ્યારે આપણે સંકલ્પ લઈને નિયમ પાળીએ છીએ, ત્યારે આપણો આત્મવિશ્વાસ વધે છે. અને જ્યારે આપણે કુટુંબના સુખ, સંતાનોના આરોગ્ય માટે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે 'હું'માંથી 'અમે તરફ જવાની યાત્રા શરૂ થાય છે.

બોલતા પહેલા તોલો: કોયલના બચ્ચાની વાર્તાનો સંદેશ-એક રાજમાં એક દયાળુ રાજા રહેતો હતો. તેની એક ખામી હતી.તે વિચાર્યા વિના ખૂબ બોલતો. દરબાર માં,સભામાં,સામાન્ય વાતમાં પણ તે સત બોલ્યા કરતો. તેનો બુદ્ધિશાળી મંત્રી ચિંતિત હતો.

એક દિવસ બંને બગીચામાં ફરતા હતા.એક આંબાના ઝાડ નીચે બેઠા. તે ઝાડ પર કાગડાનો માળો હતો. કોયલે તે માળામાં ઈંડું મૂક્યું હતું. કાગડી તેને પોતાનું માનીને સેવન કરી રહી હતી. થોડા દિવસમાં ઈંડામાંથી કોયલનું બચ્ચું નીકળ્યું. તેના પીંછા હજુ નાના હતા, પણ તેણે 'કુહુ કુહુ' અવાજ કર્યો. કાગડીને શંકા ગઈ. તે ગુસ્સે થઈ અને ચાંચથી બચ્ચાને માળામાંથી નીચે ફેંકી દીધું.

બચ્ચું સીધું રાજાના પગ પાસે પડ્યું. રાજાએ પૂછ્યું, 'આવું કેમ થયું?' મંત્રીએ કહ્યું, 'મહારાજ, આ વધારે બોલવાનું પરિણામ છે. જો આ બચ્ચું યોગ્ય સમય સુધી મૌન રહેત, તો તેની પાંખો મજબૂત થઈ હોત. સમય પહેલા અવાજ કર્યો એટલે તેની હાજરી ખુલ્લી પડી ગઈ.' મંત્રીએ આગળ કહ્યું, 'આ જ વાત મનુષ્યને પણ લાગુ પડે છે. જે લોકો વિચાર્યા વિના સતત બોલે છે તેઓ ઘણીવાર મુશ્કેલીમાં મુકાય છે.જ્ઞાની તે છે જે યોગ્ય સમયે, જરૂર પડે ત્યારે જ,અને વિચારીને બોલે છે.

રાજાને પોતાની ભૂલ સમજાઈ. તે દિવસથી તેણે ઓછું બોલવાનો નિર્ણય કર્યો.ધીમે ધીમે તેના શબ્દો માં વજન આવ્યું.આખું રાજ્ય ખુશ થયું અને રાજાનું માન વધ્યું.

આજના સમયમાં આ વાર્તા વધુ સુસંગત છે. આપણી આંગળી ટાઈપ કરતા પહેલા થાકતી નથી. એક કોમેન્ટ, એક સ્ટેટસ, એક રીલ પરનો પ્રતિભાવ, બધું જ તાત્કાલિક છે. પણ દરેક શબ્દના પરિણામ હોય છે. મીઠી અને માપેલી વાણી એ જ વ્યક્તિના ચારિત્યની ઓળખ છે. જયા પાર્વતી વ્રતનું મૌન અને જાગરણ, અને આ વાર્તાનો પાઠ બંને મળીને કહે છે કે શક્તિ બોલવામાં નથી,શક્તિ યોગ્ય સમયે બોલવામાં છે.

ચાતુર્માસ: અંદરના ભગવાનને જગાડવાના ચાર મહિના અષાઢસુદ એકાદશીથી કારતકસુદ એકાદશી સુધીના ચાર મહિનાને ચાતુર્માસ કહેવાય છે.શાસ્ત્ર કહે છે કે અષાઢ માં ભગવાન પોઢે છે, ભાદરવામાં પડખું ફેરવે છે,અને કારતકમાં જાગૃત થાય છે. મંદિરોમાં આ ચાર મહિના ભજન,કથા,કીર્તન અને ધ્યાનથી ગુંજે છે.પણ આ માત્ર બાહ્ય કથા નથી.આ આપણી અંદર ની યાત્રાનું પ્રતિક છે.

*ભગવાનનું શયન આપણને બાહ્ય કોલાહલ છોડવાનું કહે છે. આજની ભાષામાં કહીએ તો ડિજિટલ ડિટોક્સ. થોડા સમય માટે સ્ક્રોલ કરવાનું બંધ કરો,ખબરોની દોડમાંથી બહાર આવો.મનને આરામ આપો.

*ભાદરવામાં પડખું ફેરવવું એટલે આપણી ભૂલોને ઓળખીને સ્વભાવમાં સુધારો કરવો.જેમ મોબાઈલનું વર્ઝન અપડેટ થાય છે, તેમ આપણા વિચારો, વર્તન અને આદતોનું વર્ઝન અપડેટ કરવાનો સમય છે.ગુસ્સો,ઈર્ષ્યા,બેદરકારી, આ બધાને ઓળખીને ધીમે ધીમે બદલવા. *કારતકમાં જાગરણ એટલે મોહ નિદ્રામાંથી બહાર આવવું. સત્સંગ તરફ, જ્ઞાન તરફ, સેવા તરફ વળવું. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષા પત્રીમાં પણ આ ચાર મહિના ભક્તિ મય જીવન જીવીને મોક્ષ તરફ આગળ વધવાનો નિર્દેશ આપ્યો છે. ચાતુર્માસમાં એકાદશીના ઉપવાસ, શ્રાવણના એકટાણાં,નામસ્મરણ, ગ્રંથ વાચન, ધ્યાન. આ બધા નિયમો માત્ર ધાર્મિક પરંપરા નથી. તે શરીરનું ડિટોક્સ અને મનનું પ્રોગ્રામિંગ છે. રોજની દોડધામમાંથી બ્રેક લઈને સુપર આધ્યાત્મિક જીવન તરફ જવાનો આ દિવ્ય સમયગાળો છે. ત્રણેયનો સમન્વય: આજે આપણે શું કરી શકીએ.જયા પાર્વતી વ્રત આપણને સંકલ્પ શીખવે છે. પાંચ દિવસ, મીઠા વગર, જાગરણ સાથે. ચાતુર્માસ આપણને લાંબો ગાળાનો રોડમેપ આપે છે. ચાર મહિના,ધીમે ધીમે સુધારો. અને રાજાની વાર્તા આપણને રોજિંદા જીવનનું સૂત્ર આપે છે. બોલતા પહેલા વિચારો.

# કળિકાળે બુદ્ધ અને સિદ્ધ તો ઘણાં મળશે! પણ જો એ શુદ્ધ હોય તો જ એની મહત્તા છે!

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગુરુ પૂર્ણિમા આવી રહી છે અને આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! કળિયુગમાં એક ચરિત્ર શોધવું બહુ અઘરું છે, અને એ છે ગુરુ ચરિત્ર! જોકે જગત કદાચ એનું ચરિત્ર ચકાસે પણ સાધક શિષ્ય માટે સદગુરુ સકલ અસ્તિત્વ છે! અને આવાં સદગુરુનુ પૂજન કરવામાં આવે છે! પણ સદગુરુ કોને કહીશું? એ પ્રશ્નના ઉત્તરમાં પૂજનીયની મહત્તા સમજવી જરૂરી છે. કારણકે સાધુ સંતો બુદ્ધપુરુષો સિદ્ધપુરુષો તો ખૂબ છે, અને એ બધાં સમાજનું ઘરેણું છે, તેનાથી જ સમાજ શોભી ઊઠે છે. હજી તો સમાજના 20% થી ઓછા લોકો સાધુનાં કહેવા પ્રમાણે જીવતા હશે, બાકી તો સમાજનો દેખાવ તદ્દન જુદો હોય. પરંતુ સંસારી જીવ કેટલીયે આંટીઘૂંટીમાં ફસાયેલો હોય, અને એમાંથી બહાર આવવા કેટલુંય સાચું ખોટું કરતો હોય. કોઈકોઈ વાર જ અજાણે ભૂલ થતી હોય છે, બાકી તો સૌ પોતાની ભૂલથી જ્ઞાત હોય છે.ભારતીય સમાજમાં બુદ્ધ પુરુષ એટલે કે બૌદ્ધિકતાની દ્રષ્ટિએ ઉચ્ચ હોય એને પંડિત કહી શકાય, વિદ્વાન કહી શકાય એની કમી નથી, આકરી તપશ્ચર્યા કરી અને સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા પુરુષોની પણ સમાજમાં કમી નથી. પરંતુ બુદ્ધ પણ હોય, સિદ્ધ પણ હોય, અને સાથે સાથે શુદ્ધ પણ હોય એવાં, પરમ કોટિના સાધુ પુરુષની કમી છે, એટલે સમાજ સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે. તો આજે આપણે બુદ્ધ, સિદ્ધ, અને શુદ્ધ શબ્દો વચ્ચેનાં તફાવત વિશે ચિંતનમાં વાત કરીશું.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

બુદ્ધ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો તેની બુદ્ધિની કક્ષા ખુબ જ ઉચ્ચ હોય, અને વેદાંત વિશે સારું એવું જ્ઞાન ધરાવતા હોય, સ્થિતપ્રજ્ઞ સુધી બુદ્ધિની કક્ષા જેની પહોંચી હોય, તેવાં સ્ત્રી પુરુષ ગમે તે લિંગના વ્યક્તિને બુદ્ધ કહેવામાં આવે છે. આજનો સમાજ બૌદ્ધિક તો છે, અને વિજ્ઞાનનો વિકાસ પણ એને સિદ્ધ કરે છે, કારણ કે પ્રખર બુદ્ધિશાળી હોય ત્યાંજ વૈજ્ઞાનિક વિકાસ થાય, અને એટલે જ આપણે ત્યાં ઋષિઓને વૈજ્ઞાનિક કહેવામાં આવતાં. વૈજ્ઞાનિક શોધ કરનારા બુદ્ધ ખૂબ જ જોવા મળે છે, પરંતુ આંતરિક રીતે જીવન શાંત થાય એ માટે શુદ્ધી જરૂરી છે,અને એની માટે બુદ્ધિનું અનુગામી હોવું જરૂરી છે. નહીં તો માનવી સો રૂપિયાની જરૂરિયાત સામે કમાણી કરીને સો પ્રાપ્ત કરી લીધાં, પરંતુ બુદ્ધિ અનુગામી ન્હોય તો સોની બદલે હજારની જરૂરિયાત દેખાડે, હજાર કમાય એટલે દસ હજારની જરૂરિયાત દેખાડે, અને એ રીતે સતત ક્યાંથી કમાવું! એની યોજનાઓ ઘડવામાં જીવનની અમૂલ્ય ક્ષણો વેડફી નાખે છે. આ ઉપરાંત સો રૂપિયા ઈમાનદારીથી કમાયો, કદાચ હજાર રૂપિયા પણ ઈમાનદારીથી કમાઈ શકાય. પરંતુ જેમજેમ અપેક્ષા વધતી જાય તેમ નૈતિકતા ક્યાંક ઘટતી પણ જાય, એટલે કે બુદ્ધ તો રહે, પરંતુ શુદ્ધતા ધીરે ધીરે ઓછી થતી જાય.

સિદ્ધ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો પારંગત એવો થાય. નાની મોટી કેટલીએ વિદ્યામાં લોકો પારંગત થતાં હોય છે. પરંતુ કલા કે વિદ્યામાં પારંગત હોવું, સિદ્ધી પ્રાપ્ત કરવી સારું છે, પરંતુ ઘણીવાર એવું થાય કે જે કલા કે વિદ્યામાં પારંગત હોય, એની કરતાં સિદ્ધિ ઘણું અભિમાન કરાવે, અને નમ્રતા, સરળતા, સાલસતા, બધું છૂટતું દેખાય. આ ઉપરાંત કલા કે વિદ્યા પ્રત્યે આપણી જે રસ રુચિ હતી, એ ઓછું થતું જાય, અને ફક્ત એનાં નામનો આગ્રહ, એટલે કે આ પ્રમાણે જ થવું જોઈએ, તો જ સાચું, એવું દ્રઢ વલણ વધે છે. જે સિદ્ધ તો છે, પરંતુ શુદ્ધ નથી. અહી મારા જેટલું કોઈ સિદ્ધ નથી, એ ભાવથી પીડાતા હોય, એટલે કે ઘણીવાર બુદ્ધિની ઊંચાઈ હોય, સિદ્ધિ પણ ઉચ્ચ હોય, પરંતુ એ શુદ્ધ જ હોય એવું જરૂરી નથી. પદ પ્રતિષ્ઠાની દ્રષ્ટિએ ઊંચું પદ પ્રાપ્ત થાય, છતાં સાલસતા અને વિનમ્રતા ઘટે નહીં, વિવેક પણ બરકરાર રહે સાચા-ખોટાનો ભેદ કરનારી બુદ્ધિ રહે, તેમજ અહમ આગ્રહનું વળગણ છૂટે, તો જ સાંચી સિદ્ધિ છે.

શુદ્ધ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જેનું તન અને મન બંને શુદ્ધ છે, જ્યાં કોઈ આંટીઘૂટી નથી, કોઈની માટે વેરભાવ નથી, કોઈની માટે આગ્રહનું બંધન નથી, ત્યાં આગળ ફક્ત અને ફક્ત લાગણી કે સંવેદનાનું વહન છે, અને જે દરેક માટે પોતાનાનો ભાવ રાખી શકે છે, અથવા તો અહીં કોઈ પરાયું નથી, બધા જ પોતાનાં છે અને દરેકમાં હરિ દર્શન કરી શકે તેટલી તેની સરળતા પણ છે. આ ઉપરાંત તે હરક્ષણ દરેકની મદદ કરવાં તત્પર રહે છે, તેમજ સમાજ પ્રત્યેનું પોતાનું દાયિત્વ પણ તે સ્વીકારે છે, એટલે જ્યારે જ્યારે સમાજ મુસીબતમાં આવે ત્યારે એ પોતાનાથી બનતી મદદ પણ કરે છે. એની માટે સત્ય પ્રેમ અને કરુણાથી જીવન જીવવું એ જ એકમાત્ર સાધના છે, તેની બુદ્ધિ કક્ષા અને પંડિતાઈ એટલી ઊંચી છે, કે ત્યાં એને કોઈ જાતનો ભય લાગતો નથી, એટલે કે પદ પ્રતિષ્ઠા જતા રહે એવો ભાવ કે ભય એ રાખતા નથી, અને કાયમ લોક મંગલના કાર્ય કરે છે.

એક ઉદાહરણ, એકવાર એક સ્વામીજીનાં જન્મ દિવસ નિમિત્તે એમને ભેટ અર્પણ કરવા સમાજના ત્રણ વ્યક્તિઓ આવે છે. બૌદ્ધિકતાની દ્રષ્ટિએ ઉચ્ચ એવા એક વ્યક્તિએ પોતાની શોધ વિશે અને સમાજને તે ઉપયોગી છે એ વિશે વાત કરી, અને સ્વામીજીને એ ઉપકરણ ભેટ આપીને કહ્યું આના વડે તમારું જીવન સરળ બનાવો. બીજો સિદ્ધિ પ્રાપ્ત કરેલો પ્રતિષ્ઠિત વ્યક્તિ હતો, તેણે કહ્યું કે આપ આશ્રમમાં રહો છો, અને કુદરતી ઋતુ અનુસાર ઘણી બધી મુશ્કેલીઓ થતી હશે, માટે મેં એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે, તેનાથી તમે આ આશ્રમને ઋતુ પ્રભાવથી બચાવી શકો ,જો હું અહીં એક મહિનો તપસ્યા કરું, અને પછી એક યજ્ઞનું આયોજન થાય, તો આશ્રમ કાયમ માટે અમુક પ્રકારની વ્યાધિથી સુરક્ષિત થઈ જાય! અને એવું કરવું ન્હોય, તો આપ આ વીંટી આપના હાથમાં પહેરી લો,મેં કડી તપશ્ચર્યા કરીને પ્રાપ્ત કરેલી સિદ્ધિથી એને ધારણ કરનારા લોકો સંતાપથી દૂર રહી શકે છે, બસ આપે રોજ સવારમાં આ વીટીની મારાં મંત્ર દ્વારા પૂજા કરવી પડે. ત્રીજી વ્યક્તિ સાવ સામાન્ય હતી, અને તેનો પહેરવેશ પણ બતાવતો હતો, કે એ સામાન્ય માણસ છે, કોઈ બુદ્ધિ કે સિદ્ધિ દેખાતી નહોતી. એણે પોતાની ઝોળીમાંથી ખાદીનું એક વસ્ત્ર કાઢીને સ્વામીજીને આપ્યું, અને કહ્યું સ્વામીજી મારી આ ભેટ સ્વીકાર કરો! આમ તો અમે સામાન્ય માણસ અને એમાં પણ સંસારી, છતાં આ વસ્ત્ર વણતી વખતે મનમાં કોઈ વિકાર આવે નહીં, અને પવિત્રતાનો ભાવ બની રહે, એની મેં પૂરી તકેદારી રાખી હતી, એટલે આપ એ ગ્રહણ કરો. સ્વામીજીએ એ તરત જ વસ્ત્ર સ્વીકારી લીધું, અને પેલા બંને લોકોનો વિવેકથી આભાર માની કહ્યું કે, મને જરૂર હશે ત્યારે હું જરૂરથી આપને જણાવીશ.

અમદાવાદ જિલ્લાના સાણંદ-બાવળા તાલુકાઓમાં ભારે વરસાદની પરિસ્થિતિમાં મંત્રીઓ અને અધિકારીઓએ વિવિધ વિસ્તારોની સ્થળ-મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો

# શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાએ સાણંદ-બાવળાના વરસાદી પાણીથી ગ્રસ્ત વિવિધ વિસ્તારોમાં સ્થિતિની સમીક્ષા કરી

## સ્થાનિક પ્રતિનિધિઓ અને નાગરિકો સાથે સંવાદ સાધી ત્વરિત પાણી નિકાલ અને રાહત કામગીરી હાથ ધરવા વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપી









**અમદાવાદ, તા.26**

અમદાવાદ જિલ્લામાં વરસેલા ભારે વરસાદના કારણે વિવિધ તાલુકાઓમાં સર્જાયેલી પાણી ભરાવાની ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાને આ વિસ્તારોમાં તંત્રવાહકોનું માર્ગદર્શન કરવા અને વરસાદી પાણીના નિકાલ કરવા સાથે સ્થિતિ ઝડપભેર પૂર્વવત કરવાની કામગીરીની દેખરેખ માટે બાવળા તથા સાણંદ તાલુકાની જવાબદારી સોંપી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ મુખ્યમંત્રીશ્રી સાથે આ વિસ્તારોની સ્થિતિ અંગે ટેલિફોન પર વાતચીત કરીને વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં બે મંત્રીશ્રીઓને બાવળા અને સાણંદ પહોચવા સૂચનાઓ આપી હતી.

શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા અને રાજ્યમંત્રી સંજય સિંહ મહિડાએ રવિવારે આ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

ત્યાર બાદ તેમણે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી, જરૂરી રાહત કામગીરી માટે સૂચનાઓ આપી હતી.

અમદાવાદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદની પરિસ્થિતિને પગલે સમગ્ર વહીવટી તંત્ર એક્શન મોડમાં છે. દરમિયાન, વરસાદી પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિનો તાગ મેળવવા અને રાહત-બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવાના હેતુથી મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓએ ટ્રેક્ટરમાં બેસીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં અંદર સુધી પહોંચીને પરિસ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

આ ટીમે સાણંદ-બાવળા રોડ પર આવેલી ઈન્ટાસ ફાર્મા, મટોડા, ગેલોપ્સ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કેનાલ પરના વિસ્તારો, બાવળા-સાણંદનાં મોડાસર, વિંછીયા અને માણકોલ સહિતનાં અસરગ્રસ્ત ગામો અને ઔદ્યોગિક વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

મંત્રીઓ તેમજ અધિકારીઓએ પોતે પાણીમાં ઉતરીને સ્થાનિક નાગરિકો, વેપારીઓ અને ગ્રામજનો સાથે સીધી વાતચીત કરી હતી. તેમણે સ્થાનિકોની સમસ્યાઓ, પીવાના પાણી, ખોરાક અને રહેઠાણ અંગેની પ્રાથમિક જરૂરિયાતો વિશે પૃચ્છા કરી હતી અને કોઈ પણ નાગરિકને તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર તેમજ જિલ્લા તંત્ર સંપૂર્ણપણે તેમની સાથે હોવાની ખાતરી આપી હતી.

અસરગ્રસ્ત વિસ્તારો અને સ્થળોની મુલાકાત બાદ મંત્રીઓ અને અધિકારીઓની ટીમે બાવળા નગરપાલિકા ખાતે પહોંચીને પાલિકાના પદાધિકારીઓ અને સ્થાનિક અધિકારીઓ સાથે મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં પાણીના ત્વરિત નિકાલ માટે પમ્પિંગ ક્ષમતા વધારવા, અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રી અને ફૂડ પેકેટ્સની સુચારુ વ્યવસ્થા કરવા તેમજ પૂરના પાણી ઓસરતાં જ રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિષયક કામગીરી અને જંતુનાશક દવાઓનો છંટકાવ શરૂ કરવા અંગે ચોક્કસ દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા તેમજ વહીવટી તંત્રને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ મુલાકાત સમયે સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્રસચિવ એમ. થેન્નારસન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર બંછાનિધિ પાની, અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા, અમદાવાદ રેન્જ આઈ.જી. રાઘવેન્દ્ર વત્સ, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે તેમજ અમદાવાદ જિલ્લા પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટ સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કિશોરનું સગીરા પર બે દિવસમાં ત્રણવાર દુષ્કર્મ: MPથી ભાગી આવી છેલ્લા બે મહિનાથી સુરતમાં રહેતી

**સુરત, તા.26**

સુરતના સચિન વિસ્તારમાંથી સગીરાની સુરક્ષા પર સવાલ ઉઠાવતી શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે. મધ્યપ્રદેશથી ભાગીને સુરતમાં છેલ્લા દોઢ મહિનાથી આશ્રય લઈ રહેતી 14 વર્ષીય કિશોરી પ્રેમજાળમાં ફસાઈ જતાં તેની સાથે કિશોરે દુષ્કર્મ આચર્યું હોવાનો કિસ્સો બન્યો છે. 16 વર્ષના કિશોરે માસૂમ કિશોરીને પોતાની ચુંગાલમાં ફસાવી બે દિવસમાં ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હતું. પોતાના આંગણેથી ગુમ દીકરી પર આ અત્યાચાર અંગે પિતાની ફરિયાદના આધારે સચિન પોલીસે BNS અને પોક્સો હેઠળ ગુનો નોંધી ફરાર કિશોરની શોધખોળ હાથ ધરી છે.



મળતી માહિતી પ્રમાણે, મૂળ મધ્યપ્રદેશનો પરિવાર જ્યાં રહેતો હતો, ત્યાંથી તેમની 14 વર્ષ અને 7 મહિનાની સગીરા અન્ય એક વ્યક્તિના સંપર્કમાં આવી હતી. જે બાદ તે પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. ઘરેથી ભાગ્યા બાદ સગીરા છેલ્લા દોઢથી બે મહિનાથી સુરતના સચિન વિસ્તારમાં આવીને રહેતી હતી. આ દરમિયાન ભોગ બનનાર સગીરાનો 16 વર્ષના એક કિશોર સાથે પરિચય થયો હતો. કિશોરે સગીરાની મજબૂરી અને અજાણ્યા શહેરનો લાભ ઉઠાવી તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. સંપર્ક ગાઢ બન્યા બાદ કિશોરે 15 અને 16 જુલાઈ, 2026ના બે દિવસ દરમિયાન સગીરા પર અલગ-અલગ ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હતું. આ પિશાચી કૃત્ય બાદ સગીરા નાસીપાસ થઈ ગઈ હતી અને સમગ્ર આપવીતી પોતાના પરિવારજનો સમક્ષ રજૂ કરી હતી.

ઘટનાની ગંભીરતાને પગલે સગીરાના પિતા સુરત પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દીકરી ઘરેથી અચાનક ગુમ થઈ ગઈ હોવાથી તેમણે મધ્યપ્રદેશના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ અગાઉથી જ નોંધાવી દીધી હતી. મધ્યપ્રદેશ પોલીસ પણ આ કિશોરીની શોધખોળ કરી રહી હતી.

ભોગ બનનાર સગીરાના પિતાની ફરિયાદના આધારે સચિન પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા 16 વર્ષના કિશોર વિરુદ્ધ BNSની વિવિધ કલમો તેમજ પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસીપી એન.પી ગોહિલના જણાવ્યા અનુસાર, સગીરા સાથે દુષ્કર્મ આચરનાર કિશોર હાલ મળી આવ્યો નથી, જેથી તેની શોધખોળ કરી તાબામાં લેવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

## કાલુપુર સિંધી માર્કેટમાં 4.50 લાખની ચોરી: દુકાનનું શટર તોડીને તિજોરીમાંથી રોકડ રકમની ઉઠાંતરી કરી અજાણ્યો શખસ ફરાર



**અમદાવાદ, તા.26**

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલા સિંધી માર્કેટમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. કુબેરનગરમાં રહેતા અને માર્કેટમાં 'આર.એમ. હેન્ડલૂમ હાઉસ' નામની રૂમાલની દુકાન ધરાવતા જીતુ વાઘવાણી 24 જુલાઈના રોજ સાંજે દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. ત્યારે દુકાનમાંથી 4.50 લાખની રોકડ ચોરીને શખસ ફરાર થયો છે.

બીજી સવારે માર્કેટના ચોકીદારે જીતુભાઈને ફોન કરીને દુકાનનું શટર તૂટેલું હોવાની જાણ કરી હતી. માહિતી મળતાં જ તેઓ તાત્કાલિક દુકાને પહોંચ્યા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું કે કોઈ અજાણ્યો શખસ શટર તોડીને અંદર ઘૂસ્યો હતો અને તિજોરીમાં રાખેલા 4.50 લાખની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે તેમણે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતાં પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ભારે વરસાદ વચ્ચે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રનોડા શેલ્ટર હોમમાં આશ્રયાર્થીઓ માટે ખાસ ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો

**અમદાવાદ, તા.26**

અમદાવાદ જિલ્લામાં સર્જાયેલી ભારે વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોની આરોગ્ય અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ અને સતર્ક બન્યું છે.

વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા અને સુરક્ષિત આશ્રય મેળવી રહેલા નાગરિકો માટે રનોડા, પી.એચ.સી. આંબલીયારા ખાતે વિશેષ શેલ્ટર હોમ બનાવવામાં આવ્યું છે.



આ આશ્રય સ્થાનમાં રહેતા લોકોની આરોગ્ય વિષયક સુવિધાઓ જળવાઈ રહે તે હેતુથી એક વિશેષ મેડિકલ ચેકઅપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સરાહનીય કામગીરી દરમિયાન પી.એચ.સી. આંબલીયારાના નિષ્ણાત સ્ટાફ અને આરોગ્ય ટીમ દ્વારા શેલ્ટર હોમમાં આશ્રય લઈ રહેલા તમામ નાગરિકો, જેમાં ખાસ કરીને નાના બાળકો, મહિલાઓ અને વડીલોનો સમાવેશ થાય છે, તેમનું ઝીણવટપૂર્વક સ્વાસ્થ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય ચકાસણી બાદ જરૂરિયાતમંદ નાગરિકોને સ્થળ પર જ જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ચોમાસા દરમિયાન રોગચાળો ન ફેલાય તે માટે જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન અને સાવચેતીના પગલાં અંગે જાણકારી પણ પૂરી પાડવામાં આવી હતી.

પ્રશાસન દ્વારા 'નાગરિકોનું તંદુરસ્ત સ્વાસ્થ્ય' ને જ પોતાની પ્રથમ પ્રાથમિકતા ગણાવીને આ મુશ્કેલ સમયમાં તમામ પ્રકારની તબીબી સહાય પૂરી પાડવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ આગોતરી અને સરાહનીય કામગીરીથી આશ્રય સ્થાનમાં રહેતા લોકોએ ભારે રાહત અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## અમદાવાદ મંડળના સામગ્રી વ્યવસ્થાપન વિભાગ દ્વારા SC/ST ઉદ્યોગસાહસિકોના સશક્તિકરણ માટે "વેન્ડર ડેવલપમેન્ટ મીટ"નું સફળ આયોજન





**અમદાવાદ, તા.26**

આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત (2047) ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને અનુરૂપ, અમદાવાદ મંડળના સામગ્રી વ્યવસ્થાપન વિભાગે તારીખ 25.07.2026 ના રોજ 'દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' (DICCI) ના સહયોગથી એક વેન્ડર ડેવલપમેન્ટ મીટનું સફળ આયોજન કર્યું.

આ આયોજન સમાવેશી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા, પાયાના સ્તરે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહિત કરવા અને નીતિ ઘડવૈયાઓ તેમજ નાના વ્યવસાયીઓ વચ્ચેનું અંતર ઘટાડવા માટે એક વ્યૂહાત્મક મંચ સાબિત થયું. આ મીટનો મુખ્ય ઉદ્દેશ્ય અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકોને ભારતીય રેલવેમાં ઉપલબ્ધ વિશાળ ખરીદી અને વ્યાવસાયિક તકો પ્રત્યે જાગૃત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યત્વે SC/ST પૃષ્ઠભૂમિ ધરાવતા કુલ 55 ઉદ્યોગસાહસિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અગ્રણી મહાનુભાવો અને અધિકારીઓની ઉપસ્થિતિ

કાર્યક્રમમાં દેશના અનેક અગ્રણી મહાનુભાવો અને અધિકારીઓએ પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી, જેમાં નીચેના લોકો સામેલ છે:

શ્રી વિહાર ઠાકર (વરિષ્ઠ મંડળ સામગ્રી મેનેજર, અમદાવાદ)

શ્રી સ્વયંદીપ સિંહ (ઉપ મુખ્ય સામગ્રી મેનેજર, સાબરમતી)

શ્રી નીરજ કુમાર (પ્રમુખ, DICCI ગુજરાત ચેપ્ટર)

શ્રી ઉમેશ શર્મા (સહાયક નિયામક, MSME-DFO)

ડૉ. મુંજાલ દવે (જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ)

સુશ્રી ભૂમિકા પટેલ (GeM બિઝનેસ એસોસિએટ, ગુજરાત)

આ અધિકારીઓની ઉપસ્થિતિથી સહભાગીઓને સીધું જ બહુ-વિભાગીય માર્ગદર્શન મેળવવાની તક મળી.

સત્રના મુખ્ય મુદ્દાઓ તેમજ ટેકનિકલ માર્ગદર્શન

ઈન્ટરેક્ટિવ સત્રો દરમિયાન નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું કે એક મજબૂત સ્થાનિક ઉત્પાદન ઈકોસિસ્ટમના નિર્માણ માટે સૂક્ષ્મ અને વંચિત વર્ગના ઉદ્યોગસાહસિકોને સશક્ત કરવા અત્યંત આવશ્યક છે. સહભાગીઓને નીચેના વિષયો પર વિગતવાર માહિતી આપવામાં આવી હતી:

આત્મનિર્ભર ભારત અને સ્થાનિક સોર્સિંગ: સ્થાનિક ઉત્પાદન અને લોકલ વેલ્યુ એડિશન (Local Value Addition) કઈ રીતે આત્મનિર્ભર અર્થતંત્રના સ્વપ્નને સાકાર કરવામાં સીધું યોગદાન આપે છે.

સરકારી નીતિઓ અને યોજનાઓ: સમાવેશી વિકાસને ગતિ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ પહેલો દ્વારા ઉપલબ્ધ નાણાકીય પ્રોત્સાહનો, સબસિડી અને સહાય સિસ્ટમ.

ડિજિટલ પ્લેટફોર્મ્સ: પારદર્શક, કાગળ-રહિત અને પ્રત્યક્ષ બજાર પહોંચ સુનિશ્ચિત કરવા માટે GeM (ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ) અને IREPS (ભારતીય રેલવે ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ) પોર્ટલ પર વેન્ડર નોંધણી પ્રક્રિયાનું તબક્કાવાર માર્ગદર્શન.

રેલવેમાં વ્યાવસાયિક તકો: સ્થાનિક વ્યવસાયો, MSME અને પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકો આગામી ટેન્ડરો (Tenders) અને સપ્લાય ચેઈનમાં સરળતાથી કેવી રીતે ભાગ લઈ શકે છે અને 'વિકસિત ભારત' ની યાત્રામાં પોતાની સક્રિય ભૂમિકા ભજવી શકે છે.

કાર્યક્રમનું સમાપન એક સંવાદાત્મક પ્રશ્નોત્તરી (Q&A) સત્ર સાથે થયું, જ્યાં ઉદ્યોગસાહસિકોને વિષયના નિષ્ણાતો પાસેથી સીધું માર્ગદર્શન મળ્યું. આનાથી તેમને દેશની ઔદ્યોગિક સપ્લાય ચેઈનમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધવા અને પોતાનું યોગદાન આપવાની પ્રેરણા મળી.

# અભિષેક શર્માએ રચ્યો ઈતિહાસ, આ વખતે બેટથી નહીં પણ બોલથી બનાવ્યો મહા રેકોર્ડ

નવી દિલ્હી, તા.26

ભારતીય ટીમના યુવા ઓપનર અભિષેક શર્માએ ઝિમ્બાબ્વે સામે રમાયેલી બીજી T20I મેચમાં એવો કમાલ કરી બતાવ્યો છે, જે તેના પહેલાં કોઈપણ ભારતીય ઓપનર કરી શક્યો ન હતો. બેટિંગમાં માત્ર 8 રન બનાવીને સસ્તામાં આઉટ થવા છતાં, અભિષેકે બોલિંગમાં શાનદાર વાપસી કરી અને T20 ઈન્ટરનેશનલમાં એક નવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. તેણે મેચની અંતિમ વિકેટ લઈને ભારતની શાનદાર જીત પર મહોર લગાવી હતી.

મેચની શરૂઆત અભિષેક શર્મા માટે સારી રહી ન હતી. ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝારબાનીએ તેને 8 રનના અંગત સ્કોર પર પેવેલિયન મોકલી દીધો હતો. પરંતુ જ્યારે બોલ તેના હાથમાં આવ્યો ત્યારે તેણે આખી બાજી પલટી નાખી.

કેપ્ટને તેનો પાર્ટ-ટાઈમ સ્પિનર તરીકે ઉપયોગ કર્યો અને તેણે આ વિશ્વાસ સાચો પાડી બતાવ્યો.



અભિષેક શર્માએ 4 ઓવરમાં માત્ર 17 રન આપીને 3 વિકેટ ઝડપી હતી.

સતત દબાણ બનાવીને તેણે ઝિમ્બાબ્વેની વાપસીની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું હતું અને ભારતની 90 રનની શાનદાર જીતનો હીરો બન્યો. આ જીત સાથે ભારતે ત્રણ મેચની સિરીઝ પણ પોતાના નામે કરી લીધી છે.

આ શાનદાર પ્રદર્શન સાથે અભિષેક શર્મા હવે T20 ઈન્ટરનેશનલમાં સૌથી શ્રેષ્ઠ બોલિંગ ફિગર નોંધાવનાર ભારતીય ઓપનર બની ગયો છે. તેણે આ મામલે તમામ ભારતીય ઓપનરોને પાછળ છોડી દીધા છે. આ સિદ્ધિ સાથે જ અભિષેકનું નામ ભારતીય ક્રિકેટના બે મહાન ઓલરાઉન્ડરો વીનૂ માંકડ અને રવિ શાસ્ત્રીની ખાસ યાદીમાં સામેલ થઈ ગયું છે. ભારતીય ઓપનરોનું શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન, ટેસ્ટ: વીનૂ માંકડ - 8/52 વિરુદ્ધ પાકિસ્તાન (1952), ODI: રવિ શાસ્ત્રી - 5/15 વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા (1991), T20I: અભિષેક શર્મા - 3/17 વિરુદ્ધ ઝિમ્બાબ્વે (2026), ઈશાન કિશન અને તિલક વર્માની તોફાની બેટિંગ.

આ પહેલા ભારતની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ટીમે માત્ર 29 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી. આવા મુશ્કેલ સમયે ઈશાન કિશન અને તિલક વર્માએ જવાબદારી સંભાળી હતી.

ઈશાન કિશને આક્રમક અંદાજમાં રમતા 81 રનની શાનદાર ઈનિંગ રમી. તિલક વર્માએ પણ અણનમ 60 રન બનાવ્યા. બંનેની શાનદાર બેટિંગના આધારે ભારતે 5 વિકેટે 219 રનનો વિશાળ સ્કોર ઊભો કર્યો હતો. 220 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમની શરૂઆત આક્રમક રહી હતી, પરંતુ ભારતીય બોલરોએ મેચ પર પકડ બનાવી લીધી. યશ ઠાકુર અને પ્રિન્સ યાદવે 2-2 વિકેટ ઝડપી હતી. ભારતીય બોલરોએ ઝિમ્બાબ્વેને 129 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

## ICC T20 રેન્કિંગમાં ભારત ફરી નંબર-1, ઝિમ્બાબ્વે સામે શ્રેણી વિજય બાદ ઉથલપાથલ

નવી દિલ્હી, તા.26

ભારતીય ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વે સામે 3 મેચોની T20 સિરીઝમાં અજેય સરસાઈ મેળવી લીધી છે. શનિવારે હરારેમાં રમાયેલી 2 જી મેચમાં ભારતે 90 રનથી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે જ ભારતે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ની T20 ટીમ રેન્કિંગમાં ફરીથી પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરીને નંબર 1 નું સ્થાન મેળવી લીધું છે. ભારતે ઈંગ્લેન્ડને પાછળ છોડીને આ તાજ પાછો મેળવ્યો છે.

25 જુલાઈના રોજ અપડેટ થયેલા રેન્કિંગ મુજબ, ભારત અને ઈંગ્લેન્ડ બંનેના 268 રેટિંગ પોઈન્ટ છે, પરંતુ ભારતીય ટીમ પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે અને ઈંગ્લેન્ડ 2 જા સ્થાને ખસી ગયું છે. ઉલ્લેખનીય છે કે, 11 જુલાઈએ T20 વર્લ્ડ કપ ચેમ્પિયન ભારતે પોતાનું નંબર 1 નું સ્થાન ગુમાવ્યું હતું.

ICC ની હાલમાં T20 ટીમ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા 260 પોઈન્ટ સાથે 3 જા સ્થાને છે. જ્યારે ન્યૂઝીલેન્ડ 247 પોઈન્ટ સાથે 4 થા ક્રમે, સાઉથ આફ્રિકા 244 પોઈન્ટ સાથે 5 મા ક્રમે અને પાકિસ્તાન પણ 244 પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે છે. યજમાન ઝિમ્બાબ્વે 202 પોઈન્ટ સાથે 12 મા સ્થાને છે. જો રવિવારે રમાનારી 3 જી અને અંતિમ મેચમાં ભારત જીતશે તો ટોચ પર તેની પકડ વધુ મજબૂત થશે. નોંધનીય છે કે ભારત વનડે રેન્કિંગમાં પણ ટોચ પર છે, જ્યારે ટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા નંબર 1 અને ભારત 4 થા સ્થાને છે.



ઈશાન કિશન (81 રન) અને તિલક વર્મા (અણનમ 60 રન) ની તોફાની ઈનિંગ્સના જોરે ભારતે 20 ઓવરમાં 219/5 નો વિશાળ સ્કોર બનાવ્યો હતો. પ્લેયર ઓફ ધ મેચ ઈશાને 44 બોલનો સામનો કરીને 9 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. કેપ્ટન શ્રેયસ અય્યરે 25 રન, વૈભવ સૂર્યવંશીએ 20 અને અભિષેક શર્માએ 9 રન બનાવ્યા હતા.

જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 17.5 ઓવરમાં 129 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ઝિમ્બાબ્વે માટે બ્રાયન બેનેટે 32 અને તાદિવાનાશે મારુમાનીએ 24 રન બનાવ્યા હતા. ભારત તરફથી અભિષેકે સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી, જ્યારે યશ ઠાકુર અને પ્રિન્સ યાદવે 2-2 વિકેટ લીધી હતી.

## કોમનવેલ્થ ગેમ્સ 2026: વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે ભારતને અપાવ્યો પ્રથમ સિલ્વર મેડલ

નવી દિલ્હી, તા.26

કોમનવેલ્થ ગેમ્સ 2026 માં ભારતે વેઈટલિફ્ટિંગમાં શાનદાર શરૂઆત કરી છે. મણિપુરના વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે મેન્સ 60kg મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરતા કુલ 264kg વજન ઉઠાવીને ભારત માટે આ ગેમ્સનો પ્રથમ સિલ્વર મેડલ જીતી લીધો છે. મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાને કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડ સાથે કુલ 273kg વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે.

મેડલ વિજેતાઓની વિગતો, ગોલ્ડ મેડલ: મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાન (કુલ 273kg - CWG રેકોર્ડ). સિલ્વર મેડલ: ભારતના રિષિકાંત સિંહ (કુલ 264kg - સ્નેચ અને ક્લીન એન્ડ જર્ક મળીને 121+143). બ્રોન્ઝ મેડલ: કેન્યાના જોશુઆ અમુંગા મ્બોયા (કુલ 260kg - 115+145).




ભારતના રિષિકાંત સિંહ ક્લીન એન્ડ જર્કના બીજા પ્રયાસમાં 148kg વજન ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા હતા. અંતિમ પ્રયાસમાં તેમણે 151kg વજન પાર કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળ ન થવાને કારણે તેમણે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. કેન્યાના જોશુઆ અમુંગા મ્બોયાએ અંતિમ ક્લીન એન્ડ જર્ક લિફ્ટમાં 145kg વજન ઉઠાવીને શાનદાર રીતે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

આજે દિવસના અંતિમ ભાગમાં સાંજે 6:45 વાગ્યે ઓલિમ્પિક પદક વિજેતા મીરાબાઈ ચાનુ પોતાના CWG ગોલ્ડ મેડલને ડિફેન્ડ કરવા માટે મેદાનમાં ઉતરશે, જેના પર સમગ્ર દેશની નજર રહેશે.

## ધોની બનવાના ચક્કરમાં ઈશાન કિશને ગજબ લોચો માર્યો, મેદાનમાં પકડ્યું માથું

નવી દિલ્હી, તા.26

ભારતીય વિકેટકીપર ઈશાન કિશનનો ઝિમ્બાબ્વે સામેની 2 જી T20 મેચનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. ભારતના પૂર્વ કેપ્ટન એમએસ ધોની પોતાની ચપળ વિકેટકીપિંગ અને સ્ટમ્પિંગ માટે જાણીતા હતા. વિકેટ પાછળ ધોની જેવો કમાલ કરવાના ચક્કરમાં 28 વર્ષીય ઈશાન કિશને એક મોટી ભૂલ કરી દીધી હતી. તેણે એકદમ આસાન રનઆઉટ કરવાની તક ગુમાવી દીધી હતી અને બાદમાં માથું પકડીને અફસોસ વ્યક્ત કર્યો હતો. હરારેમાં રમાયેલી આ મેચમાં ભારતે 219/5 નો મસમોટો સ્કોર કર્યો હતો અને ઝિમ્બાબ્વેને 17.5 ઓવરમાં 129 રનમાં સમેટીને 90 રનથી શાનદાર જીત નોંધાવી હતી.




ઈશાને 15 મા ઓવરમાં આ રનઆઉટની તક ગુમાવી હતી. સ્પિનર રવિ બિશ્નોઈની ઓવરના 5 મા બોલ પર તદિવાનાશે મારુમાનીએ ડીપ બેકવર્ડ પોઈન્ટ પર સિંગલ લીધો હતો. બીજો રન લેવામાં મારુમાનીને બિલકુલ રસ ન હતો, પરંતુ તેનો સાથી ન્યુમેન ન્યામહુરી દોડી ચૂક્યો હતો. ગણતરીની સેકન્ડોમાં ઝિમ્બાબ્વેના બંને ખેલાડીઓ બોલર એન્ડ પર પહોંચી ગયા હતા, જેનાથી સ્ટ્રાઈકર એન્ડની ક્રીઝ સંપૂર્ણપણે ખાલી હતી. બોલ ઈશાન પાસે આવ્યો અને તેની પાસે રનઆઉટ કરવાનો એકદમ આસાન ચાન્સ હતો.

સ્ટમ્પ્સ પાસે જઈને ગિલ્લી ઉડાડવાને બદલે અથવા બિશ્નોઈને બોલ આપવાને બદલે ઈશાને આરામથી અંડરઆર્મ થ્રો કર્યો. તેણે જે અંદાજમાં એક હાથથી બોલ ફેંક્યો, એવું લાગ્યું કે બેલ્સ પડી જશે, પરંતુ એવું ન થયું. આ નજારો જોઈને ઈશાન ખુદ દંગ રહી ગયો હતો. મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં તેણે કહ્યું, 'મને લાગ્યું કે બેટ્સમેન પહેલેથી જ ક્રીઝની અંદર છે, પરંતુ મારાથી ભૂલ થઈ ગઈ. આગામી વખતે હું બેલ્સ જોઈશ.' આ મેચમાં મારુમાનીએ 19 બોલમાં 24 રન જ્યારે ન્યામહુરીએ 6 બોલમાં 3 રન બનાવ્યા હતા.

વિકેટકીપિંગમાં ભૂલ કરવા છતાં ઈશાને બેટિંગમાં ધમાલ મચાવીને મહેફિલ લૂંટી લીધી હતી. તેણે 44 બોલમાં 9 ચોગ્ગા અને 2 સિક્સરની મદદથી 81 રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેના માટે તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો. આ ઉપરાંત તિલક વર્માએ 29 બોલમાં અણનમ 60 રન બનાવ્યા હતા. આ જીત સાથે ભારતીય T20 કેપ્ટન શ્રેયસ અય્યરે આયર્લેન્ડ (0-2) અને ઈંગ્લેન્ડ (0-4) સામેની હાર બાદ પ્રથમ વખત સિરીઝ પર કબ્જો મેળવીને 3 મેચની સિરીઝમાં 2-0 થી અજેય લીડ મેળવી લીધી છે.

## 4500 કરોડના બજેટમાં બની રહેલી ફિલ્મનું નવું પોસ્ટર રીલિઝ, 23 સુપરહીરો સાથે બાથ ભીડશે 'વિલન'......

નવી દિલ્હી, તા.26

માર્વેલ સ્ટુડિયોએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મોસ્ટ અવેટેડ ફિલ્મ 'એવેન્જર્સ: ડૂમ્સડે' (Avengers: Doomsday) નું નવું પોસ્ટર રિલીઝ કરી દીધું છે. પોસ્ટરમાં ડાર્ક બેકગ્રાઉન્ડ સાથે ડોક્ટર ડૂમનો શક્તિશાળી અને રહસ્યમય અંદાજ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. પોસ્ટરની સાથે માત્ર બે જ શબ્દો લખવામાં આવ્યા છે - 'ડૂમ્સડે ઈઝ કમિંગ'. આ ફિલ્મ 18 ડિસેમ્બર 2026 ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. 'એવેન્જર્સ: ડૂમ્સડે' લગભગ 4500 કરોડ રૂપિયાના તોતિંગ બજેટમાં બની રહી છે, જેના કારણે તેને હોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ ગણાવવામાં આવી રહી છે. આ ફિલ્મનું નિર્દેશન રુસો બ્રધર્સ કરી રહ્યા છે અને ફેવરિટ એક્ટર રોબર્ટ ડાઉની જુનિયર (Robert Downey Jr.) ડોક્ટર ડૂમના પાત્રમાં વાપસી કરી રહ્યો છે.



ડોક્ટર ડૂમ એટલે કે વિક્ટર વોન ડૂમ માર્વેલ યુનિવર્સના સૌથી ખતરનાક વિલનમાંથી એક છે. આત: આ પાત્રને સ્ટેન લી અને જેક કિર્બીએ બનાવ્યું હતું. પહેલીવાર આ પાત્ર 1962 માં 'ફેન્ટાસ્ટિક ફોર' ના કોમિક્સ ઈશ્યુ નંબર 5 માં જોવા મળ્યું હતું.

પૃષ્ઠભૂમિ: વિક્ટર વોન ડૂમ 'લાટવેરિયા' નામના નાના દેશનો સરમુખત્યાર છે. તે એક જિનિયસ વૈજ્ઞાનિક, શોધક અને જાદુગર છે. માસ્કનું રહસ્ય: બાળપણમાં થયેલા એક અકસ્માતમાં તેનો ચહેરો ખરાબ રીતે બળી ગયો હતો, તેથી તે હંમેશા લોખંડનો માસ્ક અને કવચ પહેરે છે. સૌથી મોટો દુશ્મન: ડોક્ટર ડૂમનો સૌથી મોટો દુશ્મન ફેન્ટાસ્ટિક ફોરનો લીડર રીડ રિચાર્ડ્સ (મિસ્ટર ફેન્ટાસ્ટિક) છે. બંનેની દુશ્મનાવટ કોલેજના દિવસોથી ચાલી રહી છે.

ડૂમ હંમેશા વિજ્ઞાન અને જાદુના મિશ્રણથી દુનિયા પર રાજ કરવાનો પ્રયાસ કરે છે. તે માત્ર પોતાની શારીરિક તાકાતથી જ નહીં, પરંતુ દિમાગ અને રણનીતિથી પણ ખૂબ જ ખતરનાક છે. તેણે ઘણી વખત આખી દુનિયાને તબાહ કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ દર વખતે સુપરહીરો તેને રોકવામાં સફળ રહ્યા છે.

'એવેન્જર્સ: ડૂમ્સડે' માં રોબર્ટ ડાઉની જુનિયર આ પાત્રને એક નવું જ રૂપ આપી રહ્યો છે. આયર્ન મેન (Iron Man) તરીકે વર્ષો સુધી ફેન્સના દિલો પર રાજ કર્યા બાદ હવે તે 'ડોક્ટર ડૂમ' બનીને MCU (માર્વેલ સિનેમેટિક યુનિવર્સ) માં વાપસી કરી રહ્યો છે. પોસ્ટરમાં તેનો આ નવો અંદાજ ફેન્સને રોમાંચિત કરી રહ્યો છે. આ ફિલ્મમાં થોર, કેપ્ટન અમેરિકા, ફેન્ટાસ્ટિક ફોર, એક્સ-મેન અને અન્ય ઘણા સુપરહીરો ડોક્ટર ડૂમ સામે એકજૂટ થશે. 4500 કરોડના બજેટ અને આટલી મોટી સ્ટારકાસ્ટ સાથે 'એવેન્જર્સ: ડૂમ્સડે' બોક્સ ઓફિસ પર નવો ઈતિહાસ રચવા જઈ રહી છે. ફેન્સ હવે 18 ડિસેમ્બર 2026 ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જ્યારે ડોક્ટર ડૂમ સિનેમાઘરોમાં કહેર વર્તાવશે.

## રામાયણનું ટ્રેલર લોન્ચ છેલ્લી ઘડીએ મુલતવી રહેતાં ચાહકો નારાજ

### અગાઉ દિલ્હીની ઈવેન્ટ વખતે કેટલીક ક્લિપ્સ લીક થઈ જતાં વિવાદ સર્જાયો હતો

મુંબઇ, તા.26

જેની કાગડોળે વાટ જોવામાં આવી રહી હતી તે રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર લોન્ચ છેલ્લી ઘડીએ મુલતવી રાખવામાં આવતાં ચાહકોમાં નિરાશા ફરી વળી હતી. સાન ડિયેગોમાં કોમિક કોન ખાતે નમિત મલ્હોત્રા દ્વારા પ્રોડ્યૂસ કરાયેલા અને નિતેશ તિવારીનાં દિગ્દર્શન હેઠળની આ ફિલ્મનું ટ્રેલર લોન્ચ થવાનું હતું પણ છેલ્લી ઘડીએ ઈવેન્ટ માંડી વાળવામાં આવી હતી. અને નવી તારીખ પણ જાહેર કરવામાં આવી નથી.

એક ચાહકે નારાજ થઈ જણાવ્યું હતું કે ' રામાયણ' સાથે શું થઈ રહ્યું છે? કલાકો અગાઉ જ ટ્રેલર લોન્ચ કોઈ સ્પષ્ટ કારણ આપ્યા વિના વિલંબિત કરવામાં આવે તેના કારણે ધીરજથી




રાહ જોઈ રહેલાં ચાહકો હતાશ થઈ જાય. કોઈપણ ફિલ્મની હાઈપ વિશ્વાસ પર બનતી હોય છે. તેની પરીક્ષા ન લેશો. ટ્રેલર લોન્ચ મુલતવી રાખવાનું કોઈ સત્તાવાર કારણ જણાવવામાં આવ્યું નથી પણ ટ્રેલરના સીન ઓનલાઈન લીક થયા પછી ફિલ્મ નિર્માતાઓ હવે કોઈ બીજો ચાન્સ લેવા ન માંગતા હોય અને તેમણે બાદમાં ટ્રેલર લોન્ચ કરવાનું નક્કી કર્યું હોઈ શકે છે. સીતાની ભૂમિકા ભજવતી સાઈ પલ્લવીના ફેનપેજ પર જણાવવામાં આવ્યું હતું કે ગણતરીના લોકોને ટ્રેલર બતાવવામાં આવ્યું અને તેમાંથી અમુક બેજવાબદાર લોકોએ તેને લીક કર્યું.

## રણબીરની પુત્રી રાહા સિનેમાગૃહમાં પહેલી ફિલ્મ તેના પિતાની રામાયણ જોશે

### રામાયણ મહાકાવ્યને મોટા સિનેમાના મોટા પડદે સાથે બેસીને જોવું તે ભાવિ પેઢી માટે ઉત્તમ પરિચય

મુંબઇ, તા.26

જેની કાગડોળે વાટ જોવામાં આવી રાહ જોવામાં આવી રહી છે તે રણબીર કપૂરની ફિલ્મ રામાયણનું પ્રમોશન વિદેશમાં શરૂ થઇ ગયું છે. ભગવાન રામની ભૂમિકા ભજવવાનો પડકાર ઝીલી રહેલાં રણબીર અને રાવણની ભૂમિકા ભજવી રહેલાં યશ વિદેશમાં ફિલ્મનો પ્રચાર કરવા પહોંચી ગયા છે. સાન ડિયેગોમાં કોમિક કોન ૨૦૨૬માં બોલતાં રણબીર કપૂરે જણાવ્યું હતું કે મારા માટે રામાયણ ફિલ્મનુ મહત્વ એ અંગત કારણે પણ છે કે મારી પુત્રી રાહા ની આ પહેલી ફિલ્મ હશે જે તે મોટાં પડદે નિહાળશે. હું મારી પુત્રીને આ ફિલ્મ બતાવવા માટે ખૂબ ઉત્સુક છું. રામાયણ તેના માટે મોટાં પડદે જોવાનારી પ્રથમ ફિલ્મ બની રહેશે. રામાયણની કથાનો બાળકોને પરિચય કરાવવા માટે ઉત્તમ રીત તેમની સાથે



બેસી રામાયણ ફિલ્મ જોવી તે છે. ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે રામાયણના દુનિયાના દર્શકો સમક્ષ રજૂ કરવાની મારી મહત્વાકાંક્ષા સાકાર થવા જઇ રહી છે. સોની પિક્ચર્સ એન્ટરટેઇનમેન્ટ સાથે અમારી પાર્ટનરશિપને કારણે મારી આ મહત્વાકાંક્ષા વાસ્તવિકતા બનવા જઇ રહી છે. અમે ટૂંક સમયમાં દુનિયા સમક્ષ ફિલ્મનું ટ્રેલર રજૂ કરીશું. ફિલ્મનું ટ્રેલર સાન ડિયેગોમાં રજૂ કરવાની જાહેરાત કર્યા બાદ છેલ્લી ઘડીએ ટ્રેલર લોન્ચ ઈવેન્ટને મોકૂફ રાખવામાં આવી હતી. રામાયણ ફિલ્મને હોલીવૂડની મોટી ફિલ્મની જેમ પુરી ઝાકઝમાળ સાથે દુનિયાના દર્શકો સમક્ષ રજૂ કરવાની નિર્માતાઓની યોજના છે. રામાયણ ફિલ્મને બે ભાગમાં રજૂ કરવામાં આવશે.

## હવે પંજાબના શિક્ષણ મંત્રી ક્યારે રાજીનામું આપશે? CJP નેતાઓને અભિનેત્રી શ્વેતા તિવારીનો સવાલ

મુંબઇ, તા.26

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ દેશભરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન જાણીતી બોલિવૂડ અને ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીએ પણ આ મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપી છે. શનિવારે એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતા અભિજિત દીપકેનો એક વીડિયો શેર કર્યો હતો અને આકરા સવાલો પૂછ્યા હતા.

વીડિયોમાં CJP નેતા અભિજિત દીપકે કહી રહ્યા છે કે હવે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે, તેથી તેઓ કેબિનેટમાંથી ખરાબ પ્રદર્શન કરનાર કોઈપણ મંત્રીનું રાજીનામું માંગી શકે છે. આ વીડિયો પર પ્રતિક્રિયા આપતા શ્વેતા



તિવારીએ લખ્યું, 'હવે, પંજાબના શિક્ષણમંત્રી ક્યારે રાજીનામું આપી રહ્યા છે? અને કોકરોચ જનતા પાર્ટી ત્યાં ક્યારે પ્રદર્શન કરી રહી છે?'

નોંધનીય છે કે, રાષ્ટ્રીય રાજધાનીમાં અઠવાડિયાઓ સુધી ચાલેલા મોટા પાયે વિદ્યાર્થી આંદોલનો અને જનઆક્રોશ બાદ શનિવારે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું હતું. વિદ્યાર્થીઓ ખાસ કરીને NEET-UG પેપર લીક અને પરીક્ષામાં થયેલી ગેરરીતિઓને લઈને તેમના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. 20 જુલાઈએ જંતર-મંતર ખાતે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા છાત્રો પર દિલ્હી પોલીસના બર્બર લાઠીચાર્જ બાદ સમગ્ર દેશમાં રોષ ફાટી નીકળ્યો હતો. પોલીસની આ કાર્યવાહી બાદ ગુસ્સે ભરાયેલા નાગરિકો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના સમર્થનમાં જંતર-મંતર પહોંચ્યા હતા અને વિરોધ પ્રદર્શનો મેટ્રો શહેરોથી લઈને નાના નગરો સુધી ફેલાઈ ગયા હતા.

આ પ્રદર્શનો ત્યારે વધુ ઉગ્ર બન્યા જ્યારે 18 જુલાઈના રોજ વહેલી સવારે દિલ્હી પોલીસે પર્યાવરણવિદ્ અને કાર્યકર્તા સોનમ વાંગચુકને જંતર-મંતર પરથી બળજબરીપૂર્વક હટાવી દીધા હતા. સોનમ વાંગચુક છેલ્લા 21 દિવસથી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર બેઠા હતા. સત્તાવાળાઓએ તેમની બગડતી તબિયત, તબીબી સલાહ અને દિલ્હી હાઈકોર્ટના આદેશને ટાંકીને તેમને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. વાંગચુક સ્પર્ધાત્મક પરીક્ષાઓની ગેરરીતિઓના મુદ્દે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની જ માંગ કરી રહ્યા હતા.

# સોના- ચાંદીમાં પણ પીછેહઠ : પ્લેટીનમ તૂટી 1600 ડોલરની અંદર

## અમેરિકામાં મંગળ તથા બુધવારે ફેડરલ રિઝર્વની મળનારી મિટિંગ પર હવે વિશ્વ બજારના ખેલાડીઓની નજર



**મુંબઈ, તા.26**

મુંબઈના ઝવેરી બજારમાં આજે શનિવારની સાપ્તાહિક રજા હોવાના કારણે બુલીયન બજારમાં કોઈ સત્તાવાર કામકાજ થયું ન હતું અને બજાર સંપૂર્ણપણે બંધ રહી હતી. જોકે, સત્તાવાર વેપાર બંધ હોવા છતાં પણ બંધ બજારે સોના અને ચાંદી બંને કિંમતી ધાતુઓના ભાવમાં ધીમી પીછેહઠ અને નરમ વલણ જોવા મળ્યું હતું. વૈશ્વિક બજારમાંથી મળી રહેલા સમાચાર પણ કિંમતી ધાતુઓમાં બે તરફી સાંકડી વધઘટ તરફ ઈશારો કરી રહ્યા હતા, જેની સીધી અસર સ્થાનિક બજાર પર પડી હતી. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ તેલના ભાવમાં પણ ઉપલા મથાળેથી ઘટાડાની પ્રક્રિયા સતત આગળ વધી રહી હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. વૈશ્વિક બજારમાં સોનાના ભાવ પ્રતિ ઔંસ ૪૦૫૧ ડોલરના સ્તરેથી મામૂલી સુધારીને છેલ્લે ૪૦૫૨ થી ૪૦૫૩ ડોલર આસપાસ ક્વોટ થઈ રહ્યા હતા.

અન્ય કિંમતી ધાતુ ચાંદીની વાત કરીએ તો વૈશ્વિક સ્તરે ચાંદીના ભાવ પ્રતિ ઔંસ ૫૮.૨૩ થી ૫૮.૨૪ ડોલરના મથાળેથી ઘટીને છેલ્લે ૫૮.૧૭ થી ૫૮.૧૮ ડોલર સુધી પહોંચ્યા હતા. આ જ સમયે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ પણ નીચામાં ૧૦૧.૨૫ સુધી ગબડ્યા પછી રિકવર થઈને ઉંચામાં ૧૦૧.૫૩ સુધી ગયો હતો અને છેલ્લે ૧૦૧.૪૭ ના સ્તરે બંધ રહ્યો હતો. હવે આખી દુનિયાના બજારના મોટા ખેલાડીઓ અને રોકાણકારોની નજર આગામી ૨૮ અને ૨૯ જુલાઈના રોજ મળનારી યુએસ ફેડરલ રિઝર્વની મહત્વની બેઠક પર ટકેલી છે. અમેરિકામાં ફુગાવો અને મોંઘવારીનો દર હજુ પણ ઊંચા સ્તરે જળવાયેલો હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજના દરોને લઈને કેવો આકરો કે નરમ વ્યૂહ અપનાવે છે તેના પર સમગ્ર વિશ્વના બુલિયન બજારનો ભવિષ્યનો આધાર રહેશે.

સ્થાનિક બજારની સ્થિતિ જોઈએ તો અમદાવાદના ઝવેરી બજારમાં સોના-ચાંદીના ભાવ મજબૂત પાટા પર રહ્યા હતા, જેમાં અમદાવાદ ખાતે ૧૦ ગ્રામ ૯૯૫ સોનાનો ભાવ ૧૪૮૨૦૦ રૂપિયા અને ૯૯૯ શુદ્ધ સોનાનો ભાવ ૧૪૮૫૦૦ રૂપિયા બોલાયો હતો, જ્યારે અમદાવાદમાં ચાંદીનો ભાવ પ્રતિ કિલોગ્રામે ૨૨૩૦૦૦ રૂપિયાના સ્તરે સ્થિર રહ્યો હતો. બીજી તરફ મુંબઈ બુલિયન બજારમાં જીએસટી વગરના ભાવમાં થોડો નરમાશનો માહોલ જોવા મળ્યો હતો. મુંબઈમાં સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામે ૨૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાતા ૯૯૫ સોનાનો ભાવ ૧૪૩૦૦૦ રૂપિયા અને ૯૯૯ શુદ્ધ સોનાનો ભાવ ૧૪૩૬૦૦ રૂપિયા નોંધાયો હતો, જ્યારે મુંબઈમાં જીએસટી વગર ચાંદીનો ભાવ પ્રતિ કિલો ૨૫૦ રૂપિયા ઘટીને ૨૨૨૫૦૦ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.

વૈશ્વિક સ્તરે ઈંધણ અને ક્રૂડ તેલના બજારમાં પણ આ સપ્તાહ દરમિયાન સળંગ ઘટાડો ચાલુ રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૯૭.૮૦ ડોલરના ઉપલા સ્તરેથી ઘટીને નીચામાં ૯૫.૧૩ ડોલર સુધી સરકી ગયા હતા અને છેલ્લે ૯૬.૭૮ ડોલર પર ટ્રેડ થઈ રહ્યા હતા. તે જ રીતે યુએસ ક્રૂડના ભાવ પણ ૯૦.૦૮ ડોલરથી ઘટીને નીચામાં ૮૭.૬૮ ડોલર થયા બાદ ૮૯.૩૧ ડોલર સુધી પહોંચ્યા હતા. પ્રીમિયમ ધાતુઓમાં પ્લેટીનમના ભાવ પ્રતિ ઔંસ ૧૫૯૩ ડોલર નોંધાયા હતા, જ્યારે પેલેડીયમના ભાવ ૧૨૫૪ થી ૧૨૬૦ ડોલરથી ઘટીને ૧૨૪૬ થી ૧૨૪૭ ડોલર રહ્યા હતા. કોપરના ભાવમાં છેલ્લે ૦.૨૨ ટકાનો મામૂલી વધારો જોવા મળ્યો હતો.

અંતરરાષ્ટ્રીય રાજકારણ અને યુદ્ધની પરિસ્થિતિ પણ આ બજારો પર મોટી અસર પાડી રહી છે. તાજેતરમાં યુક્રેન દ્વારા રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલો આવ્યા છે, જેની સીધી આડઅસર આગામી નવા સપ્તાહમાં ક્રૂડ તેલના પુરવઠા અને તેના ભાવ પર દેખાવાની પૂરેપૂરી શક્યતા બજારના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. આ બધા વચ્ચે ઈરાન અને અમેરિકા વચ્ચે વણસેલા સંબંધોને સુધારીને ફરીથી વાતચીત શરૂ કરાવવા માટે પાકિસ્તાને મધ્યસ્થી તરીકેના પ્રયાસો હાથ ધર્યા હોવાના સમાચાર મળ્યા છે, અને પાકિસ્તાનની આ પહેલને ચીન દ્વારા પણ સંપૂર્ણ રાજનૈતિક ટેકો આપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

વિદેશી હૂંડિયામણ અને કરન્સી માર્કેટની સ્થિતિ પણ ખૂબ જ ચિંતાજનક બની રહી છે. આ સપ્તાહ દરમિયાન મજબૂત થતા અમેરિકી ડોલર સામે જાપાનની કરન્સી યેનમાં ખૂબ જ મોટો કડાકો જોવા મળ્યો હતો, જે છેલ્લા બે મહિનામાં જાપાની ચલણમાં આવેલો સૌથી મોટો વીકલી કે સાપ્તાહિક ઘટાડો માનવામાં આવી રહ્યો છે. ડોલર સામે જાપાનનું ચલણ એટલી હદે ગબડી ગયું છે કે તે નીચામાં પોતાના ૪૦ વર્ષના સૌથી નીચલા તળિયે પહોંચી ગયું છે, જેના કારણે વૈશ્વિક નાણાકીય બજારમાં અનિશ્ચિતતાનો માહોલ વધુ ઘેરો બન્યો છે.

# ઓગસ્ટમાં 14 દિવસ બેંકોમાં કામ નહીં થાય: 5 રવિવાર અને 2 શનિવાર ઉપરાંત અલગ-અલગ જગ્યાએ 7 દિવસ બેંક બંધ રહેશે




**નવી દિલ્હી, તા.26**

આવતા મહિને એટલે કે ઓગસ્ટ મહિનામાં જો તમારે નાણાકીય લેવડદેવડ કે બેંક સંબંધિત કોઈ પણ મહત્વનું કામ પતાવવાનું હોય તો અત્યારથી જ તેનું યોગ્ય આયોજન કરી લેવું ખૂબ જ જરૂરી બની ગયું છે. ઓગસ્ટ મહિના દરમિયાન દેશના જુદા જુદા રાજ્યો અને શહેરોમાં બેંકોમાં કુલ 14 દિવસ સુધી કામકાજ બંધ રહેવાનું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના રજાઓના કેલેન્ડર મુજબ, આ ઓગસ્ટ મહિનામાં આવતા 5 રવિવાર અને બીજા તથા ચોથા શનિવારની નિયમિત સાપ્તાહિક રજાઓ ઉપરાંત જુદા જુદા પ્રાદેશિક તહેવારો, સામાજિક પ્રસંગો અને રાષ્ટ્રીય રજાઓને કારણે અલગ અલગ વિસ્તારોમાં બીજા 7 દિવસ માટે બેંકોના દરવાજા બંધ રહેશે. આવી પરિસ્થિતિમાં જો તમારે ચેક ક્લિયરન્સ, ડીડી બનાવવા, નવું ખાતું ખોલાવવું કે રોકડ જમા-ઉપાડ જેવી શાખા સ્તરે થતી સેવાઓનો ઉપયોગ કરવાનો હોય તો બેંકિંગ રજાઓનું આ પૂરું શિડ્યુલ જાણી લેવું અત્યંત જરૂરી છે જેથી કરીને બેંકના ધક્કા ન ખાવા પડે અને તમારો કિંમતી સમય પણ બચે.

દર મહિનાની જેમ આ ઓગસ્ટમાં પણ બીજા અને ચોથા શનિવારે નિયમ મુજબ બેંકોમાં રજા રહેશે. તે મુજબ 8 ઓગસ્ટે મહિનાનો બીજો શનિવાર હોવાથી દેશભરની તમામ સરકારી અને ખાનગી બેંકોમાં કામકાજ સંપૂર્ણપણે સ્થગિત રહેશે. ત્યારપછી 22 ઓગસ્ટે મહિનાનો ચોથો શનિવાર આવતો હોવાથી તે દિવસે પણ દેશની તમામ બેંક શાખાઓ બંધ રાખવામાં આવશે. સાપ્તાહિક રજાઓની વાત કરીએ તો આ વખતે ઓગસ્ટ મહિનામાં ગ્રાહકોને કુલ 5 રવિવારની રજાઓ મળી રહી છે. આ ક્રમમાં 2 ઓગસ્ટ, 9 ઓગસ્ટ, 16 ઓગસ્ટ, 23 ઓગસ્ટ અને 30 ઓગસ્ટના રોજ રવિવાર હોવાને કારણે દેશભરમાં બેંકોમાં કોઈ જ કામકાજ થશે નહીં. આમ, માત્ર શનિવાર અને રવિવાર મળીને જ કુલ 7 દિવસ બેંકોમાં નિયમિત સાપ્તાહિક રજા રહેશે અને બાકીના 7 દિવસ સ્થાનિક તહેવારો આધારિત રજાઓ રહેશે.

જોકે, બેંકોની શાખાઓ ભલે આટલા દિવસો માટે બંધ રહેવાની હોય પણ સામાન્ય ગ્રાહકોના રોજિંદા વહિવટ પર તેની બહુ મોટી માઈનસ અસર નહીં પડે. કારણ કે આજના આધુનિક યુગમાં ઉપલબ્ધ તમામ પ્રકારની ડિજિટલ અને ઓનલાઈન બેન્કિંગ સેવાઓ ચોવીસે કલાક અને સાતેય દિવસ પહેલાની જેમ જ રાબેતા મુજબ કાર્યરત રહેશે. બેંકિંગ રજાઓના દિવસો દરમિયાન પણ તમે મોબાઈલ બેન્કિંગ એપ, નેટ બેન્કિંગ, ગૂગલ પે કે ફોન પે જેવા UPI પ્લેટફોર્મ અને નજીકના ATM મશીન દ્વારા નાણાંની આપ-લે, બિલ ચુકવણી કે અન્ય જરૂરી ઓનલાઈન કામગીરી કોઈ પણ અડચણ વગર કરી શકશો. આ તમામ સુવિધાઓ પર બેંકોની ભૌતિક રજાઓની કોઈ જ માળખાકીય અસર થતી નથી, એટલે તમે ઘેરબેઠા જ તમારું નાણાકીય કામ સરળતાથી પતાવી શકો છો.

# ટોપ-10 માંથી 9 કંપનીનું માર્કેટ કેપ ₹2.74 લાખ કરોડ ઘટ્યું: HDFC બેંક ટોપ લૂઝર, વેલ્યુ ₹1.18 લાખ કરોડ ઘટી, HULની વેલ્યુ વધી

**મુંબઈ, તા.26**

શેરબજારમાં તાજેતરમાં જોવા મળેલા ભારે ઘટાડાના વલણ વચ્ચે ગયા અઠવાડિયે દેશની ટોપ-૧૦માંથી ૯ સૌથી મૂલ્યવાન કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશનમાં એકસાથે કુલ ૨.૭૪ લાખ કરોડ રૂપિયાથી પણ વધુનો જંગી ઘટાડો નોંધાયો છે. આ ચોંકાવનારા ઘટાડામાં સૌથી મોટો ફટકો દેશની અગ્રણી બેંક એચડીએફસી (HDFC) બેંકને પડ્યો છે, જેને વેલ્યુએશનમાં સૌથી વધુ નુકસાન વેઠવું પડ્યું છે. આ અઠવાડિયા દરમિયાન ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંક સેન્સેક્સમાં ૨,૦૯૧.૬૮ પોઈન્ટ એટલે કે ૨.૬૭ ટકાનો મોટો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે બીજી તરફ નિફ્ટીમાં પણ ૫૬૬.૮૫ પોઈન્ટ એટલે કે ૨.૩૨ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. બજારમાં પ્રવર્તતા આ ચોતરફી મંદીના માહોલ વચ્ચે દેશની ટોપ-૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદીમાંથી માત્ર હિન્દુસ્તાન યુનિલિવર જ એકમાત્ર એવી કંપની બનીને ઉભરી આવી છે, જેણે પોતાના વેલ્યુએશનમાં વધારો નોંધાવીને રોકાણકારોનો ભરોસો જાળવી રાખ્યો છે. સામાન્ય ભાષામાં સમજીએ તો માર્કેટ




કેપિટલાઈઝેશન એટલે કે માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના બજારમાં ઉપલબ્ધ કુલ આઉટસ્ટેન્ડિંગ શેરોનું વર્તમાન નાણાકીય મૂલ્ય છે, જે હાલમાં રોકાણકારો કે શેરહોલ્ડર્સ પાસે રહેલા હોય છે. આ માર્કેટ કેપની ગણતરી કરવાની પદ્ધતિ ખૂબ જ સરળ છે, જેમાં કંપની દ્વારા બહાર પાડવામાં આવેલા કુલ શેરોની સંખ્યાને તે શેરની હાલની બજાર કિંમત સાથે ગુણવામાં આવે છે. આ બાબતને એક સરળ વ્યવહારુ ઉદાહરણ દ્વારા સમજી શકાય છે કે જો કોઈ કંપની 'A' ના બજારમાં ૧ કરોડ શેર રોકાણકારો પાસે છે અને તેના એક શેરની કિંમત ૨૦ રૂપિયા ચાલતી હોય, તો તે કંપનીની કુલ માર્કેટ વેલ્યુ ૧ કરોડ ગુણ્યા ૨૦ એટલે કે ૨૦ કરોડ રૂપિયા ગણાશે. બજારમાં શેરના ભાવમાં થતા સતત ઉતાર-ચઢાવને કારણે કંપનીઓની આ માર્કેટ વેલ્યુમાં પણ ફેરફાર થતો રહે છે.

કંપનીના માર્કેટ કેપમાં ફેરફાર થવા પાછળ ઘણા બધા મૂળભૂત અને ટેકનિકલ કારણો જવાબદાર હોય છે. જ્યારે કંપનીના શેરની કિંમતોમાં ઉછાળો આવે, કંપની મજબૂત નાણાકીય ત્રિમાસિક પરિણામો જાહેર કરે, કંપની કે તેના ઉદ્યોગને લગતા સકારાત્મક સમાચાર આવે, સમગ્ર બજારનું સેન્ટિમેન્ટ પોઝિટિવ હોય અથવા કંપની ઊંચા ભાવે નવા શેર જાહેર કરે ત્યારે માર્કેટ કેપમાં વધારો જોવા મળે છે. આનાથી વિપરીત, જ્યારે શેરના ભાવ ઘટે, ખરાબ નાણાકીય પ્રદર્શન સામે આવે, કોઈ નકારાત્મક ઈવેન્ટ કે સમાચાર બજારમાં ફેલાય, દેશના અર્થતંત્રમાં મંદીનો માહોલ બને અથવા કંપની શેર બાયબેક કે ડીલિસ્ટિંગનો નિર્ણય લે ત્યારે માર્કેટ કેપમાં મોટો ઘટાડો નોંધાતો હોય છે.

માર્કેટ કેપિટલાઈઝેશનમાં થતા આ ઉતાર-ચઢાવની સીધી અને ઊંડી અસર કંપની તથા રોકાણકારો બંને પર પડે છે. એક તરફ મોટું અને સ્થિર માર્કેટ કેપ ધરાવતી કંપની માટે બજારમાંથી નવું ભંડોળ એકત્ર કરવાનું, બેંકો પાસેથી લોન મેળવવાનું કે અન્ય નવી કંપનીઓને હસ્તગત કરવાનું કામ ખૂબ જ આસાન બની જાય છે, જ્યારે માર્કેટ કેપ ઘટી જવાથી કંપનીની આર્થિક ક્ષમતા અને નિર્ણયો લેવાની તાકાત સીમિત થઈ જાય છે.

# IDFC ફર્સ્ટ બેંકનો નફો 132% વધીને ₹1,075 કરોડ: પ્રથમ ક્વાર્ટરમાં નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ 21% વધી, પ્રોવિઝનિંગ ઘટવાથી અને એસેટ ક્વોલિટી સુધરવાથી ફાયદો

**મુંબઈ, તા.26**

પ્રાઈવેટ સેક્ટરની IDFC ફર્સ્ટ બેંકે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલ-જૂન 2026)ના પરિણામો જાહેર કર્યા છે. જૂન 2026ના રોજ પૂરા થયેલાં આ ક્વાર્ટરમાં બેંકનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 132.2% વધીને 1,075 કરોડ રૂપિયા થયો છે.

એક વર્ષ પહેલાં આ જ સમયગાળામાં બેંકને 463 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થયો હતો. બેંકના નફામાં આ મોટો વધારો મજબૂત નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII) અને ઓછી પ્રોવિઝનિંગને કારણે થયો છે.

બેંકની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII) એટલે કે કમાયેલા વ્યાજ અને ચૂકવેલા વ્યાજ વચ્ચેનો તફાવત વાર્ષિક ધોરણે 21% વધીને 5,972 કરોડ રૂપિયા થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં તે 4,933 કરોડ રૂપિયા હતો. આ વૃદ્ધિ બેંકના કોર લેન્ડિંગ બિઝનેસમાં આવેલી મજબૂતી દર્શાવે છે.

બેંકનો નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) જૂન 2026 ક્વાર્ટરમાં વધીને 5.96% થયો છે, જે જૂન 2025 ક્વાર્ટરમાં 5.71% હતો. એટલે કે, તેમાં વાર્ષિક ધોરણે 25 બેસિસ પોઈન્ટ્સનો સુધારો થયો છે.

તે મ જ, ત્રિમાસિક-દર-ત્રિમાસિક (QoQ) ધોરણે NIM માં 3 bps નો વધારો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન બેંકનો ઓપરેટિંગ પ્રોફિટ 14% વધીને 2,553 કરોડ થયો, જે ગયા વર્ષે આ જ ત્રિમાસિકમાં 2,239 કરોડ હતો.

પ્રથમ ત્રિમાસિકમાં બેંકનો પ્રોવિઝનિંગ ખર્ચ ઘટીને 1,144 કરોડ થયો, જે ગયા વર્ષના આ જ ત્રિમાસિકમાં 1,659 કરોડ હતો. જોકે, તે અગાઉના ત્રિમાસિક (માર્ચ 2026) ના 869 કરોડની સરખામણીમાં વધુ છે.

એસેટ ક્વોલિટીના મોરચે બેંકની સ્થિતિ સુધરી છે. જૂન ત્રિમાસિકના અંતે બેંકનો ગ્રોસ NPA ઘટીને 1.51% થયો, જે માર્ચ ત્રિમાસિકમાં 1.61% હતો. નેટ NPA પણ અગાઉના ત્રિમાસિકના 0.48% થી સુધરીને 0.44% થયો.

30 જૂન 2026 સુધીમાં બેંકનો કુલ ગ્રાહક વ્યવસાય (જેમાં લોન અને ગ્રાહક ડિપોઝિટનો સમાવેશ થાય છે) 18.6% ના વાર્ષિક વધારા સાથે 6,04,776 કરોડ રૂપિયા પર પહોંચી ગયો. એક વર્ષ પહેલાં તે 5,10,031 કરોડ રૂપિયા હતો. ત્રિમાસિક ધોરણે તેમાં 5.2% નો વધારો નોંધાયો છે.




બેંકનો રિટર્ન ઓન એસેટ્સ (RoA) Q1 FY27 માં વધીને 1.06% થયો, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં 0.54% હતો. આ ઉપરાંત, બેંકનો કેપિટલ એડિક્વસી રેશિયો 15.05% રહ્યો, જેમાં કોમન ઈક્વિટી ટિયર-1 (CET-I) રેશિયો 13.33% સામેલ છે.

બેંકની લોન અને એડવાન્સ (ક્રેડિટ સબસ્ટિટ્યુટ્સ સહિત) 20.6% YoY વધીને 3,05,370 કરોડ રૂપિયા થઈ ગઈ, જે એક વર્ષ પહેલાં 2,53,233 કરોડ રૂપિયા હતી.

ક્રમિક ધોરણે તેમાં 5.2% ની વૃદ્ધિ થઈ. આ વૃદ્ધિમાં મોર્ગેજ, વ્હીકલ લોન, કોર્પોરેટ લોન અને કન્ઝ્યુમર લોનનો મુખ્ય ફાળો રહ્યો.

RAM પોર્ટફોલિયો: રિટેલ, એગ્રીકલ્ચર અને MSME (RAM) પોર્ટફોલિયો 18.2% YoY વધીને 2,41,118 કરોડ રૂપિયા પર પહોંચી ગયો (QoQ 3.8% વૃદ્ધિ).

હોલસેલ બુક: હોલસેલ લોન બુકમાં વધુ ઝડપી વૃદ્ધિ જોવા મળી, જે 30.4% YoY અને 11% QoQ વધીને 64,252 કરોડ રૂપિયા થઈ ગઈ.

30 જૂન 2026 સુધીમાં બેંકની ગ્રાહક ડિપોઝિટ્સ 16.6% YoY વધીને 2,99,405 કરોડ રૂપિયા થઈ ગઈ, જે માર્ચ ક્વાર્ટરની સરખામણીમાં 5.3% વધુ છે.

બેંકની CASA (કાસા) ડિપોઝિટ્સ વાર્ષિક ધોરણે 24.6% અને ત્રિમાસિક ધોરણે 8.1% વધીને 1,58,492 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ.

તેનાથી બેંકનો CASA રેશિયો સુધરીને 50.8% થયો છે, જે એક વર્ષ પહેલાં 48% અને માર્ચ ક્વાર્ટરમાં 49.8% હતો.

કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ (CASA) રેશિયો: આ બેંકના કુલ ડિપોઝિટમાં કરન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટના પૈસાની ટકાવારી દર્શાવે છે. CASA રેશિયો જેટલો વધારે હોય છે, બેંકનો ફંડ એકત્ર કરવાનો ખર્ચ તેટલો જ ઓછો હોય છે, કારણ કે આ ખાતાઓ પર ઓછું વ્યાજ ચૂકવવું પડે છે.

નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM): આ બેંકના નાણાકીય પ્રદર્શનનું માપદંડ છે. આ બેંક દ્વારા આપવામાં આવેલી લોનમાંથી મળેલ વ્યાજ અને ડિપોઝિટ પર ચૂકવવામાં આવતા વ્યાજના તફાવતનો કુલ એસેટ્સની સરખામણીમાં ટકાવારી દર્શાવે છે.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 76822 ઉપર બંધ થતાં 77588 જોવાશે

**મુંબઈ, તા.26**

અનિશ્ચિતતાના દોરમાંથી વિશ્વ અત્યારે પસાર થઈ રહ્યું છે. ફરી ઈરાન-અમેરિકા યુદ્ધના મેદાનમાં આવીને હોર્મુઝ માર્ગે વેપાર અટકાવી દેવાના પ્રયાસો અને હોર્મુઝને બદલે જોખમી છતાં વૈકલ્પિક રાતા સમુદ્ર માર્ગે વેપાર કરનારાને પણ ઈરાન સમર્થિત હુથીઓ થકી બાનમાં લઈને સાઉદી અરેબિયાઅને એના થકી અમેરિકા સહિતના દેશો પરની ભીંસ વધારવાના પ્રયાસો થયા છે. જેનાથી ફરી ક્રુડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરની સપાટી ગત સપ્તાહે કુદાવી જતાં ભારત સહિતના દેશોની ચિંતા વધી છે. જો કે ઈરાન-અમેરિકા ફરી વાટાઘાટના ટેબલ પર પાછા આવશે એવા સપ્તાહના અંતે અહેવાલ વહેતા કરીને ક્રુડ ઓઈલમાં ઘટાડો લાવીને તેજીવાળાને ટ્રેપમાં લેવાયા છે. જ્યારે બીજી તરફ ટ્રમ્પે ફરી ટેરિફની તલવાર મ્યાનમાંથી કાઢીને ભારત, ચાઈના સહિત એશિયાના દેશો બાદ યુરોપના દેશો પર વિંઝવાનું ચાલુ કરી દેતાં અને ગુગલને દંડિત કરનાર યુરોપિયન યુનિયનને આડે હાથ લેતાં વિશ્વમાં ફફડાટ વ્યાપત થયો છે. ક્રુડની આગ, ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં ધોવાણ અને ઘર આંગણે ચોમાસાની સારી પ્રગતિ બાદ હવે મહારાષ્ટ્ર, ગુજરાત સહિતમાં અતિવૃષ્ટિનું જોખમ અને અન્ય રાજ્યોની સ્થિતિને જોતાં અલ-નીનોનું જોખમ હજુ ઝળુંબી રહ્યું હોઈ આગામી દિવસોમાં આ પરિબળ પણ બજારના સેન્ટીમેન્ટને અસર કરશે. વૈશ્વિક અને સ્થાનિક પરિબળો વચ્ચે આગામી સપ્તાહમાં સેન્સેક્સ ૭૬૮૨૨ ઉપર બંધ થતાં ૭૭૫૮૮ અને નિફ્ટી સ્પોટ ૨૪૦૧૧ ઉપર બંધ થતાં ૨૪૨૫૫ જોવાઈ શકે છે.

અર્જુનની આંખે : DYNAMIC CABLES LTD.

બીએસઈ (૫૪૦૭૯૫), એનએસઈ (DYCL) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, ડાયનામિક કેબલ્સ લિમિટેડ(DYNAMIC CABLES LIMITED), ભારતમાં ૪૦ વર્ષથી વધુ સમયથી કેબલ અને વાયર મેન્યુફેક્ચરર્સ તરીકે કાર્યરત છે, જે સ્થાનિક અને વિદેશોમાં એનર્જી અને પાવર ક્ષેત્ર બન્ને સર્વિસિઝ પૂરી પાડી રહી છે. રાજસ્થાનના હાર્દમાં સ્થિત ત્રણ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ અને આરઈઈએનજીયુએસ ખાતે એક મળીને કુલ ચાર પ્લાન્ટ ધરાવે છે. કંપનીના ઉત્પાદનો સીઈ પ્રમાણિત છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ લેબ્સ જેમ કે સીપીઆરઆઈ, ઈઆરડીએ અને ટીએજી કોર્પોરેશન દ્વારા ટાઈપ-ટેસ્ટ કરવામાં આવે છે, જે ઔદ્યોગિક, નિકાસ, ટર્નકી પ્રોજેક્ટસ, પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર




વર્ક્સ સહિતને આવરી લે છે. જયપુર ઉત્પાદન સુવિધાઓ ISO 9001:2015, ISO 45001 : 2018, ISO 14001:2015, આઈસીએલ (ઈન્ટરટેક સર્ટિફિકેશન લિમિટેડ યુકેએએસ, યુ.કે.) સાથે સર્ટિફાઈડ છે. માર્કેટિંગ ૧૦૦થી વધુ વિદેશી ખરીદદારો, ૨૫૦થી વધુ સ્થાનિક ખરીદદારો દ્વારા ૪૩થી વધુ દેશોમાં નિકાસ કરે છે, ૬૦૦થી વધુ લોકોની ટીમ ધરાવે છે.

પ્રોડક્ટસ : ડાયનામિક હાઉસ વાયર, બેરે કન્ડક્ટર્સ, ઈન્સ્યુલેટેડ કન્ડક્ટર્સ, ૬૬કેવી એચવી પાવર કેબલ્સ, એમવી એરિઅલ બન્ચ્ડ કેબલ્સ એમવી પાવર કેબલ્સ કોપર, એમવી પાવર કેબલ્સ એલ્યુમીનિયમ, એલવી એરિઅલ બન્ચ્ડ કેબલ્સ, એલવી પાવર કેબલ્સ કોપર, એલવી પાવર કેબલ્સ એલ્યુમીનિયમ, એલવી કંટ્રોલ કેબલ્સ, એલવી કોન્સેન્ટ્રિક કેબલ્સ, રેલવે સિગ્નલિંગ કેબલ્સ, ગેલ્વેનાઈઝ્ડ સ્ટે વાયર-અર્થ વાયર સહિતનો સમાવેશ છે.

કંપની તેની આવકના ૮૦ ટકા ખાનગી કંપનીઓ પાસેથી, ૧૩ ટકા પીએસયુ સાહસો પાસેથી અને ૭ ટકા નિકાસમાંથી મેળવે છે. કંપનીના પ્રમુખ ગ્રાહકોની યાદીમાં પાવર ગ્રીડ કોર્પોરેશન, ભેલ, એનટીપીસી, મહાવિતરણ, કેએસઈબી, પંજાબ પાવર, તમિલ નાડુ ઈલેક્ટ્રિક, બીસકોમ, ડીવીસી, ટાટા પાવર, ગોદરેજ, વોલ્ટાસ, જીવી વર્નોવા, એબીબી, બીએસઈએસ, બજાજ, એનસીસી, જીનસ, લાર્સન એન્ડ ટુબ્રો, કેઈસી, સ્ટર્લિંગ એન્ડ વિલસન, સિમેન્સ, અદાણી, હિટાચી એનર્જી, બ્લુ સ્ટાર, એનપીસીએલ, એકમે, આદિત્ય બિરલા, અમર રાજા સહિતનો સમાવેશ છે. કંપની નિકાસો અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ભૂતાન, ફાસો, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ઈજીપ્ત, ઈથોપિયા, ગેબોન, ગાંબિયા, ઘાના, ગીની બિસ્સુ, ઈરાક, જોર્ડન, કેન્યા, લાઓસ, લાઈબિરીયા, લિબિયા, માલી, મોરિટાના, મોરિશિયસ, મોઝામ્બિક, મ્યાનમાર, નેપાળ, નાઈજીરિયા, ફિલિપાઈન્સ, રવાન્ડા, સેનેગલ, સિએરા લીઓન, સાઉથ આફ્રિકા, શ્રી લંકા, સિરીયા, તાન્ઝાનિયા, ટોગો, ત્રિનિદાદ અને ટોબાગો, ટ્યુનિશિયા, યુગાન્ડા, યુ.એસ.એ., યેમેન, ઝામ્બિયા અને ઝાંઝિબાર સહિતમાં કરે છે.

કંપનીના ક્રેડિટ રેટિંગમાં ક્રિસિલ એ/સ્ટેબલ ફોર લોંગટર્મ અને ક્રિસિલ એ/૧ ફોર શોર્ટ ટર્મ ધરાવે છે. ૧, એપ્રિલ મુજબ કંપનીની ઓર્ડર બુક રૂ.૮૦૮ કરોડની છે. પ્રમુખ બિઝનેસ ડેવલપમેન્ટ : (૧) બીટુબી સેગ્મેન્ટ મમાટે એફઆર-એલએસએચ અને એચઆર-એફઆરએલએસએચ હાઉસિંગ વાયર લોન્ચ (૨) એસીએસઆર અને એએલ-૫૯ કંડકટર માટે પીજીસીઆઈએલ મંજૂરી (૩) ટેકનિકલ એચટીએલએસ કાર્બન કોર કંડકટર (ટીએસ કંડકટર)નું ઉત્પાદન અને માર્કેટ કરવા માટે ટીએસ કંડકટર કોર્પ, યુ.એસ.એ. સાથે ભાગીદારી. રિન્યુએબલ સેગ્મેન્ટમમાં ૧૦૦ ટકા વધારો થયો છે, જે કુલ આવકના ૧૯ ટકા યોગદાન આપે છે. નાણા વર્ષ ૨૦૨૬ માટે કોર પ્રોડક્ટ ગ્રોથ ૨૫ ટકા રહ્યો છે.

# ફક્ત એકવાર રોકાણ કરો, પછી દર મહિને રિસ્ક વગર કમાણી જ કમાણી, ₹1,000 થી શરૂ કરી શકો છો ઈન્વેસ્ટમેન્ટ

**નવી દિલ્હી, તા.26**

જો તમે તમારી કચેલી કે બચેલી મૂડીનું કોઈ એવી સુરક્ષિત જગ્યાએ રોકાણ કરવાનું વિચારી રહ્યા છો જ્યાં તમારું રોકાણ સંપૂર્ણપણે સલામત રહે અને સાથે સાથે દર મહિને એક નિશ્ચિત તથા શાનદાર વળતર પણ મળતું રહે, તો આ દ્રષ્ટિએ ભારતીય પોસ્ટ ઓફિસ દ્વારા ચલાવવામાં આવતી સ્મોલ સેવિંગ સ્કીમ્સ તમારા માટે શ્રેષ્ઠ અને અત્યંત ઉપયોગી વિકલ્પ સાબિત થઈ શકે છે. આવી જ એક લોકપ્રિય અને ભરોસાપાત્ર યોજના છે પોસ્ટ ઓફિસ મંથલી ઈન્કમ સ્કીમ (POMIS), જે ગ્રાહકોને દર મહિને નિયમિત અને ગેરંટીડ આવકની ખાતરી આપે છે. આ યોજનાની સૌથી મોટી ખાસિયત એ છે કે આમાં તમારે વારંવાર પૈસા જમા કરાવવાની જરૂર નથી પડતી, પરંતુ માત્ર એક જ વાર એકમુઠ રકમનું રોકાણ કરવાનું હોય છે અને ત્યારબાદ દર મહિને વ્યાજ સ્વરૂપે તમારી આવક શરૂ થઈ જાય છે.

પોસ્ટ ઓફિસની તમામ બચત યોજનાઓને દેશભરમાં જે વાત સૌથી વધુ લોકપ્રિય અને વિશ્વાસપાત્ર બનાવે છે તે એ છે કે આ સંપૂર્ણપણે ઝીરો રિસ્ક એટલે કે શૂન્ય જોખમ ધરાવતી સ્કીમ્સ છે. શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડની જેમ આમાં કોઈ જ ઉતાર-ચઢાવનું જોખમ હોતું નથી



અને તમે કરેલા નાના કે મોટા રોકાણની સુરક્ષાની પૂરેપૂરી ગેરંટી ખુદ ભારત સરકાર આપે છે. પોસ્ટ ઓફિસની આ એમઆઈએસ સ્કીમ ખાસ કરીને નિવૃત્ત થયેલા વરિષ્ઠ નાગરિકો, ગૃહિણીઓ અને એવા તમામ રોકાણકારો દ્વારા સૌથી વધુ પસંદ કરવામાં આવે છે જેઓ બજારના જોખમોથી દૂર રહીને પોતાની જમાપૂંજી પર એક ચોક્કસ અને નિયમિત માસિક આવક મેળવવા ઈચ્છે છે. હાલના સમયમાં પોસ્ટ ઓફિસની આ મંથલી ઈન્કમ સ્કીમ હેઠળ સરકાર દ્વારા વાર્ષિક ૭.૪ ટકાના દરે ખૂબ જ આકર્ષક વ્યાજ ઓફર કરવામાં આવી રહ્યું છે અને આ વ્યાજની રકમનું પેમેન્ટ દર મહિને સીધું તમારા ખાતામાં કરવામાં આવે છે. આ સરકારી યોજનામાં જોડાવા માટે ખૂબ મોટા બજેટની પણ જરૂર નથી, તમે માત્ર ૧,૦૦૦ રૂપિયાના ન્યૂનતમ રોકાણ સાથે પણ તમારું એકાઉન્ટ ખોલાવી શકો છો. આ સિવાય જો તમે પતિ-પત્ની કે પરિવારના કોઈ સભ્ય સાથે મળીને રોકાણ કરવા માંગતા હોવ તો જોઈન્ટ ખાતું ખોલાવવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ માટે તમારે તમારી નજીકની પોસ્ટ ઓફિસમાં જઈને જરૂરી ઓળખપત્રો અને સરનામાના પુરાવા જેવા દસ્તાવેજો સાથે સરળતાથી અરજી કરવાની રહે છે.

રોકાણની મર્યાદા અને કમાણીના ગણિતની વાત કરીએ તો, લિમિટના નિયમો પણ ખૂબ જ સરળ રાખવામાં આવ્યા છે. એક વ્યક્તિ પોતાના નામે સિંગલ એકાઉન્ટ ખોલાવીને તેમાં વધુમાં વધુ ૯ લાખ રૂપિયા સુધીનું રોકાણ કરી શકે છે, જ્યારે જોઈન્ટ એકાઉન્ટમાં આ મર્યાદા વધારીને મહત્તમ ૧૫ લાખ રૂપિયા સુધીની કરવામાં આવી છે. એકવાર આ રકમ જમા થઈ ગયા પછી તરત જ આગામી મહિનાથી તમને વ્યાજની કમાણી મળવાની શરૂ થઈ જાય છે. આ સ્કીમનો કુલ મેચ્યોરિટી પીરિયડ એટલે કે લોક-ઈન પિરિયડ ૫ વર્ષનો નક્કી કરવામાં આવ્યો છે. ગણતરી કરીને સમજીએ તો, જો તમે જોઈન્ટ એકાઉન્ટ દ્વારા ૧૫ લાખ રૂપિયાનું એકસાથે મહત્તમ રોકાણ કરો છો, તો વર્તમાન ૭.૪ ટકા વ્યાજ દર મુજબ તમને દર મહિને પૂરા ૯,૨૫૦ રૂપિયાની નિશ્ચિત આવક ૫ વર્ષ સુધી સતત મળતી રહેશે. આ રીતે જો ૫ વર્ષની મેચ્યોરિટી પૂરી થાય ત્યાં સુધી માત્ર વ્યાજમાંથી થતી કુલ કમાણી ગણીએ તો તે ૫.૫૫ લાખ રૂપિયા જેટલી મોટી રકમ થઈ જાય છે.

# જળબંબાકાર અમદાવાદમાં અમદાવાદીઓની 'લાઇવ મોજ'

## બ્રિજ નીચે ડાન્સ, રસ્તા પર ખાટલો અને ઘૂંટણસમા પાણીમાં ચા-દૂધની લાઈનો; અમદાવાદીઓની હિંમત અને ઉત્સાહ ચર્ચામાં

**અમદાવાદ, તા.26**

અતિભારે વરસાદના કારણે સમગ્ર અમદાવાદ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. શહેરના મોટાભાગના મુખ્ય રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા અને વાહનોના પૈડાં થંભી જતાં વિષમ પરિસ્થિતિ સર્જાઈ હતી. પરંતુ આવી કપરી અને મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ અમદાવાદીઓએ પોતાનો અનોખો અને જિંદાદિલ મિજાજ જીવંત રાખીને આફતને પણ અવસરમાં ફેરવી દીધી હતી. ક્યાંક બ્રિજ નીચે યુવકોનો રેઈન ડાન્સ જોવા મળ્યો, તો ક્યાંક જળબંબાકાર રસ્તા પર ખાટલો પાથરીને લોકોએ આલીશાન રિસોર્ટ જેવી મજા માણી હતી. આ ઉપરાંત ઘૂંટણસમા પાણી વચ્ચે રસ્તા પર જ વોલીબોલ અને ક્રિકેટ રમીને લોકોએ વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું હતું. મુશ્કેલી ક્ષણોને પણ યાદગાર અને આનંદદાયક બનાવી દેવાની અમદાવાદીઓની આ અનોખી અદાએ સમગ્ર સોશિયલ મીડિયાનું ધ્યાન ખેંચ્યું હતું અને લોકોએ તેમના આ ઉત્સાહ અને હિંમતની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી હતી.

શહેરના ખૂણે-ખૂણેથી એવા અનેક મનોરંજક અને અચરજ પમાડે તેવા દ્રશ્યો સામે આવ્યા હતા જેમાં લોકો વરસાદી પાણીની મજા માણતા જોવા મળ્યા. સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન પાસે આવેલા બ્રિજ નીચે કમર સુધીના પાણી ભરાઈ જવાના કારણે વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું ખૂબ જ મુશ્કેલ બની ગયું હતું. છતાં આસપાસના સ્થાનિક યુવકોએ આ તકનો લાભ લઈને બ્રિજ નીચે કલરફુલ લાઈટિંગ વચ્ચે રેઈન ડાન્સ શરૂ કરી દીધો હતો. બ્રિજ ઉપરથી ધોધની જેમ પડતા પાણી નીચે લોકો નાહવા લાગ્યા હતા અને પાણીમાં ડૂબકીઓ લગાવીને મનોરંજન મેળવતા હતા. ફિલ્મી ગીતોના તાલે ઝૂમીને યુવાનોએ વરસાદની આ ભયાનકતા વચ્ચે પણ યાદગાર ક્ષણો કંડારી લીધી હતી.





આવો જ કંઈક અનોખો નજારો IIM રોડ તરફ જતા માર્ગો પર પણ જોવા મળ્યો હતો, જ્યાં રસ્તાઓ પૂરેપૂરા જળમગ્ન થઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. આવા સમયે કેટલાક લોકોએ પાણી ભરાયેલા રસ્તા પર જ લાકડાનો ખાટલો પાથરી દીધો હતો અને તેના પર આરામથી સૂઈને એવી રીતે આરામ ફરમાવ્યો હતો જાણે કોઈ મોંઘા રિસોર્ટમાં વેકેશન માણી રહ્યા હોય. રસ્તા પર આ રીતે આરામ કરતા લોકોને જોઈને ત્યાંથી પસાર થતા અન્ય વાહનચાલકો અને રાહદારીઓ પણ પોતાના વાહનો રોકીને આ અનોખા નજારાના વીડિયો અને તસવીરો પોતાના મોબાઈલમાં કેપ્ચર કરવા લાગ્યા હતા.

બીજી તરફ નવરંગપુરા અને વિજય ચાર રસ્તા વિસ્તારમાં પણ પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી. રસ્તાઓ પર નદીની જેમ પાણીના તીવ્ર પ્રવાહ વહેતા થતાં નાની ગાડીઓ અને બાઈકો તણાવા લાગ્યા હતા. પરંતુ સ્થાનિક લોકો મુશ્કેલીથી ગભરાવાને બદલે રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ખુલ્લા મેદાનને બદલે પાણી ભરાયેલા રસ્તા પર જ ક્રિકેટ અને વોલીબોલની મેચો જામી હતી. ગુજરાત યુનિવર્સિટી નજીક પણ તમામ રસ્તાઓ જળમગ્ન થઈ ગયા હતા અને શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવાઈ હતી. રસ્તાઓ પર વાહનો બંધ પડી ગયા હતા ત્યારે યુવાનો ઘૂંટણસમા પાણીના છાંટા ઉડાડીને વોલીબોલ રમતા નજરે પડ્યા હતા. આ અનોખી મેચ જોવા માટે આસપાસના લોકોની મોટી ભીડ પણ એકઠી થઈ ગઈ હતી.

પાણી ભરાઈ જવાથી વાહનો બંધ પડી જતાં કેટલાક લોકોએ બોટ અને ઈન્ફ્લેટેબલ પૂલનો સહારો લીધો હતો. માત્ર જરૂરિયાત પૂરતો જ નહીં, પરંતુ કેટલાક સાહસિક યુવકો બોટ લઈને પોતાના આખા વિસ્તારની સફરે નીકળી પડ્યા હતા. સોસાયટીઓમાં એટલા મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયું હતું કે જાણે આખી સોસાયટી સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ ગઈ હોય. એક યુવક તો પોતાના આખા પરિવારને રબરના ઈન્ફ્લેટેબલ પૂલમાં બેસાડીને સોસાયટીમાં ફેરવતો જોવા મળ્યો હતો, જે જોઈને આસપાસના લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બાળકોથી લઈને મોટેરાઓ સુધીના તમામ લોકોએ પોતપોતાની રીતે આ વરસાદને યાદગાર બનાવવાનો પૂરતો પ્રયાસ કર્યો હતો.

અમદાવાદીઓ માટે સવારની ચા એ માત્ર એક પીણું નથી પરંતુ એક લાગણી છે. ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે પણ અમદાવાદીઓની ચા પ્રત્યેની દીવાનગી ઓછી થઈ નહોતી. વહેલી સવારે દૂધ લેવા માટે લોકો પાણીની પરવા કર્યા વગર દુકાનો બહાર લાંબી લાઈનો લગાવીને ઊભા રહ્યા હતા. શેલા વિસ્તારમાં આવેલા ક્લબ O7 પાસે રસ્તાઓ પર નદી જેવા પૂરના પાણી વહેતા હતા, છતાં પુરુષો અને મહિલાઓ ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઈને દૂધની થેલીઓ લેવા માટે શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ઉભેલા જોવા મળ્યા હતા, જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થયો હતો.

જોકે, આ તમામ દ્રશ્યો અમદાવાદીઓના જીવંત અને હસમુખા સ્વભાવને ઉજાગર કરે છે, પરંતુ બીજી બાજુ આ કુદરતી આફતના કારણે અનેક પરિવારોને ભારે આર્થિક અને માનસિક નુકસાન પણ વેઠવું પડ્યું હતું. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ઘરો, દુકાનો અને બેઝમેન્ટમાં પાણી ઘૂસી જવાથી કિંમતી સામાન અને વાહનો ખરાબ થઈ ગયા હતા અને લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. આમ છતાં, સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ દ્રશ્યોએ એ વાત સાબિત કરી દીધી કે પરિસ્થિતિ ગમે તેટલી વિકટ હોય, અમદાવાદીઓ ક્યારેય હિંમત હારતા નથી. દરેક પરિસ્થિતિને પોતાની મસ્તમૌલા શૈલીમાં જીવવાની અને દુઃખ કે મુશ્કેલીને પણ આનંદમાં ફેરવી દેવાની કળા અમદાવાદીઓ ખૂબ સારી રીતે જાણે છે.

# ત્રણ દિવસ બાદ પણ બોપલ- ઘુમા- શેલામાં પાણી: શહેરમાં વરસાદથી ખરાબ

## અનેક જગ્યાએ રોડ બેસી જવા અને ભૂવા પડવાની સ્થિતિ, પાણીનો નિકાલ નહીં

**અમદાવાદ, તા.26**

છેલ્લા 24 કલાકથી અમદાવાદમાં વરસાદે વિરામ લીધો છે ત્યારે શહેરમાં વરસાદ બાદ અનેક જગ્યાએ ભુવા પડવા અને રોડ બેસી જવાની ઘટનાઓ બની છે. પશ્ચિમ વિસ્તારમાં બોપલ, ઘુમા, શેલા અને વેજલપુર વિસ્તારમાં હજી પણ સોસાયટીઓ પાણીમાં ગરકાવ છે. શહેરના બોપલ વિસ્તારમાં આરોહી ક્લબ રોડ પર આવેલા ભાગવત બંગલોઝ સહિત ગામની સોસાયટીઓમાં પણ હજી પણ વરસાદી પાણી ભરાયેલા છે. બોટ મારફતે બંગલોમાં અવરજવર કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર હજી સુધી બંગલા અને રો હાઉસમાંથી પાણીનો નિકાલ કરી શકી નથી.

શહેરના બોપલ વિસ્તારમાં આરોહી ક્લબ રોડ પર ભાગવત બંગલોઝ આવેલા છે. આખી સોસાયટી હજી પણ પાણીમાં ગરકાવ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર પાણીનો નિકાલ કરી શક્યું નથી અને લોકોના ઘરમાં તેમજ વાહનો પાણીમાં ડૂબેલા છે ત્યારે લોકો હેરાન પરેશાન છે. સોસાયટીઓમાં અવર-જવર કરવાના રસ્તાઓ ઉપર હજી પાણી ભરાયેલું છે જેના પગલે લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્રણ દિવસ થઈ ગયા છતાં પણ હજી સુધી બોપલ વિસ્તાર શિવાલય, આયર્મન, ઘુમા ગામ રોડ વિસ્તારમાંથી વરસાદી પાણીનો નિકાલ થઈ શક્યો નથી.



ચામુંડા બ્રિજથી મેમ્કો તરફ જવાના રસ્તે પડ્યો ભૂવો પડ્યો છે. BRTS કોરિડોરની પાસે પડ્યો ભૂવો પડ્યો હોવાને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રએ ભુવાને કોર્ડન કર્યો છે. વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા સરકારી વસાહત પાસે પણ રોડ બેસી જવાની ઘટના બની છે ગટરના ઢાંકણાના મેન હોલની આજુબાજુ આખો રોડ બેસી ગયો છે. જોકે તંત્ર દ્વારા ત્યાં બેરીકેડિંગ કરવામાં આવ્યું નથી. વેજલપુર વિસ્તારમાં સનાતન એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં હજી પણ 5 ફૂટ પાણી ભરાયેલા છે. બેઝમેન્ટ માં હજી પણ 2 કાર ફસાયેલી છે. ડ્રેનેજના પાણી બેક માર્યા એટલે સોસાયટીમાં પાણી ભરાઈ ગયા છે. પાણી નિકાલ માટે તંત્રએ મદદ ન કરી કોઈ વ્યવસ્થા પણ કરી નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે 3 દિવસ વીતી ગયા હજી સુધી કોર્પોરેટર કે ધારાસભ્ય જોવા પણ નથી આવ્યા. જેથી તાત્કાલિક ધોરણે આ તમામ સમસ્યાનું નિવારણ લાવવા માટે સ્થાનિક લોકોની માંગ છે. બોપલ વિસ્તારમાં આવેલા બંગલો અને સોસાયટીઓમાં ભારે વરસાદના કારણે લોકોના ઘરમાં પાણી ઘૂસી જતા પીવાના પાણીની પણ લોકોને તકલીફ પડતી હોવાને લઈ આરોગ્યને ધ્યાનમાં રાખી સવારથી ફાયર બ્રિગેડની મદદથી AMC આરોગ્ય વિભાગ દ્વારા દવાઓનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. લોકો સુધી મદદ પહોંચાડવાની કામગીરી કરવામાં આવી રહી છે જેની સાથે તંત્ર દ્વારા પાણી નિકાલની કામગીરી ફરી શરૂ કરવામાં આવી છે. ઈસ્કોન ગ્રીન વિલા, જલદીપ ત્રણ અને ચાર સહિતના વિસ્તારોમાં આવેલી સોસાયટીમાંથી સવારે પાણીનો નિકાલ કરાયો હતો.

# PG એન્જિનિયરિંગ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર

**અમદાવાદ, તા.26**

રાજ્ય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત 'એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ' (ACPC) દ્વારા અનુસ્નાતક ઈજનેરી (PG Engineering) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડનું સીટ એલોટમેન્ટ (બેઠક ફાળવણી) જાહેર કરી દેવામાં આવ્યું છે. આ રાઉન્ડ અંતર્ગત રાજ્યભરની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓમાં કુલ 1317 વિદ્યાર્થીઓને બેઠકો ઓફર કરવામાં આવી છે. રાજ્યની વિવિધ એન્જિનિયરિંગ કોલેજોમાં કુલ 5244 બેઠકો ઉપલબ્ધ છે, જેમાંથી ACPC હસ્તકની 4312 બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકો માટે કુલ 1935 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાં GATE લાયકાત ધરાવતા ૧૫૪ ઉમેદવારો અને GATE વગરના 1781 ઉમેદવારોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, GATE સિવાયના ઉમેદવારો માટે 27 અને 28 જૂનના રોજ PGCET-2026 પરીક્ષા યોજાઈ હતી. આ બંને પરીક્ષાઓના ગુણના આધારે કુલ 1688 વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં નિયમાનુસાર GATE ક્વોલિફાઇડ ઉમેદવારોને પ્રવેશમાં પ્રાથમિકતા આપવામાં આવી હતી.

પ્રથમ રાઉન્ડમાં બેઠક મેળવનાર વિદ્યાર્થીઓએ પોતાના પ્રવેશને આખરી કરવા માટે 26 જુલાઈ સુધીમાં ઓનલાઈન ટોકન ટ્યુશન ફી ભરી દેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ પ્રથમ રાઉન્ડમાં મળેલી બેઠકથી અસંતોષ ધરાવતા હોય અને વધુ પસંદગીની સંસ્થા કે બ્રાન્ચમાં પ્રવેશ મેળવવા માંગતા હોય, તેઓ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે. પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો માટે બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ 27થી 29 જુલાઈ દરમિયાન ઓનલાઈન સંમતિ (Consent) આપવાની રહેશે અને નવી ચોઈસ ફિલિંગ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

# સાયન્સ સિટીમાં સસ્તામાં ફ્લેટ આપવાના નામે રૂ.11 લાખની છેતરપિંડી:

## કથિત બિલ્ડરે મહિલાને 25 લાખમાં ફ્લેટ અપાવવાનું કહી પૈસા પડાવ્યા

**અમદાવાદ, તા.26**

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા એક મહિલા સાથે સાયન્સ સિટી જેવા પોશ વિસ્તારમાં સસ્તા ભાવે ફ્લેટ અપાવવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપી કથિત બિલ્ડરે મહિલાને રૂ. 25 લાખમાં ફ્લેટ આપવાનું વચન આપીને વિગતે વાતચીત કરી વિશ્વાસમાં લીધા હતા અને ત્યારબાદ અલગ-અલગ હપ્તેથી કુલ રૂ. 11 લાખની રકમ પડાવી લીધી હતી. આ સમગ્ર મામલે ભોગ બનનાર કંચનબેન કુરાનીએ સોલા પોલીસ સ્ટેશનમાં આરોપી સામે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે. ચોંકાવનારી વાત એ છે કે આ છેતરપિંડી આચરનાર આરોપી વિરમસિંહ રાઠોડ કોઈ નવો અજ્ઞાત ગુનેગાર નથી, પરંતુ અગાઉ પણ સરકારી આવાસ યોજનાના નિર્દોષ લાભાર્થીઓ સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરવા બદલ પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

ઘટનાની વિગતો અનુસાર, આશરે ત્રણ વર્ષ અગાઉ કંચનબેનના એક ઓળખીતા વ્યક્તિએ તેમના ઘરે આવીને સાયન્સ સિટી વિસ્તારમાં આવેલા હેતાર્થ પાર્ટી પ્લોટ પાસે ચાલતી એક નવી હાઉસિંગ સ્કીમમાં રોકાણ કરવા અંગે વાત કરી હતી. સાયન્સ સિટી જેવા પ્રાઈમ લોકેશન પર પ્રમાણમાં ખૂબ જ ઓછા ભાવે ફ્લેટ મળી રહ્યો હોવાથી કંચનબેને તેમાં રસ દાખવ્યો હતો. આ પછી તે ઓળખીતા વ્યક્તિએ કંચનબેનનો સંપર્ક વિરમસિંહ રાઠોડ નામના વ્યક્તિ સાથે કરાવ્યો હતો. વિરમસિંહે પોતાની જાતને એક નામાંકિત બિલ્ડર તરીકે ઓળખાવી હતી અને પોતાની નવી શરુ થયેલી સ્કીમનું રંગીન બ્રોશર બતાવીને કંચનબેનને પૂરો વિશ્વાસ અપાવ્યો હતો કે તેમને માત્ર રૂ. 25 લાખની રાહત દરે ફ્લેટ ફાળવી દેવામાં આવશે.

બિલ્ડરની વાતોમાં આવીને કંચનબેને ફ્લેટ બુક કરાવવાનું નક્કી કર્યું હતું અને શરૂઆતમાં ટોકન પેટે રૂ. 1 લાખની રોકડ રકમ વિરમસિંહને સોંપી દીધી હતી. ત્યારબાદ સમય જતાં વિરમસિંહે બાંધકામ અને બુકિંગના બહાને કટકે-કટકે કરીને કંચનબેન પાસેથી કુલ રૂ. 11 લાખ જેટલી મોટી રકમ મેળવી લીધી હતી. આટલી માતબર રકમ હાથમાં આવી ગયા પછી વિરમસિંહે કંચનબેનને ચોક્કસ ખાતરી આપી હતી કે આગામી છ મહિનાની અંદર જ ફ્લેટનું તમામ કામ પૂર્ણ કરીને પઝેશન સોંપી દેવામાં આવશે. જોકે, છ મહિનાનો નિર્ધારિત સમયગાળો વિતી ગયા પછી પણ મકાનનું પઝેશન આપવાની કોઈ હિલચાલ દેખાઈ નહોતી. જ્યારે પણ કંચનબેન અવારનવાર પઝેશન અંગે પૂછપરછ કરતા ત્યારે વિરમસિંહે સંતોષકારક જવાબો આપવાનું ટાળી દીધું હતું અને ધીમે ધીમે સંપર્ક કાપવાનું શરૂ કરી દીધું હતું.

લાંબો સમય વિતી જવા છતાં ફ્લેટનો કબજો ન મળતાં અને બિલ્ડરનો ગોળગોળ જવાબ મળતાં કંચનબેનને શંકા ગઈ હતી. જેથી તેમણે પોતાના સ્તરે આ સ્કીમ અને વિરમસિંહ રાઠોડ અંગે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન તેમના પગ તળેથી જમીન સરકી ગઈ હતી, કારણ કે તેમને જાણવા મળ્યું કે આરોપી વિરમસિંહ રાઠોડ વિરુદ્ધ અગાઉ પણ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સરકારી આવાસ યોજના હેઠળ સસ્તા મકાનો અપાવવાના બહાને નાણાં હડપ કરી લેવાની અનેક ગંભીર ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




